| રાહુ | ૧।। વર્ષ | મિથુન | ધન | કુંભ | ૧૫ મો અંશ | ૧૫ મો અંશ | ૭ | ૪-૮ | ૯-૫ | ૩-૧૦ | કન્યા | બુ-શુ-શ | ગુ | સૂ-ચં-મં | ૧૮ દિવસ |
| કેતુ | ૧।। વર્ષ | ધન | મિથુન | સિંહ | ૧૫ મો અંશ | ૧૫ મો અંશ | ૭ | ૪-૮ | ૯-૫ | ૩-૧૦ | મીન | — | — | — | — |

| ગ્રહો | દિશાસ્વામિ | પર્યાય શબ્દો | ગ્રહોનો સંક્રાન્તિ કાળ | ગોચરથી શુભ ગ્રહો | ગોચરથી અશુભ ગ્રહો | સૂર્યથી ગ્રહોની અસ્તતા | દરેક ગ્રહના જન્મ-નક્ષત્રો પાકશ્રીકાતે | લલ્લમતે |
|---|---|---|---|---|---|---|---|---|
| સૂર્ય | પૂર્વ | રવિ, ભાસ્કર | ૧૬ ઘડી | ૩-૬-૧૦-૧૧ | ૧-૨-૪-૫-૭-૮-૯-૧૨ | | અશ્વિની-ભરણી | વિશાખા |
| ચંદ્ર | વાયવ્ય | શિતાંશુ, શશિ | ૧ ઘડી - ૪ પળ | ૧-૩-૬-૭-૧૦-૧૧ | ૨-૪-૫-૮-૯-૧૨ | સૂર્યથી ૧૨ અંશ | ચિત્રા | કૃત્તિકા |
| મંગળ | દક્ષિણ | ભુમિસુત-કુજ-આર | ૪ ઘડી ૬ પળ | ૩-૬-૧૧ | ૧-૨-૪-૫-૭-૮-૯-૧૦-૧૨ | સૂર્યથી ૧૭ અંશ | ઉત્તરાષાઢા | પૂર્વાષાઢા |
| બુધ | ઉત્તર | જ્ઞ | ૩ ઘડી ૧૪ પળ | ૨-૪-૬-૮-૧૦-૧૧ | ૧-૩-૫-૭-૯-૧૨ | સૂર્યથી ૧૩ અંશ | ધનિષ્ઠા | શ્રવણ |
| ગુરૂ | ઈશાન | બૃહસ્પતિ | ૪ ઘડી - ૩૭ પળ | ૨-૫-૭-૯-૧૧ | ૧-૩-૪-૬-૮-૧૦-૧૨ | સૂર્યથી ૧૧ અંશ | ઉત્તરાફાલ્ગુનિ | પૂર્વાફાલ્ગુની |
| શુક્ર | અગ્નિ | શિ | ૪ ઘડી - ૭ પળ | ૧-૨-૩-૪-૫-૮-૯-૧૧-૧૨ | ૬-૭-૧૦ | સૂર્યથી ૯ અંશ | જ્યેષ્ઠા | પુષ્ય |
| શનિ | પશ્ચિમ | સૂર્યજ-મંદ | ૮૨ ઘડી - ૭ પળ | ૩-૬-૧૧ | ૧-૨-૪-૫-૭-૮-૯-૧૦-૧૨ | સૂર્યથી ૧૪(૧૫) અંશ | રેવતી | રેવતિ |
| રાહુ | નૈઋત્ય | | | ૧-૩-૬-૯-૧૦-૧૧ | ૨-૪-૫-૭-૮-૧૨ | ★ | | |
| કેતુ | | | | | | | | |

સંક્રાતિના - કાળથી આગળ પાછળની તેટલ ઘડીઓ તજવી

**સમજ :** જે ગ્રહનું ફળ જોવું હોય તે ગ્રહ પંચાંગમાં કઈ રાશિ ઉપર છે એ નક્કી કર્યા પછી પોતાની જન્મરાશિથી અથવા નામરાશિથી તે ગ્રહ કેટલામી રાશિ ઉપર છે. તે જોઈ શુભાશુભનો વિચાર કરવો.

★ સૂર્યની આગળની કે પાછળની રાશિમાં ઉપરની સંખ્યા સુધી ગ્રહો અસ્ત રહે છે.

મૂળાંક ઉપરથી આય-નક્ષત્ર અને વ્યય જાણવા માટે કોષ્ટક [ક્ષેત્રફળ ÷ ૨૧૬ શેષ = મૂળાંક] ૦ = શ્રેષ્ઠ, ૦ = શુભ, ૦ = [illegible]

| અંક | આય | અંક | આય | અંક | આય | અંક | આય | અંક | આય | અંક | આય | અંક | આય | અંક | આય | નક્ષત્ર | વ્યય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધ્વજ | ૨૮ | શ્વાન | ૫૫ | ગજ | ૮૨ | ધૂમ | ૧૦૯ | વૃષભ | ૧૩૬ | કાક | ૧૬૩ | સિંહ | ૧૯૦ | ખર | પુષ્ય | ચિંતા |
| ૨ | ધૂમ | ૨૯ | વૃષભ | ૫૬ | કાક | ૮૩ | સિંહ | ૧૧૦ | ખર | ૧૩૭ | ધ્વજ | ૧૬૪ | શ્વાન | ૧૯૧ | ગજ | વિશાખા | ચિંતા |
| ૩ | સિંહ | ૩૦ | ખર | ૫૭ | ધ્વજ | ૮૪ | શ્વાન | ૧૧૧ | ગજ | ૧૩૮ | ધૂમ | ૧૬૫ | વૃષભ | ૧૯૨ | કાક | શતભિષા | ચિંતા |
| ૪ | શ્વાન | ૩૧ | ગજ | ૫૮ | ધૂમ | ૮૫ | વૃષભ | ૧૧૨ | કાક | ૧૩૯ | સિંહ | ૧૬૬ | ખર | ૧૯૩ | ધ્વજ | મૃગ | મનો. |
| ૫ | વૃષભ | ૩૨ | કાક | ૫૯ | સિંહ | ૮૬ | ખર | ૧૧૩ | ધ્વજ | ૧૪૦ | શ્વાન | ૧૬૭ | ગજ | ૧૯૪ | ધૂમ | હસ્ત | મનો. |
| ૬ | ખર | ૩૩ | ધ્વજ | ૬૦ | શ્વાન | ૮૭ | ગજ | ૧૧૪ | ધૂમ | ૧૪૧ | વૃષભ | ૧૬૮ | કાક | ૧૯૫ | સિંહ | ઉ.ષાઢા | મનો. |
| ૭ | ગજ | ૩૪ | ધૂમ | ૬૧ | વૃષભ | ૮૮ | કાક | ૧૧૫ | સિંહ | ૧૪૨ | ખર | ૧૬૯ | ધ્વજ | ૧૯૬ | શ્વાન | ભરણી | પૌર |
| ૮ | કાક | ૩૫ | સિંહ | ૬૨ | ખર | ૮૯ | ધ્વજ | ૧૧૬ | શ્વાન | ૧૪૩ | ગજ | ૧૭૦ | ધૂમ | ૧૯૭ | વૃષભ | મઘા | પૌર |
| ૯ | ધ્વજ | ૩૬ | શ્વાન | ૬૩ | ગજ | ૯૦ | ધૂમ | ૧૧૭ | વૃષભ | ૧૪૪ | કાક | ૧૭૧ | સિંહ | ૧૯૮ | ખર | જ્યેષ્ઠા | પૌર |
| ૧૦ | ધૂમ | ૩૭ | વૃષભ | ૬૪ | કાક | ૯૧ | સિંહ | ૧૧૮ | ખર | ૧૪૫ | ધ્વજ | ૧૭૨ | શ્વાન | ૧૯૯ | ગજ | ઉ.ભાદ્ર. | પૌર |
| ૧૧ | સિંહ | ૩૮ | ખર | ૬૫ | ધ્વજ | ૯૨ | શ્વાન | ૧૧૯ | ગજ | ૧૪૬ | ધૂમ | ૧૭૩ | વૃષભ | ૨૦૦ | કાક | પુનર્વ. | વિભવ |
| ૧૨ | શ્વાન | ૩૯ | ગજ | ૬૬ | ધૂમ | ૯૩ | વૃષભ | ૧૨૦ | કાક | ૧૪૭ | સિંહ | ૧૭૪ | ખર | ૨૦૧ | ધ્વજ | સ્વાતિ | વિભવ |
| ૧૩ | વૃષભ | ૪૦ | કાક | ૬૭ | સિંહ | ૯૪ | ખર | ૧૨૧ | ધ્વજ | ૧૪૮ | શ્વાન | ૧૭૫ | ગજ | ૨૦૨ | ધૂમ | ધનિષ્ઠા | વિભવ |
| ૧૪ | ખર | ૪૧ | ધ્વજ | ૬૮ | શ્વાન | ૯૫ | ગજ | ૧૨૨ | ધૂમ | ૧૪૯ | વૃષભ | ૧૭૬ | કાક | ૨૦૩ | સિંહ | રોહિણી | ક્રિયા |
| ૧૫ | ગજ | ૪૨ | ધૂમ | ૬૯ | વૃષભ | ૯૬ | કાક | ૧૨૩ | સિંહ | ૧૫૦ | ખર | ૧૭૭ | ધ્વજ | ૨૦૪ | શ્વાન | ઉ.ફા. | ક્રિયા |
| ૧૬ | કાક | ૪૩ | સિંહ | ૭૦ | ખર | ૯૭ | ધ્વજ | ૧૨૪ | શ્વાન | ૧૫૧ | ગજ | ૧૭૮ | ધૂમ | ૨૦૫ | વૃષભ | પૂ.ષા. | ક્રિયા |
| ૧૭ | ધ્વજ | ૪૪ | શ્વાન | ૭૧ | ગજ | ૯૮ | ધૂમ | ૧૨૫ | વૃષભ | ૧૫૨ | કાક | ૧૭૯ | સિંહ | ૨૦૬ | ખર | અશ્વિની | શાંત |
| ૧૮ | ધૂમ | ૪૫ | વૃષભ | ૭૨ | કાક | ૯૯ | સિંહ | ૧૨૬ | ખર | ૧૫૩ | ધ્વજ | ૧૮૦ | શ્વાન | ૨૦૭ | ગજ | અશ્લેષા | શાંત |
| ૧૯ | સિંહ | ૪૬ | ખર | ૭૩ | ધ્વજ | ૧૦૦ | શ્વાન | ૧૨૭ | ગજ | ૧૫૪ | ધૂમ | ૧૮૧ | વૃષભ | ૨૦૮ | કાક | અનુ. | શાંત |
| ૨૦ | શ્વાન | ૪૭ | ગજ | ૭૪ | ધૂમ | ૧૦૧ | વૃષભ | ૧૨૮ | કાક | ૧૫૫ | સિંહ | ૧૮૨ | ખર | ૨૦૯ | ધ્વજ | પૂ.ભાદ્ર. | શાંત |
| ૨૧ | વૃષભ | ૪૮ | કાક | ૭૫ | સિંહ | ૧૦૨ | ખર | ૧૨૯ | ધ્વજ | ૧૫૬ | શ્વાન | ૧૮૩ | ગજ | ૨૧૦ | ધૂમ | આર્દ્રા | શ્રીવ. |
| ૨૨ | ખર | ૪૯ | ધ્વજ | ૭૬ | શ્વાન | ૧૦૩ | ગજ | ૧૩૦ | ધૂમ | ૧૫૭ | વૃષભ | ૧૮૪ | કાક | ૨૧૧ | સિંહ | ચિત્રા | શ્રીવ. |
| ૨૩ | ગજ | ૫૦ | ધૂમ | ૭૭ | વૃષભ | ૧૦૪ | કાક | ૧૩૧ | સિંહ | ૧૫૮ | ખર | ૧૮૫ | ધ્વજ | ૨૧૨ | શ્વાન | શ્રવણ | શ્રીવ. |
| ૨૪ | કાક | ૫૧ | સિંહ | ૭૮ | ખર | ૧૦૫ | ધ્વજ | ૧૩૨ | શ્વાન | ૧૫૯ | ગજ | ૧૮૬ | ધૂમ | ૨૧૩ | વૃષભ | કૃત્તિકા | પ્રદ્યોત |
| ૨૫ | ધ્વજ | ૫૨ | શ્વાન | ૭૯ | ગજ | ૧૦૬ | ધૂમ | ૧૩૩ | વૃષભ | ૧૬૦ | કાક | ૧૮૭ | સિંહ | ૨૧૪ | ખર | પૂ.ફાલ્ગુ. | પ્રદ્યોત |
| ૨૬ | ધૂમ | ૫૩ | વૃષભ | ૮૦ | કાક | ૧૦૭ | સિંહ | ૧૩૪ | ખર | ૧૬૧ | ધ્વજ | ૧૮૮ | શ્વાન | ૨૧૫ | ગજ | મૂળ | પ્રદ્યોત |
| ૨૭ | સિંહ | ૫૪ | ખર | ૮૧ | ધ્વજ | ૧૦૮ | શ્વાન | ૧૩૫ | ગજ | ૧૬૨ | ધૂમ | ૧૮૯ | વૃષભ | ૨૧૬ | કાક | રેવતિ | પ્રદ્યોત |
| ૧ થી ૨૭ | | ૨૮ થી ૫૪ | | ૫૫ થી ૮૧ | | ૮૨ થી ૧૦૮ | | ૧૦૯ થી ૧૩૫ | | ૧૩૬ થી ૧૬૨ | | ૧૬૩ થી ૧૮૯ | | ૧૯૦ થી ૨૧૬ | | | |

# મુહૂર્ત વિચાર

**૧. વસ્ત્રના મુહૂર્તો :**

**વાર :** બુધ, ગુરૂ, શુક્ર

**નક્ષત્રો :** ધનિષ્ઠા, રેવતી, અશ્વિની, પુષ્ય, પુનર્વસુ, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, વિશાખા, રોહિણી, ઉત્તરાષાઢા, ★, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરભાદ્રપદ આમાંના કોઈ નક્ષત્ર અને વારનો સાથેજ યોગ હોય તો નવા વસ્ત્ર કાઢી શકાય છે... ફાટેલું વસ્ત્ર અથવા બળેલું વસ્ત્ર હોય તો વસ્ત્રના આ નીચે જણાવ્યા મુજબ નવ ભાગ કરવા અને તેમા દરેક ભાગમાં દેવ આદિની કલ્પના કરવી.

જો દેવ ભાગમાં વસ્ત્ર બળેલું અથવા ફાટેલું હોય તો ઘણુંજ શ્રેષ્ઠ છે. મનુષ્ય ભાગમાં હોય તો શ્રેષ્ઠ છે. અસુર ભાગમાં હોય તો અધમ છે અને રાક્ષસ ભાગમાં હોય તો અતિ અધમ છે. જો ભોગવેલું વસ્ત્ર ન હોય તો અશુભ-ફળ વધારે થાય છે અને ભોગવેલું હોય તો અશુભફળ ઓછું થાય છે... કામળી માટે રવિવાર પણ શુભ છે...

**સ્થાપના યંત્ર**

| | | |
|---|---|---|
| દેવ (શ્રેષ્ઠતમ)<br>મનુષ્ય (શ્રેષ્ઠ)<br>દેવ (શ્રેષ્ઠતમ | અસુર (અધમ)<br>રાક્ષસ (અતિઅધમ)<br>અસુર (અધમ) | દેવ (શ્રેષ્ઠતમ)<br>મનુષ્ય શ્રેષ્ઠ<br>દેવ (શ્રેષ્ઠતમ) |

**૨. પાત્રા મુહૂર્ત :**

**વાર :** ગુરૂ, સોમ

**નક્ષત્રો :** અશ્વિની, ચિત્રા, અનુરાધા, રેવતી, મૃગશિર, હસ્ત, પુષ્ય... આમાંના વાર નક્ષત્રોનો સાથે યોગ હોય ત્યારે પાત્રા નવા કાઢી શકાય છે...

**૩. લોચના મુહૂર્તો :**

**વાર :** રવિ, સોમ, બુધ, ગુરૂ, શુક્ર...

**નક્ષત્રો : ઉત્તમ :** પુનર્વસુ, પુષ્ય, શ્રવણ, ધનિષ્ઠા...

**મધ્યમ :** અશ્વિની, રાહિણી, મૃગશિર, આર્દ્રા, ઉત્તર ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, ઉત્તરાષાઢા, અભિજિત, સ્વાતિ, ★, શતભિષા, પૂર્વ ભાદ્રપદ, ઉત્તર ભાદ્રપદ, રેવતિ, આમાંના વાર નક્ષત્રના યોગમાં લોચ થઈ શકે છે...

**તિથિ :** ૪, ૯, ૧૪, ૬, ૮, ૦।। વર્જ્ય છે...

**૪. વિદ્યારંભ માટે**

**વાર :** રવિ, બુધ, ગુરૂ, શુક્ર...

**નક્ષત્રો : પૂર્વફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વભાદ્રપદ, અશ્વિની, મૂલ, મૃગ, પુનર્વસુ, પુષ્ય, આર્દ્રા, હસ્ત, ચિત્રા, સ્વાતિ, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, અશ્લેષા, આમાંના વાર નક્ષત્રોના યોગમાં વિદ્યારંભ થઈ શકે છે...**

**૫. નંદિ - નાણ અને પ્રથમ ગોચરી માટેના મુહૂર્તો :**

**વાર : રવિ, સોમ, બુધ, ગુરૂ, શુક્ર**

**નક્ષત્રો : ઉત્તરફાલ્ગુન, ઉત્તરાષાઢા, ઉત્તરભાદ્રપદ, અશ્વિની, રોહિણી, મૃગશિર, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા,** સ્વાતિ, અનુરાધા, અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, રેવતિ...

**૬. ઔષધ માટે :**

**વાર :** રવિ, સોમ, બુધ, ગુરૂ, શુક્ર...

**નક્ષત્રો : મૃગશિર, શતભિષા, અનુરાધા, ધનિષ્ઠા, શ્રવણ, રેવતી, પુષ્ય, અશ્વિની, મૂલ, હસ્ત, ચિત્રા, પુનર્વસુ,** સ્વાતિ...

**૭. સાધુ કાળધર્મ પામે ત્યારે પૂતળાં મૂકવાના નક્ષત્રો :**

**એક પુતળા માટેના નક્ષત્રો :** પૂર્વફાલ્ગુન, પૂર્વાષાઢા, પૂર્વભાદ્રપદ, અશ્વિની, મૂલ, કૃત્તિકા, શ્રવણ, ધનિષ્ઠા, હસ્ત, ચિત્રા, મઘા, પુષ્ય, અનુરાધા, રેવતી, મૃગશિર...

**બે પુતળાં માટેના નક્ષત્રો :** ઉત્તરફાલ્ગુન, ઉત્તરાષાઢા, ઉત્તરભાદ્રપદ, રોહિણી, પુનર્વસુ, વિશાખા, બાકીના નક્ષત્રોમાં પુતળાં મૂકવાના નથી...

**૮. વિજયાદિ મુહૂર્તો :**

૧. **વિજય મુહૂર્ત :** મધ્યાહ્ન પહેલાંની ૨૪ મિનિટ અને તેની પછીની ૨૪ મિનિટના સમયને વિજયમુહૂર્ત કહેવાય છે. પ્રતિષ્ઠામાં મધ્યાહ્ન પહેલાંની ૧૦ પળો વર્જ્ય છે અને દીક્ષામાં પહેલાંની અને પછીની ૧૦-૧૦ પળો વર્જ્ય છે.
૨. **ઉષામુહૂર્ત :** રાત્રી જ્યારે પાછલી ૫ ઘડી બાકી હોય ત્યારે ઉષાકાળ થાય છે અને તેમાં પ્રયાણકરવું શુભ છે...
૩. **ગોધૂલી મુહૂર્ત :** દિવસની પાછલી ૫ ઘડી બાકી હોય ત્યારે સંધ્યાકાળ થાય છે તેને ગોધૂલી કહેવાય છે તેમાં પ્રયાણ કરવું શુભ છે...

**લગ્નશુદ્ધી સંબંધી :**

પાપગ્રહ યુક્ત લગ્ન નવમાંશ શુભકાર્યોમાં લેવાય નહી. પરંતુ પાપગ્રહ એટલે મંગળ, શનિ સમજવા નહિ. પાપગ્રહ એટલે પ્રતિકૂળગ્રહ કે જે દરેક લગ્નમાટે જુદા-જુદા હોઈ શકે છે. કર્ક, સિંહ, મેષ, વૃશ્ચિક લગ્ન માટે મંગળ પાપગ્રહ નથી તુલા, વૃષભ, કુંભ, મકર લગ્ન માટે શનિ એ પાપગ્રહ નથી. [મુ. શ્રી. હરિભદ્ર વિજયજી]

## પ્રયાણ - પ્રવેશ અને પ્રસ્થાન મુહૂર્તો

**પ્રયાણમાં તિથિઓ :** ૧, ૨, ૩, ૫, ૭, ૧૦, ૧૧, ૧૩ શુભ...

૧. પક્ષરન્ધ્ર, છિદ્ર, ક્ષય, વૃદ્ધિ, દગ્ધ, ક્રૂર, મૃત્યુદા આ તિથિઓ અશુભ છે અને વર્જ્ય છે. ૧૫ પણ વર્જ્ય છે...
૨. રિક્તા તિથિની બલવતા : ૪, ૯, ૧૪ આ તિથિઓ અને શનિવારનો યોગ થાય તો એક કામે નીકળેલો સો કામ કરીને આવે છે...

[નારચન્દ્ર ટિપ્પણનો ઉતારો, દિ. શુ. દિ. પેઈજ-૨૪૦]

**વાર :** સોમ, મંગળ બુધ, ગુરૂ, શુક્ર આ વારો શુભ છે. પરંતુ બુધવારે ૧, ૮, ૯, ૧૪, તિથિ હોય તે અશુભ છે. તથા વાર ને આશ્રીને થતું દિક્શુલ, વિદિક્શુલ પણ તજવું... બુધવાસી, બુધચાસી, બુધગામ ન જાસી...

૩. નક્ષત્રો :

૧. પુષ્ય, અશ્વિની, મૃગશિર, હસ્ત, રેવતી, શ્રવણ આટલા નક્ષત્રો સર્વાદીક્ છે અને શુભ છે...
૨. પુષ્ય, અશ્વિની, મૃગશિર, હસ્ત, રેવતી, શ્રવણ, પુનર્વસુ, અનુરાધા, ધનિષ્ઠા આટલા ઉત્તમ છે (જયે. મુલ દિ-શુ-પૃષ્ઠ ૪૬૭)
૩. ઉત્તરફાલ્ગુન, ઉત્તરાષાઢા, ઉત્તરભાદ્રપદ, રોહિણી, જ્યેષ્ઠા, મૂલ., શતભિષા, પૂર્વફાલ્ગુન, પૂર્વાષાઢા, પૂર્વભાદ્રપદ આટલા મધ્યમ છે. (શ્ર. ધ. ચિ. સ્વા. દિ. શુ. પૃ. ૪૬૭)
૪. કૃત્તિકા, ભરણી, વિશાખા, અશ્લેષા, મઘા, આર્દ્રા, ચિત્રા, સ્વાતિ, આટલા નક્ષત્રો અધમ છે... (ત્રણ ઉત્તરા- દિ.-શુ.-પૃષ્ઠ ૪૬૭)
૫. અભિજિત નક્ષત્ર યાત્રામાં શ્રેષ્ઠ છે. (દિનશુદ્ધિ દિપીકા પે. ૨૭૭)

**૪. ફાકડું :**

બિહાર તથા પ્રવેશમાં ફાંકડું અવશ્ય તજવા યોગ્ય છે.

૬. યાત્રામાં અને પ્રવેશમાં પરિઘ, નક્ષત્ર શુલ આદિ તજવું જોઈએ, પરંતુ સર્વાદિક્ નક્ષત્રોમાં પરિઘાદિ કંઈપણ નડતું નથી... વળી સર્વાદિક્ નક્ષત્રો સર્વકાલિક પણ છે.
૭. ''उत्तरहत्था दक्खिणचित्ता, पुव्वा रोहिणी, सुण रे पुत्ता। पच्छिम सवणा म करीस गमणा, हरिहर बंभ पुरंदर मरणा॥'' હસ્ત નક્ષત્રમાં ઉત્તરમાં, ચિત્રા હોય ત્યારે દક્ષિણમાં, રોહિણી હોય તો પૂર્વમાં અને શ્રવણ હોય તો પશ્ચિમમાં ગમન ન કરવું...

**૫. ચંદ્ર તારા અને યોગ :**

૧. જન્મનો ચંદ્ર અને તારા પ્રયાણમાં વર્જ્ય છે. પરંતુ પ્રવેશમાં અતિશુભ છે. તારાનું બલ પ્રયાણમાં અવશ્ય ગણવું...
૨. બુધવારે - શતભિષા, અનુરાધા ગુરૂવારે - પુષ્ય, પુર્નવસુ તથા શુક્રવારે ૨, ૫, ૧૦, ૧૩ તિથિઓ ગમનમાં શુભ છે...
૩. શનિ અને રોહિણીથી થતો અમૃતસિદ્ધી અને નવમો રવિ યોગ સર્વ કાર્યમાટે શુભ હોવા છતાં યાત્રામાં ખાસ વર્જ્ય છે...
૪. ચંદ્ર યાત્રામાં સન્મુખ વધારે શ્રેષ્ઠ છે. અને પ્રવેશમાં જમણો વધારે શ્રેષ્ઠ છે...
(सन्मुखस्तु अतिशोभनः - આ. સિ. વિ. ૪ શ્લો. ૧૫)
૫. સૂર્ય જમણો તથા પાછળ હોય તો શુભ અને બુધ, મંગળ તથા શુક્ર પ્રયાણ પ્રવેશમાં તજવો
(દી. દી. પૃ. ૩૦૦ આ. સિ. ભા. પૃ. ૨૦૨-૨૦૩)
૬. પ્રયાણમાં કાળશૂલ, નક્ષત્રશૂલ, દિક્શૂલ, યમઘંટાદી અશુભ યોગો પરિઘનું પૂર્વાર્ધ વિષ્ટિ અને યોગીનીનો અશુભ વિભાગ વગેરેનો ત્યાગ કરવો...

**લગ્નશુદ્ધિ યાત્રામાં :**

૧. યાત્રામાં પ્રાયઃ ચર લગ્ન લેવું.
૨. યાત્રામાં જન્મ લગ્ન શુભ છે.
૩. જન્મ રાશિનું લગ્ન હોય તો યાત્રામાં શુભ નથી. (રત્નમાલાના મતે તો જન્મ રાશિના લગ્નમાં યાત્રા શુભ કહી છે.)
૪. જન્મના ચંદ્રથી અને જન્મ લગ્નથી જે આઠમું અને છઠ્ઠું લગ્ન હોય તે યાત્રામાં તજવા યોગ્ય છે.
૫. કર્ક, વૃશ્ચિક અને મીનનું લગ્ન હોય અને તેનો નવાંશ હોય તો તે વખતે પ્રયાણ કરવું નહી તથા-
૬. યાત્રામાં લગ્નમાં રહેલો ગ્રહ જે દિવસે બળવાન હોય તો રાત્રે પ્રયાણ ન કરવું અને રાત્રે બલવાન હોય તો દિવસે પ્રયાણ કરવું નહી તથા-
૭. કુંભ લગ્નને તેનું નવાંશ પણ યાત્રામાં લેવો નહી એમ રત્નમાલામાંપણ કહ્યું છે. -
૮. સૌમ્યસ્વામિના લગ્નમાં પ્રયાણ કરવાથી કાર્યસિદ્ધી થાય છે.
૯. યાત્રામાં શનિ સૂર્ય, ચંદ્ર અને મંગળનાં નવાંશ અશુભ છે. લગ્નની જેમ દ્વાદશાંશ શુભાશુભ જાણવો અને નવાંશની જેમ ત્રીશાંશ શુભાશુભ જાણો...
૧૦. જે ગ્રહનું જન્મ નક્ષત્ર કુગ્રહ ઉલ્કાદિએ કરીને પિડીત હોય તે ગ્રહ પણ યાત્રા લગ્નની કુંડલીમાં લગ્નમાં હોય તો શુભ નથી...
૧૧. જન્મલગ્ન અને જન્મરાશિની અપેક્ષાએ ઉપચય એટલે (૩, ૬, ૧૦, ૧૧) માં સ્થાનમાં રહેલી રાશિઓ યાત્રામાં શુભ છે. તે સિવાય બીજા સ્થાનમાં હોય તો તેમાં યાત્રા કરવી શુભ નથી.

**યાત્રામાં શુભ ગ્રહ સ્થાનો :**

| | | |
|---|---|---|
| **સૂર્ય** | : | ૩, ૬, ૧૦, ૧૧ |
| **ગુરૂ** | : | ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧ |
| **ચંદ્ર** | : | ૨, ૩, ૪, ૫, ૭, ૯, ૧૦, ૧૧ |
| **શુક્ર** | : | ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૯, ૧૦, ૧૧ |
| **મંગળ** | : | ૩, ૬, ૧૦, ૧૧ |
| **શનિ** | : | ૩, ૬, ૧૧ |
| **બુધ** | : | ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧ |
| **રાહુ** | : | ૩, ૬, ૧૦, ૧૧ |

**નક્ષત્ર શૂલ**

પૂર્વ - પશ્ચિમ - ઉત્તર - દક્ષિણ
જયે - રોહિણી, ઉ. ફાલ્ગુ. - ધનિ.
પૂ. ષા. - મૂલ (હસ્ત) - પૂ. ભા.
ઉ. ષા. - (પુષ્ય) - શ્રવણ, વિશાખા

**દિક્ વિદિક્શૂલ યંત્ર**




**કાલ શૂલ**




**તિથિને આશ્રયીને યોગિની**




૧. જે વારે જે દિશામાં દિક્શુલાદી હોય તે વારે તે દિશામાં જવું સારૂં નથી.
૨. કાલશૂલમાં સન્મુખ જવું નહી...
૩. યોગીની ડાબી અને પાછળ શુભ અને જમણી તથા સન્મુખ અશુભ છે.

**તાત્કાલિક યોગીની :** જે તિથિએ જે દિશામાં યોગીની હોય, તે તિથિએ તે દિશામાં ૪ ઘડી રહે છે. પછી અનુક્રમે એટલે કે પૂર્વ, ઉત્તર, અગ્નિ, નૈઋત્ય, દક્ષિણ, પશ્ચિમ, વાયવ્ય, ઈશાન આ દરેક દિશામાં ૪-૪ ઘડી ફરે છે. આ તાત્કાલિક યોગીનીનો ત્યાગ કરવો.

**પરિઘ યંત્ર**




**૧. સમજુતી :**

આ અગ્નિ યાને વાયવ્યનો પરિઘ ઉલ્લંઘવા યોગ્ય નથી, એટલેજ કે ધનિષ્ઠાદિ ચૌદ નક્ષત્રોમાં ઉત્તર અને પૂર્વમાં જવું અને મઘા આદિ ચૌદ નક્ષત્રોમાં દક્ષિણ અને પશ્ચિમમાંજ જવું પણ ઉત્તર અને પૂર્વ દ્વારવાળા નક્ષત્રોમાં દક્ષિણ-પશ્ચિમ દ્વારવાળા નક્ષત્રોમાં ગમન કરવું શુભ નથી. તેમાં પણ પરસ્પર સ્વજનરૂપ નક્ષંત્રો કે જે પરિઘના એક ભાગમાંજ રહેલાં છે. તેની બન્ને દિશાનાં તે તે નક્ષત્રો યાત્રામાં મધ્યમ છે. એટલે કે ધનિષ્ઠાદિ સાત નક્ષત્રોના કૃત્તિકાદિ સાત નક્ષત્રો સ્વજન થાય છે... અને કૃત્તિકાદિ સાત નક્ષત્રોના ધનિષ્ઠાદિ સાત સ્વજન છે. અને તે મધ્યમ છે એટલે કે પૂર્વ દિશાના ઉત્તર દિશા માટે મધ્યમ છે અને ઉત્તર દિશાના પૂર્વ દિશા માટે મધ્યમ છે. એવીજ રીતે દક્ષિણ-પશ્ચિમમાં સમજવું...

૨. પૂર્વદ્વારના નક્ષત્રોમાં અગ્નિ ખુણો ગમન કરવા માટે યોગ્ય છે. દક્ષિણ દ્વાર માટે નૈઋત્ય ખુણો અને પશ્ચિમ દ્વાર માટે વાયવ્ય ખુણો તથા ઉત્તર દ્વાર માટે ઈશાન ખુણો ગમન કરવા માટે યોગ્ય છે.

**પ્રવેશ માટે**

૧. **નક્ષત્રો :** હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉત્તરફાલ્ગુન, ઉત્તરાષાઢા, ઉત્તરભાદ્રપદ, રેવતી, મૃગશિર આટલા નક્ષત્રો શુભ છે...

૨. પ્રયાણના દિવસથી નવમો દિવસ (તિથિ) નવમો વાર, નવમું નક્ષત્ર અને નવમું વર્ષ પ્રવેશમાં વર્જ્ય છે તેમજ મંગળ, અશ્વિનીથી થતો અમૃતસિદ્ધિ યોગ પણ પ્રવેશમાં વર્જ્ય છે. આસિવાય જે જે બાબતો પ્રવેશમાં જોવાની છે તે તે બાબતો પ્રયાણમાં પણ જોવાની છે.

**પ્રસ્થાન માટે**

૧. **તિથિ :** નક્ષત્ર, ક્ષણ, લગ્ન અને ચંદ્રબલ ગ્રહણ કરીને પોતાના ઘરથી ૪૦ હાથ ઉપર અને ૫૦૦ હાથથી અંદર (અન્યે ૨૦૦ હાથ) પ્રસ્તાન સ્થાપવું.
રાજા અને આચાર્યને ૧૦ દિવસ, માંડલિકને ૭ દિવસ અને અન્ય સામાન્ય લોકને ૫ દિવસ પ્રસ્થાન રહે છે...

૨. શ્રવણમાં પ્રસ્થાન કર્યું હોય તો તે જ દિવસે પ્રયાણ કરવું. ધનિષ્ઠા–પુષ્ય કે રેવતીમાં કર્યું હોય તો બીજે દિવસે પ્રયાણ કરવું. અનુરાધા કે મૃગશિરમાં ત્રીજે દિવસે અને હસ્તમાં ચૌથે દિવસે પ્રયાણ કરવું તેમ જ અશ્વિનીમાં કર્યું હોય તો ૫ મે દિવસે પ્રયાણ કરવું જોઈએ.

૩. યાત્રામાં જે તિથી, વાર, નક્ષત્ર કહ્યાં છે તે જ પ્રસ્થાનમાં જાણવા. પ્રસ્થાનમાં પુસ્તક, શ્વેત વસ્ત્ર તથા અક્ષયમાલા મૂકાય છે અને પ્રયાણ કરનારે જ તે જગ્યાએ જઈને પ્રસ્થાન કરવું જોઈએ.

## પ્રયાણ - પ્રવેશમાં સૂર્યનાડી-ચંદ્રનાડી અને શુકન સંબંધી

**નાડી :**

૧. ડાબી નાડીને ચન્દ્રનાડી અને જમણી નાડીને સૂર્યનાડી તથા બન્ને સમાન ચાલતી હોય તો સુષ્મણાનાડી કહેવાય છે..

૨. ડાબી નાડી ચાલતી હોય તો ડાબું પગલું અને જમણી નાડી ચાલતી હોય તો જમણું પગલું આગળ કરીને ચાલવું...

૩. પ્રાણવાયુ નાસિકામાં પ્રવેશ કરતો હોય ત્યારે પ્રયાણ કરવું પરંતુ નીકળતો હોય ત્યારે પ્રયાણ કરવું નહિ.

૪. દૂર દેશમાં ગમન કરવું હોય તો ચન્દ્રનાડી અને સમીપ દેશમાં ગમન કરવું હોય તો સૂર્યનાડીને આગળ કરીને ચાલવું...

૫. જમણી નાડીમાં વાયુ પ્રવેશ કરતો હોય ત્યારે વિષમ પગલે (૧, ૩, ૫, ૭, ૯) ચાલવું અને ડાબી નાડી પ્રાણવાયુવડે પૂર્ણ થઈ હોય ત્યારે સમ પગલે (૨, ૪, ૬, ૮, ૧૦) ચાલવું અને તે વખતે પૂર્વ તથા ઉત્તર તરફ જવું નહી...

૬. આ પ્રમાણે પ્રાણવાયુ વિ. ની શુદ્ધિ હોય ત્યારે શ્રી જિનેશ્વર દેવની પ્રદક્ષિણા કરીને જવાથી વિશેષે કરીને સર્વ કાર્યની સિદ્ધિ થાય છે...

૭. પ્રયાણમાં કહેવાથી પ્રવેશમાં પણ આ વિધિ જાણવો.

૮. જીતવાની ઈચ્છાવાળાએ શત્રુ આદિને રિક્ત નાડી તરફ રાખવો અને કાર્યસિદ્ધિની ઈચ્છાવાળાએ પોતાના ઈષ્ટ આપનારાઓને પોતાની પૂર્ણનાડી તરફ રાખવા...

૯. ગમન આદિ સઘળાં કાર્યોમાં સૂર્યને જમણી બાજુ અથવા તો પછવાડે રાખવો જોઈએ...

૧૦. પ્રશ્નકાર આદિ પોતાની જે નાડી તરફ હોય તે નાડી રિક્ત કે પૂર્ણ હોય તે મુજબ ફલાદેશ સમજવો...

## શકુન સંબંધી

૧. માંગલિક કાર્યની તૈયારી વખતે જન્મ મરણના સૂતક પૂર્ણ થયા વિના, ઋતુવંતી ભાર્યા હોય ત્યારે, પૂજ્ય પુરૂષોની અવગણના કરીને, સ્ત્રીની તર્જના કરીને, કોઈને પણ તાડન કરીને તથા બાલકને રોવડાવીને ગમન કરવું નહિ તેમજ માંગલિક કાર્ય કરવા નહિ...

૨. ઉન્મત્ત થયેલા, વ્યાધિગ્રસ્ત, ભય પામેલા, થાકી ગયેલા, ક્રોધ પામેલાં, ભૂખ્યા થયેલાં નપુંસક વેષને ધારણ કરેલા પુરૂષે પ્રયાણ કરવું નહિ...

૩. રાત્રે મૈથુન સેવીને પ્રયાણ કરવું નહિ. પ્રયાણના અવસરે મૈથુન સેવે છે તથા પ્રસ્થાન કરેલા ઘેર જઈને પાછો આવે છે તેને કાર્યસિદ્ધિ થતી નથી...

૪. છીંક થઈ હોય, ઘરમાં કંકાસ થયો હોય, ઘરમાં અગ્નિ લાગ્યો હોય, બિલાડી અથવા પાડાનું યુદ્ધ થતું હોય ''દુવર્ચન'' એટલે જઈશ નહિ - મરી જઈશ એવા અમંગલ શબ્દો બોલાતા હોય, વસ્ત્રનો છેડો બારણા વિગેરેમાં ભરાઈ ગયો હોય, મસ્તક અથડાયું હોય, ઠેસ વાગવાથી કે બીજા કોઈ કારણથી ગતિમાં સ્ખલના થઈ હોય, આવી ચેષ્ટાઓ પ્રયાણ સમયે થાય તો શુભાશુભનો વિચાર કરીને ગમન કરવું...

૫. વિદ્યાર્થી, ચોર, વણિકના પ્રયાણમાં જો કોઈ માણસ ખાલી અને અનુકુલ ઘડો પાણી ભરવા લઈ જતો હોય અને તે (પ્રયાણ કરનાર) સાથે થયો હોય તો તે કાર્યની સિદ્ધિ થાય છે...

૬. પ્રયાણ વખતે પહેલું શુકન અશુભ હોય તો ૧૧ શ્વાસોશ્વાસ, બીજી વખત અશુભ હોય તો ૧૬ શ્વાસોશ્વાસ જેટલો કાળ રાહ જોઈને પ્રયાણ કરવું... અને ત્રીજું શુકન અશુભ હોય તો પાછા જ ફરવું...

૭. સઘળા નિમિત્તોથી પણ ચિત્તોત્સાહ વધુ બલવાન છે.
सकलेष्वपि कार्येषु, यात्रायां च विशेषतः। निमित्तान्यप्यतिक्रम्य, चित्तोत्साहो प्रगल्भते॥६३॥ (આ. સિ. વિ. ૪ શ્લો ૬૩)

૮. ધનિષ્ઠા પંચકમાં નીચે મુજબના કાર્યો થઈ શકે નહિ... તૃણકાષ્ઠાદિનો સંગ્રહ, ગૃહારંભ, છાપરાનું ટાંકવું, દક્ષિણમાં ગમન, શય્યાદિ લેવું, આ બધું વર્જ્ય છે...

## દીક્ષા મુહૂર્ત

**તિથિ :** ૪, ૬, ૮, ૧૨, ૧૪, ૧૫, ૦॥ ત્યાજ્ય છે. પૂર્ણિમા તો સર્વથા ત્યાજ્ય છે, બાકીની ૧-૨-૩-૫-૭-૯-૧૦-૧૧-૧૩ શુભ છે...

**વાર :** રવિ, બુધ, ગુરૂ અને શનિ શુભ છે. બાકીના વારો અશુભ છે, પરંતુ અન્યત્ર બલવાન યોગ કે લગ્ન હોય તો શુક્ર પણ લીધો છે તેમજ નારચન્દ્રમાં સોમ પણ લીધો છે...

**નક્ષત્ર :** રોહિણી, પુનર્વસુ, ઉત્તરફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરભાદ્રપદ, હસ્ત, સ્વાતિ, મૂલ, અનુરાધા, શ્રવણ, શતભિષા, રેવતી, પુષ્ય અને પૂર્વભાદ્રપદ દિનશુદ્ધિ આદિના મતે લીધાં છે, સંધ્યાગતાદિ સાત નક્ષત્રો દીક્ષામાં ખાસ વર્જ્ય છે...

**માસ :** કાર્તિક, માગસર, મહા, ફાગણ, વૈશાખ, જેઠ અને આષાઢ શુભ છે. બાકીના વર્જ્ય છે. તેમજ જ્યેષ્ઠ-પુત્ર પુત્રીની દીક્ષામાં જેઠ માસ તજવો, છતાં પણ આવશ્યકજ હોય તો કૃત્તિકાનો સૂર્ય છોડીને આપી શકાય છે...

**ગોચરશુદ્ધિ :** આચાર્યને ચંદ્રબલ અને શિષ્યને રવિ-ચંદ્ર તથા ગુરૂબલ જોવું...

**ચંદ્ર :** ૧, ૩, ૬, ૭, ૧૦, ૧૧ ઉભય પક્ષમાં શુભ છે... ૨, ૫, ૯ શુક્લપક્ષમાં જ શુભ છે...

**સૂર્ય :** ૩, ૬, ૧૦, ૧૧ મો શુભ...

**ગુરૂ :** ૨, ૫, ૭, ૯, ૧૧ મો શુભ છે... ગુરૂ-પુષ્ય અમૃતસિદ્ધિનો ત્યાગ કરવો...

નાડીવેધ, નાગકરણ અને એક નાડીગત નક્ષત્ર શુભ છે...

૨/૧૨, ૯/૫, ૬/૮ તથા ૩, ૫, ૭ મી તારા વર્જવી...

નક્ષત્ર એક નાડીનું હોય તો વિરૂદ્ધ યોનિનો દોષ નથી. વળી ગણ વર્ગ અને લભ્ય પણ જોવું...

''नामकर्तुराचार्यदिर्ये केऽपि वर्णा मैत्रीभाजः सन्ति, तेषां वर्णानां मध्ये यस्य वर्णस्य जीवेन्द्वर्क गोचरशुद्धया बलिष्ठाः,
स्युरिष्टदिने तं वर्णमादौ न्यस्य शिष्यादीनां नाम देयम्॥'' (આ. સિ. વિ. ૩ શ્લો. ૨૭ ની ટીકા)

**લગ્નશુદ્ધિ :** મિથુન, સિંહ, કન્યા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ, મીન આ ૮ રાશીઓના લગ્ન શુભ છે.
(આ સિ. વિ. ૫, શ્લો ૨૧)

**નવમાંશ :** ઉપરોક્ત ૮ રાશિના નવમાંશ તેમ જ મેષ, વૃષનો ૫ મો નવમાંશ શુભ છે... (આ. સિ.. પૂ. ૩૧૮ ભાષાંતર) બુધનો અસ્ત હોય ત્યારે ધન નવમાંશ ન લેવો અને તુલા તથા મકરનો ચન્દ્ર હોય ત્યારે ચર લગ્નમાં તુલાનો અંશ લેવો નહિ... (આ. સિ. પૂ. ૩૧૯ ભાષાંતર) છેલ્લો નવમાંશ વર્ગોત્તમ વિના લેવો નહિ...

**સંક્રાંતિ**

**સિંહ કન્યા અને તુલા સંક્રાતિમાં દીક્ષા ન થાય...**

ષડ્વર્ગ શુદ્ધિ : છ એ વર્ગના સ્વામિઓ સૌમ્ય હો તો ષડ્વર્ગ શુદ્ધિ થાય. છેવટે ૫ વર્ગની શુદ્ધિ ચાલે... (આ. સિ. પૃ. ૪૩૭)

**શુભાશુભ ગ્રહો :**

૧] **ચંદ્ર :** ૧) લગ્નમાં હોય, લગ્નને જોતો હોય, સોમવાર હોય અને ચંદ્રનો નવમાંશ હોય તો વર્જ્ય છે... (આ. સિ. ભાષાંતર પૃ. ૩૧૮)

૨) ચંદ્રની સાથે કોઈપણ ગ્રહ ન જ હોય તો તે વધારે સારૂં છે (આ. સિ. ભાષાંતર પૃ. ૩૨૩)
૩) છતાં ચંદ્ર સાથે બુધ-ગુરૂ હોય તો સારા છે એમ કેટલાક કહે છે...
૪) જ્યારે બે કે તેથી વધૂ ક્રૂર અગર સૌમ્ય ગ્રહથી યુક્ત જો ચન્દ્ર હોય તો દિક્ષા લેનાર મૃત્યુ પામે છે... (આ સિ. ભાષાંતર પૃ. ૩૨૪)

૨] શુક્ર :

૧) લગ્નમાં હોય, લગ્ન કે સાતમાં સ્થાનને જોતો હોય, લગ્નમાં શુક્રનો નવમાંશ હોય, શુક્રનું ભુવન વૃષ કે તુલા લગ્ન હોય તા વર્જ્ય છે... (આ. સિ. ભાષાંતર પૃ. ૩૧૮)
૨) લગ્ન કે ચંદ્રથી સાતમાં સ્થાને ક્રૂર ગ્રહ કે શુક્ર અત્યંત અશુભ છે, પરંતુ લગ્ન કે ચંદ્રથી કેંદ્રના ચારે સ્થાનમાં સૌમ્ય ગ્રહો હોય તો તે ઈષ્ટ છે (આ. સિ. ભાષાંતર પૃ. ૩૨૭)

૩] કેતુ : જન્મસ્થ ૭ મે તથા ચંદ્રયુક્ત હોય તો તે ત્યાજ્ય છે. દીક્ષા, પ્રતિષ્ઠામાં મેષ-વૃષ સિવાય અન્ય રાશિનો પાંચમો નવમાંશ શુભ નથી... (દિ. હિ. પૃ. ૪૧૬)

૪] ગુરૂ : મીન-મકરમાં ગુરૂ હોય ત્યારે દીક્ષા આદિ શુભકાર્યો આચરવા નહિ. સિંહ રાશિમાં ગુરૂ હોય પરંતુ મઘા નક્ષત્ર ઓળંગી ગયો હોય તો સિંહસ્થનો દોષ નથી...

૫] જન્મરાશિને - લગ્નને તે બન્નેથી બારમાં તથા આઠમાં લગ્નને, તથા લગ્ન અને લગ્નના અંશના સ્વામિઓ જો લગ્નથી ૬-૮ મે હોય તો તજવા (આ. સિ. વિ. ૫ શ્લોક ૨૯)

૬] શુક્ર મંગળ કે શનિથી સાતમે જો ચંદ્ર હો તો દીક્ષા લેનાર શસ્ત્ર વ્યાધિ કે દુ:શીલપણાવડે પીડાય છે (બ. શુ. શ્લો. ૧૧૨)

૭] **દીક્ષામાં જોવાની વસ્તુઓ :**

૧. દીક્ષામાં વર્ષશુદ્ધિ, માસશુદ્ધિ, દિનશુદ્ધિ, લગ્નશુદ્ધિ અને ઉદયાસ્તશુદ્ધિ તેમજ તિથિ, વાર, નક્ષત્ર શુભાશુભ યોગ, કરણ અને પંચશલાકાદિ વેધ જોવા...
૨. **વર્ષ શુદ્ધિ :** સૂર્યના ક્ષેત્રમાં ગુરૂ અને ગુરૂના ક્ષેત્રમાં સૂર્ય ગયો હોય તો દીક્ષાદિ શુભકાર્યો વર્જ્ય છે, ઉચ્ચનો શુક્ર પણ અશુભ છે...
૩. ઉદયાસ્તશુદ્ધિ : દીક્ષા-પ્રતિષ્ઠામાં ફક્ત ઉદયશુદ્ધિ જ જોવી અસ્ત શુદ્ધિનો આગ્રહ ન રાખવો (આ. સિ. પૃ. ૩૩૨)
૪. ઉદયાસ્ત બન્ને જોવી એમ લગ્નશુદ્ધિમાં કહ્યું છે... (લ. શુ. પૃ. ૩૫)

**૮. દીક્ષામાં ત્યાજ્ય વસ્તુઓ :**

હરિશયન (અષાઢ સુદ ૧૧ થી કાર્તિક સુદ ૧૧ સુધીનો સમય) અધિકમાસ, ગુરૂનો અસ્ત, લગ્નનો અને નવમાંશનો સ્વામિ નીચનો હોય, સિંહસ્થ ગુરૂ હોય, ધનાર્ક મિનાર્ક હોય, કર્તરી જામિત્ર દોષ હેય, ગ્રહયુક્ત સાતમું સ્થાન હોય તો દીક્ષા થઇ શકે નહિ...

**દીક્ષા કુંડલીમાં ગ્રહ વ્યવસ્થા**

**૧. આરંભસિદ્ધિકારના મતે શુભ કુંડળી**

**સૂર્ય : ૨, ૩, ૫, ૬, ૧૧**
**ચંદ્ર : ૨, ૩, ૬, ૧૦, ૧૧**
**મંગળ : ૩, ૬, ૧૦, ૧૧**
**બુધ : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧**
**ગુરૂ : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧**
**શુક્ર : ૬, ૫, ૩, ૨, ૯, ૧૧, ૧૨**
**શનિ : ૨, ૩, ૫, ૬, ૮, ૧૧**

**દીક્ષા લગ્નમાં આ ગ્રહવ્યવસ્થા શ્રેષ્ઠ હોવાથી અસાધારણ કુંડલી ગણાય... (આ સિ. વિ. ૫, પૃ. ૨૨૮ સટીક)**

૨. **હરિભદ્રસૂરિ મ. ના મતે :** દીક્ષા કુંડલીમાં શનિને બળવાળો કરીને ગુરૂને બળવાન કરીને તથા શુક્રને બળહીન કરીને શિષ્યને દીક્ષા દેવી...

શનિ : પણફર એટલે ૨, ૫, ૮, ૧૧ માં સ્થાનમાં મધ્યમ બળો છે અને છઠ્ઠું સ્થાન આપોક્લિમ છે તથા દિક્બલ સહિત છે માટે મધ્ય બલી છે...

ગુરૂ : ૧, ૪, ૩, ૧૦, ૯, ૫ આ સ્થાનોમાં હોય ત્યારે બલવાન છે.

શુક્ર : ૩, ૬, ૯, ૧૨ આ સ્થાનો આપોક્લિમના હોવાથી ત્યાં રહેલો શુક્ર હીન બલવાળો છે.

૩. હર્ષ પ્રકાશના મતે

| | | ઉત્તમ | મધ્યમ | અધમ |
|---|---|---|---|---|
| સૂર્ય | : | ૨, ૫, ૬, ૧૧ | ૩ | ૧, ૪, ૭, ૧૦, ૮, ૯, ૧૨ |
| ચંદ્ર | : | ૨, ૩, ૬, ૧૧ | ૭, ૧૦ | ૧, ૪, ૫, ૮, ૯, ૧૨ |
| મંગળ | : | ૩, ૬, ૧૦, ૧૧ | –– | ૧, ૨, ૪, ૫, ૭, ૮, ૯, ૧૨ |
| બુધ | : | ૨, ૩, ૫, ૬, ૧૦, ૧૧ | ૧, ૪, ★, ૭, ૯ | ૮, ૧૨ |
| ગુરૂ | : | ૧, ૪, ૭, ૧૦, ૯, ૫, ૧૧ | ૩, ૬, ૯ | ૮, ૧૨ |
| શુક્ર | : | ૩, ૬, ૯, ૧૨ | ૨, ૫, | ૧, ૪, ૭, ૧૦, ૮, ૧૧ |
| શનિ | : | ૨, ૫, ૬, ૮, ૧૨ | ૩ | ૧, ૪, ૭, ૧૦, ૯, ૧૨ |
| રાહુ | : | ૩, ૬, ૧૧ | ૨, ૫, ૯, ૧૦, ૧૨ | ૧, ૪, ૭ |
| કેતુ | : | ૩, ૬, ૧૧ | ૨, ૫, ૮, ૯, ૧૨ | ૧, ૪, ૭ |

## પ્રતિષ્ઠા મુહૂર્ત

**તિથિ : શુકલપક્ષે - ૧, ૨, ૫, ૧૦, ૧૩, ૧૫ કૃષ્ણપક્ષે - ૧, ૨, ૩ શુભ...**

**વાર :** સોમ, બુધ, ગુરૂ, અને શુક્ર શુભ છે (લગ્નશુદ્ધિ)

મંગળવાર સિવાય બધા વારો સારાં છે... (આ. સિ.)

**માસ :** મહા, ફાગણ, વૈશાખ, જેઠ માસ શુભ છે અને કાર્તિક, માગસર મધ્યમ છે. (આ. સિ. વિ. ૫, શ્લો. ૨)

માગસર, મહા, ફાગણ, વૈશાખ, જેઠ અને આષાઢ શુભ છે... (લગ્નશુદ્ધિ)

**નક્ષત્ર :**

૧. રોહિણી, પુનર્વસુ, ઉ.ફાલ્ગુ, ઉ.ષાઢા, ઉ. ભાદ્રપદ, હસ્ત, સ્વાતિ, મૂલ, અનુરાધા, શ્રવણ, રેવતી, પુષ્ય અને ધનિષ્ઠા, મઘા, મૃગશિર, શુભ છે...

૨. શ્રી જિનેશ્વર દેવનું તથા પ્રતિષ્ઠા કરાવનારનું જન્મ નક્ષત્ર તથા ૧૦, ૧૬, ૧૮, ૨૩ અને ૨૫ મું નક્ષત્ર ત્યાજ્ય છે. (આ. સિ. વિ. ૫, શ્લો. ૧૪)

૩. આર્દ્રા નક્ષત્રમાં સૂર્ય પ્રવેશે ત્યારથી ૧૦ નક્ષત્રો સુધી ચોમાસામાં પ્રતિષ્ઠા ન થાય. (નારદ અ. ૨૯ શ્લો. ૩)
ગોચર : આચાર્યને ચંદ્રબળ અને પ્રતિષ્ઠા કારકનું ચંદ્ર-સૂર્ય અને ગુરૂનું બળ જોવું. દીક્ષામાં જોવાય છે તેમ.
સંક્રાન્તિ : સિંહ, કન્યા અને તુલા સંક્રાન્તિમા પ્રતિષ્ઠા ન થાય (સેન પ્ર. ઉ. ૨ પૃ. ૧૨૪)

લગ્નાદિશુદ્ધિ :

૧) ગુરૂ સિંહસ્થ હોય, સૂર્ય ધન કે મીનનો હોય, અધિકમાસ હોય લગ્નનો તથા અંશોનો સ્વામી નીચ સ્થાને હોય કે અસ્તપામ્યો હોય ત્યારે લગ્ન લેવું નહિ. (અ. સિ. પૃ. ૨૭૫)

૨) મીનાર્ક ફાગણમાં હોય તો વાંધો નથી (આ. સિ. પૃ. ૨૭૭)

૩. લગ્ન તથા અંશનો સ્વામી ક્રૂર ગ્રહ યુક્ત હોય કે તેની દ્રષ્ટિ પડતી હોય તો અશુભ છે. (આ. સિ. પૃ. ૨૮૦)

૪. મિથુન, કન્યા, ધન, મીન આ ઉત્તમ લગ્ન છે. દ્વિ. સ્વ. વૃષ, સિંહ, વૃશ્ચિક, કુંભ આ મધ્યમ છે અને સ્થિર લગ્ન છે. મેષ, કર્ક, તુલા, મકર આ અધમ છે અને ચરલગ્ન છે...

૫. મિથુન, કન્યા અને ધનનો પૂર્વાર્દ્ધ, નવમાંશ ઉત્તમ છે અને વૃષ, તુલા અને સિંહ તથા મીનનો મધ્યમ નવમાંશ એ મધ્યમ છે. આ મધ્યમ નવમાંશ કર્તાને હાનિકારક છે. (આ. સિ. વિ. ૫, શ્લો. ૨૦)

## ચંદ્રની સાથે યુક્ત અને યુતિ

૧. ચંદ્ર જો બુધ, ગુરૂ કે શુક્રથી યુક્ત હોય અથવા તેઓથી તે સંપૂર્ણ દ્રષ્ટિથી અથવા ત્રિપાદ દ્રષ્ટિથી જોવાયેલો હોય તો શુભ છે પરંતુ બીજા ગ્રહોથી તે જોવાયેલો હોય કે યુક્ત હોય તો અશુભ છે... (આ. સિ. વિ. ૫, શ્લો. ૨૮)

૨. પ્રતિષ્ઠામાં રવિ, મંગળ, શનિ, રાહુ અથવા શુક્ર સાતમાં સ્થાનમાં હોય તો પ્રતિષ્ઠા કરનાર ગુરૂને, પ્રતિમા સ્થાપન કરનારને અને બિંબને હણે છે... (આ. સિ. વિ. ૫, શ્લો. ૩૩)

૩. તેમજ શનિ વક્ર હોય અને તે ૧, ૪, ૭, ૧૦, ૫, ૯ માં સ્થાનમાં હોય તો પ્રાસાદનો નાશ કરે છે... (આચાર દિનકર ભા. ૨ પૃ. ૧૪૪)

## પ્રતિષ્ઠાના લગ્નમાં ગ્રહવ્યવસ્થા - ગ્રંથકારમતે શુભ

૧. સૂર્ય : ૩, ૬, ૧૦, ૧૧
ચંદ્ર : ૨, ૯, ૩, ૬, ૧૦, ૧૧
મંગળ : ૩, ૬, ૧૧
બુધ : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧
ગુરૂ : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧
શુક્ર : ૧, ૨, ૩, ૪, ૫, ૯, ૧૦, ૧૧
શનિ : ૩, ૬, ૧૧
રાહુ : ૩, ૬, ૧૧

**૨. નારચંદ્રના મતે :**

| | ઉત્તમ | મધ્યમ | વિમધ્યમ | અધમ |
|---|---|---|---|---|
| સૂર્ય | ૩, ૬, ૧૧ | ૧૦ | ૫ | ૧, ૨, ૪, ૭, ૮, ૯, ૧૨ |
| ચંદ્ર | ૨, ૩, ૧૧ | ૧, ૪, ૬, ૭, ૯, ૧૦ | ૫ | ૮, ૧૨ |
| મંગળ | ૩, ૬, ૧૧ | — | ૫ | ૧, ૨, ૪, ૭, ૮, ૯, ૧૦, ૧૨ |
| બુધ | ૧, ૨, ૩, ૪, ૫, ૧૦, ૧૧ | ૬, ૭, ૯ | — | ૮, ૧૨ |
| ગુરૂ | ૧, ૨, ૪, ૫, ૭, ૯, ૧૦, ૧૧ | ૬ | ૩ | ૮, ૧૨ |
| શુક્ર | ૧, ૪, ૫, ૯, ૧૦, ૧૧ | ૨, ૩ | ૬, ૭, ૧૨ | ૮ |
| શનિ | ૩, ૬, ૧૧ | — | ૫, ૧૦ | ૧, ૨, ૪, ૭, ૮, ૯, ૧૨ |
| રાહુ કેતુ | ૩, ૬, ૧૧ | ૨, ૪, ૫, ૮, ૯, ૧૦, ૧૨ | — | ૧, ૭ |

**૩. લગ્નશુદ્ધિ મતે :**

| | ઉત્તમ | મધ્યમ | અધમ |
|---|---|---|---|
| સૂર્ય | ૩, ૬, ૧૧ | ૫ | ૧, ૨, ૪, ૭, ૮, ૯, ૧૦, ૧૨ |
| ચંદ્ર | ૨, ૩, ૬, ૧૧ | ૧, ૪, ૫, ૭, ૯, ૧૦ | ૮, ૧૨ |
| મંગળ | ૩, ૬, ૧૧ | ૫ | ૧, ૨, ૪, ૭, ૮, ૯, ૧૦, ૧૨ |
| બુધ | ૧, ૨, ૩, ૪, ૫, ૧૦, ૧૧ | ૬, ૭, ૯ | ૮, ૧૨ |
| ગુરૂ | ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧ | ૩ | ૮, ૧૨ |
| શુક્ર | ૧, ૪, ૯, ૧૦, ૧૧ | ૨, ૫, ૬, ૭ | ૩, ૮, ૧૨ |
| શનિ | ૩, ૬, ૧૧ | ૫, ૮, ૧૦ | ૧, ૨, ૪, ૭, ૯, ૧૨ |
| રાહુ-કેતુ | ૩, ૬, ૧૧ | — | — |

## શાંતિસ્નાત્ર અષ્ટોતરી અને ગ્રહપૂજાના વાર-નક્ષત્રો

૧. **નક્ષત્રો :** મૂલ, પુનર્વસુ, સ્વાતિ, અનુરાધા, હસ્ત, શ્રવણ, રેવતી, અશ્વિની, રોહિણી, મૃગશિર, ધનિષ્ઠા, પૂ. ફાલ્ગુ, પૂ. ષાઢા, પૂ. ભાદ્ર, (પુષ્ય-મઘા) આટલા શુભ છે...

૨. **વાર :** રવિ, સોમ, ગુરૂ અને શનિ આ વારો શુભ છે...

**મધ્યાહ્નની વર્જ્ય પળો :**

દિવસ અને રાત્રિના મધ્યના સંધ્યાકાળની આગળ અને પાછળ ચાર-ચાર પળો અવશ્ય વર્જવી જોઈએ. પ્રતિષ્ઠા મધ્યાહ્ન પહેલા જ કરવી... અને દીક્ષા મધ્યાહ્ન પછી પણ થઈ શકે છે...

## પદારોપણ

૧. વાર : મંગળ અને શનિ સિવાયના વારો શુભ છે.
૨. નક્ષત્ર : અશ્વિની, રોહિણી, મૃગશિર, હસ્ત, પુષ્ય, અનુરાધા, જ્યેષ્ઠા, શ્રવણ, રેવતી, અભિજિત અને ત્રણ ઉત્તરા આ નક્ષત્રો પદારોપણમાં, શુભ છે. [આ. સિ. વિ. ૫, શ્લો ૭૬(૩૬)]
૩. ઈન્દુબલ : इन्दुबले कुयोगादि रहिते सति शुभम्।
૪. પાપગ્રહ : ૩, ૬, ૧૧ માં સ્થાનમાં શુભ.
૫. સૌમ્ય ગ્રહો : ૧, ૪, ૭, ૧૦, ૯, ૫, ૩, ૧૧ આ સ્થાનોમાં શુભ છે.

ચંદ્ર અથવા કોઈ સૌમ્ય ગ્રહો ૬, ૮ જો હોય અને તેની ઉપર કોઈ ક્રૂરગ્રહોની સંપૂર્ણ દ્રષ્ટી પડતી હોય તો તે મરણ પામે છે... (આ. સિ. પૃ. ૪૦૩ ભાષાંતર)

## ચક્રો

૧. વૃષચક્ર : સૂર્ય નક્ષત્રથી ગણતા પ્રથમના સાત નક્ષત્રો અશુભ પછીના અગ્યાર શુભ અને છેલ્લા દશ અશુભ છે.
૨. કુંભચક્ર : સૂર્ય નક્ષત્રથી પ્રથમના પાચ અશુભ પછીના આઠ શુભ, પછી આઠ અશુભ અને છેલ્લા છ નક્ષત્રો શુભ છે.
૩. દ્વારશાખચક્ર : ૧. સૂર્ય નક્ષત્રથી પ્રથમના ચાર શુભ, બે અશુભ, ચાર શુભ, આઠ અશુભ, ચાર શુભ, બે અશુભ અને છેલ્લા ત્રણ નક્ષત્રો શુભ છે.
   ૨. અન્યમતે : પ્રથમના ચાર શુભ, આઠ અશુભ, આઠ શુભ, ત્રણ અશુભ, ચાર શુભ છે.
૪. રાજ્યમુદ્રાબલચક્ર : સૂર્ય નક્ષત્રથી પ્રથમના બે અશુભ, ચાર શુભ, ચાર અશુભ, ચાર શુભ, બે અશુભ, ચાર શુભ, ચાર અશુભ અને ત્રણ શુભ છે.
૫. કૂર્મચક્ર : શિલા સ્થાપનની તિથિને પાંચથી ગુણવી. પછી કૃત્તિકાદી નક્ષત્રથી મુહૂર્તના નક્ષત્ર સુધી ગણતા જે સંખ્યા આવે તે અંદર ઉમેરવી, તેમાં બાર ઉમેરવા, અને ત્રણેનો સરવાળો કરી નવથી ભાગ દેવો. ભાગાકાર કરતા શેષ જો ૭, ૪, ૧ રહે તો કૂર્મ જળ સ્થાને, ૮, ૫, ૨ રહે તો ભૂમી ઉપર અને ૩, ૬, ૦ રહેતો આકાશમાં જાણાવો. આને કૂર્મચક્ર કહે છે. કૂર્મ જળસ્થાને હોય તો લાભ, ભૂમી ઉપર હોય તો હાની અને આકાશમાં હોય તો મૃત્યુ થાય છે.
૬. સ્તંભચક્ર : સૂર્ય નક્ષત્રથી પ્રથમનાં ત્રણ નેષ્ટ, તે પછીના વીસ નક્ષત્રો શ્રેષ્ઠ, અને તે પછીના પાંચ નેષ્ટ છે.
૭. મોભચક્ર : સૂર્ય નક્ષત્રથી ત્રણ મોભના મૂલમાં લખવાં તેમાં જો ચંદ્ર હોય તો ગૃહસ્વામીનું મરણ થાય છે.
   પાંચ નક્ષત્રો મોભના મધ્યભાગે લખવાં, તેમા જો ચંદ્ર હોય તો સુખદાયક થાય.
   તે પછીના આઠ વળી મધ્યમાં લખવાં, તેમા જો ચંદ્ર હોય તો ધન તથા પુત્રનું સુખ થાય.
   પુચ્છભાગે આઠ નક્ષત્રો લખવાં, તેમા ચંદ્ર હોય તો હાની કરે.
   મોભના છેલ્લા ભાગે ત્રણ નક્ષત્રો લખવાં, તેમા જો ચંદ્ર હોય તો અતુલ શુભફળ, ભાગ્ય, પુત્ર અને સંપત્તિદાયક થાય.
   सूर्यमात् चंद्रम् = ૩ નેષ્ટ, ૫ શ્રેષ્ઠ, ૮ શ્રેષ્ઠ, ૮ નેષ્ટ, ૩ શ્રેષ્ઠ.
૮. ઘંટાચક્ર : आमलसारा स्थापनचक्र =
   सूर्यमात् चंद्रम् = ૬ શ્રેષ્ઠ, ૬ નેષ્ટ, ૯ શ્રેષ્ઠ, ૩ નેષ્ટ અને ૩ શ્રેષ્ઠ છે.

## સામાન્ય વિષયો

૧. ગયેલી વસ્તુ પછી આવશે કે નહિ ?

| નક્ષત્રસંજ્ઞા | નક્ષત્રો | દિશા | ફળ |
|---|---|---|---|
| કાણા | અશ્વિની, મૃગ, અશ્લેષા, હસ્ત, અનુરાધા, ઉ.ષાઢા, શતભિષા | દક્ષિણ | યત્નથી મળે |
| ચીબડા | ભરણી, આર્દ્રા, મઘા, ચિત્રા, જ્યેષ્ઠા, અભિજીત, પૂ. ભાદ્ર. | પશ્ચિમ | ખબર મળે |
| દેખતાં | કૃત્તિકા, પુનર્વસુ, પૂ. ફા., સ્વાતિ, મૂળ, શ્રવણ, ઉ. ભાદ્ર | ઉત્તર | પછી ન આવે |
| આંધળા | રોહિણી, પુષ્ય, ઉ. ફાલ્ગુ, વિશાખા, પૂ. ષા., ધનિષ્ઠા, રેવતી | પૂર્વ | શીઘ્ર મળે |

બીજી રીત :

૧. સૂર્ય નક્ષત્રથી ૬ નક્ષત્રો બાલક છે, તે પછી બાર નક્ષત્રો યુવાન છે અને તે પછીના ૯ નક્ષત્રો વૃદ્ધ છે. (આમાં અભિજીત ગણાતું નથી.) બાલ નક્ષત્રમાં ગયેલી વસ્તુ પાસે જ ભમે છે. યુવાન નક્ષત્રમાં ગયેલી વસ્તુ પાછી આવે જ નહિ અને વૃદ્ધ નક્ષત્રમાં ગયેલી વસ્તુ જાય નહિ અર્થાત્ પાછી આવે ખરી.

૨. સર્પદંશ થયો હોય તો જીવશે કે નહિ ?

મૂલ, આર્દ્રા, ભરણી, કૃત્તિકા, મઘા, અશ્લેષા, અને વિશાખા નક્ષત્રોમાં સર્પદંશ થયો હોય તો જીવે નહિ. બીજા નક્ષત્રોમાં જીવે...

**૩. રોગની શાંતિ થશે કે નહિ ?**

૧. ત્રણ પૂર્વા, આર્દ્રા, સ્વાતિ, જ્યેષ્ઠા, આશ્લેષા આમાં રોગ ઉત્પન્ન થયો હો તો મરણ પામે... (થાય)

૨. રેવતી અને અનુરાધામાં રોગ થયો હોય તો કષ્ટથી નિરોગી થાય...

૩. મૃગશિર, ઉ.ષાઢામાં રોગ થયો હોય તો ૧ મહિને સારું થાય...

૪. મઘામાં થયો હોય તો ૨૦ દિવસે સારું થાય.

૫. વિશાખા, ધનિષ્ઠા કે હસ્તમાં થયો હોય તો પંદર દિવસે સારું થાય...

૬. (વૃદ્ધો કહે છે કે ઉ.ષાઢામાં રોગ થયો હોય તો બે માસમાં મૃત્યુ થાય અને અભિજિતમાં થયો હોય તો બે માસમાં નિરોગી થાય...

૭. ભરણી, શતભિષા, શ્રવણ, ચિત્રામાં થયો હોય તો અગ્યાર દિવસે સારું થાય...

૮. અશ્વિની, કૃત્તિકા અને મૂલમાં થયો હાય તો ૯ દિવસે સારું થાય...

૯. પુનર્વસુ, પુષ્ય. ઉ.ભાદ્ર., રોહિણી, ઉ.ફાલ્ગુ.માં થયો હો તો ૭ દિવસે સારૂં થાય આ સર્વ સ્થળોએ તારાની અનુકૂળતા હોય તો સારૂં થાય, એમ જાણવું...

શુક્લપક્ષમાં જો ૩, ૫, ૭ મી તારામાં રોગ ઉત્પન્ન થયો હોય તો ઘણાં ક્લેશ પામે અથવા મૃત્યુ પામે.

**૪. મૃત્યુ વિષે જ્ઞાન**

૧. સૂર્યનું, ચંદ્રનું અને જન્મનું એ ત્રણ નક્ષત્રો એક નાડી ઉપર આવે તો તે દિવસે રોગીનું મરણ થાય છે. શ્રી જિનેશ્વરનું વચન અન્યથા થતું નથી... (દિ. શુ.)




બીજી રીતે : ત્રણ નાડીવાળો સર્પ કરવો તેમાં સૂર્ય જે નક્ષત્રમાં હોય તે નક્ષત્ર પ્રથમ મુકવૂં અને તે પછી અનુક્રમે બીજા નક્ષત્રો મૂકવા તેમાં પંદર નક્ષત્રો નાડી ઉપર આવે અને બાર નક્ષત્રો બહાર રહે એ રીતે સર્પ કરીને જીવિત અથવા મરણ સ્પષ્ટ કરવું...

અહિં જે જે ગ્રહો જે જે નક્ષત્રોમાં હોય, તે તે ગ્રહો તે તે નક્ષત્રો ઉપર મૂકવા અને પછી સૂર્યના નક્ષત્રથી રોગીના નામ નક્ષત્રસુધી ગણવું. તેમાં જો પહેલી નાડીમાં એટલે પહેલે નવમે, તેરેમે, એકવીસમે કે ૨૫ મે રોગીનું નક્ષત્ર હોય તો મરણ થાય... બીજા નાડીમાં એટલે બીજે, આઠમે, ચૌદમે, વીસમે કે ૨૬ મે રોગીનું નામ નક્ષત્ર હોય તો ઘણું કષ્ટ થાય અને ત્રીજી નાડી ઉપર હોય એટલે કે ત્રીજે, સાતમે, પંદરમે, ૧૯ મે કે ૨૧ મે રોગીનું નામનક્ષત્ર હોય તો થોડું કષ્ટ થાય. બાકીના ૧૨ નક્ષત્ર ઉપર રોગીનું નામનક્ષત્ર હોય તો આરોગ્ય થાય. અહિં શુભાશુભ ગ્રહના વેધથી પણ શુભાશુભ ફળ વિશેષ પ્રકારે કહેવું એમાં અભિજિત ગણાતું નથી...



**ત્રીજી રીત :**

૧. યતિ વલ્લભમાં તો આ પ્રમાણે જ ભુજંગચક્રને સ્થાપવાનું કહ્યું છે પણ તેમાં આર્દ્રા નક્ષત્ર પ્રથમ મૂકવાનું કહ્યું છે. આંતરે આંતરે ત્રણ ત્રણ નક્ષત્રો તજીને આર્દ્રા નક્ષત્રથી પંદર નક્ષત્રોને ત્રીજી નાડીના ચક્રમાં સ્થાપવાં, તેમાં જો ચંદ્ર, સૂર્ય અને નામનક્ષત્રનો વેધ થાય તો તે રેગી જીવે નહિ...

૨. વ્યાધિ થવાને સમયે જો ચંદ્રનું, સૂર્યનું અને રોગીનું નક્ષત્ર એક નાડી પર હોય તો રોગી જીવે નહિ...



**૫. ઇષ્ટ ઘડી લાવવાની રીત**

દિવસમાં જે સમયનો ટાઈમ જાણવો હોય તે સમયે શરીરની છાયા આપણા પોતાના પગથી માપવી. પરંતુ જયાં ઉભા હોય તે પગલાંને ગણવા નહિ. જે સંખ્યા થાય તેમાં ૭ ઉમેરવા. એ સંખ્યાવડે મકરાદિથી મિથુનના અંત સુધી સૂર્ય હોય તો ૧૪૪ ને ભાગવા અને કર્કથી ધનના અંત સુધીમાં જો સૂર્ય હોય તો ૧૩૫ ને ભાગવા. જે ભાગમાં આવે તેમાં દિનાર્દ્ધથી પહેલા હોય તો ૧ ઘડી ઓછી કરવી અને દિનાર્દ્ધથી પછીનો ટાઈમ હોય તો ૧ ઘડી ઉમેરવી પછી જે આંક આવે તે ઇષ્ટ ઘડી થાય...

**छायालग्नस्य मास ध्रुवांकादि गणयित्वा वारक्रमेण घट्यादि ज्ञापक यंत्रकम्**

| ધ્રુવાંક | માસ નામ | શનિ-શુક્ર-ચંદ્ર પાદ-૮॥ | બુધવાર પાદ-૮ | મંગળવાર પાદ-૯ | ગુરૂવાર પાદ-૭ | રવિવાર પાદ-૧૧ | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪૪ | ચૈત્રાશ્વિનથી | ૯-૧૭-૧૫ | ૯-૩૬-૦ | ૯-૦-૦ | ૧૦-૧૭-૮ | ૮-૦-૦ | ઘડી પળ |
| | ચૈત્ર આસો | ૩-૪૨-૫૮ | ૩-૫૦-૨૪ | ૩-૩૬-૦ | ૪-૬-૫૧ | ૩-૧૨-૦ | વિપળ |
| | | | | | | | કલાકાદિ |
| ૧૩૦ | વૈશાખ | ૮-૨૩-૧૩ | ૮-૪૦-૦ | ૮-૭-૩૦ | ૯-૧૭-૮ | ૭-૧૩-૨૦ | ઘડી |
| | ભાદ્રપદયો: | ૩-૨૧-૧૭ | ૩-૨૮-૦ | ૩-૧૫-૦ | ૩-૪૨-૫૧ | ૨-૫૩-૨૦ | કલાકાદિ |
| ૧૧૫ | જયેષ્ઠા | ૭-૨૫-૯ | ૭-૪૦-૦ | ૭-૧૧-૧૫ | ૮-૧૨-૫૧ | ૬-૨૩-૨૦ | ઘડી |
| | શ્રાવણયો: | ૨-૫૮-૪ | ૩-૪-૦ | ૨-૫૨-૩૦ | ૩-૧૩-૮ | ૨-૩૩-૨૦ | કલાકાદિ |
| ૧૨૦ | આષાઢે | ૭-૪૪-૩૧ | ૮-૦-૦ | ૭-૩૦-૦ | ૮-૩૪-૧૭ | ૬-૪૦-૦ | ઘડી |
| | | ૩-૫-૪૮ | ૩-૧૨-૦ | ૩-૦-૦ | ૩-૨૫-૪૨ | ૨-૪૦-૦ | કલાકાદિ |
| ૧૬૦ | કાર્તિક | ૧૦-૧૯-૨૧ | ૧૦-૪૦-૦ | ૧૦-૦-૦ | ૧૧-૨૫-૪૩ | ૮-૫૩-૨૦ | ઘડી |
| | ફાલ્ગુનયો: | ૪-૭-૪૪ | ૪-૧૬-૦ | ૪-૦-૦ | ૪-૩૪-૧૭ | ૩-૩૩-૨૦ | કલાકાદિ |
| ૧૭૨ | માગશીર્ષ | ૧૧-૫-૪૮ | ૧૧-૨૮-૦ | ૧૦-૪૫-૦ | ૧૨-૧૭-૮ | ૯-૩૩-૨૦ | ઘડી |
| | માઘયો: | ૪-૨૬-૧૯ | ૪-૩૫-૧૨ | ૪-૧૮-૦ | ૪-૫૪-૫૧ | ૩-૪૯-૨૦ | કલાકાદિ |
| ૧૮૦ | પૌષે | ૧૧-૩૬-૪૬ | ૧૨-૦-૦ | ૧૧-૧૫-૦ | ૧૨-૫૧-૨૫ | ૧૦-૦-૦ | ઘડી |
| | | ૪-૩૮-૪૨ | ૪-૪૮-૦ | ૪-૩૦-૦ | ૫-૮-૩૪ | ૪-૦-૦ | કલાકાદિ |

**છાયા લગ્ન**

छायालग्नस्य मास ध्रुवाङ्कादि गणयित्वा वारक्रमेण घट्यादि ज्ञापक यन्त्रकम्

सुहलग्गाभावे विरुद्ध दिवसे वि तुरियकज्जम्मि। गमणं पवेस पइट्ठा, दिक्खाइ कुण सुइत्थ जओ॥१॥

तणुछायाए पयाइं सणि ससि सुक्केसु अद्ध नव लिज्जा। अट्ठ बुहे नव भोमे, सत्तेक्कारस गुरु रविसु॥२६॥

एवं छाया लग्गं बुहेहिं सुव्वत्तमं समकुरवायम्। सव्व विरुद्धे वि दिणे, सुहावहं सव्वकज्जेसु॥२७॥

इअ सुन्दरे वि लग्गे, सुह-सउण-बलेण कुणसु कज्जाइं। अहवा निमित्तबलेणं, वयणमिणं हरिभद्दंति॥२८॥

द्वादशाग्गुल शङ्कोऽस्तु छाया रव्यादिवारेसु क्रमशः विंशती, षोडस, पंचदश, षतुर्दश, त्रयोदश, द्वादश इति अंगुलानि सिद्धछाया भवति॥
छायापादं रसोपेतमेकं विंशति शतं भजेत्। लब्धाङ्केन घटी ज्ञेया, शेषांकेन पलानि च॥
॥ समत्तम्॥

## છાયાલગ્ન અંગે સમજ

ચૈત્ર આસો માસમાં શનિ, શુક્ર અને સોમવારે સૂર્યોદય બાદ ૯ ઘડી ૧૭ પળ, ૨૫ વિપળે અથવા ૩ કલાક, ૪૨ મિ, અને ૫૮ સેકંડે છાયાલગ્ન આવે... બુધવારે ૩ કલાક, ૫૦ મિ. અને ૨૪ સેકંડે / મંગળવારે ૩ કલાક, ૩૭ મિનિટે આવે / ગુરૂવારે ૪ કલાક, ૬ મિનિટ અને ૫૧ સેકંડે અને રવિવાર ૩ કલાક ૧૨ મિનટે છાયાલગ્ન આવે...

આ પ્રમાણે દરેક કોઠા માટે તે તે મહિના અને લાઈનમાં વારો પ્રમાણે કલાકાદિ સમજી લેવા. જે ગામમાં કાર્ય કરવાનું હોય તે ગામના સૂર્યોદયમાં તે તે મહિનાઓની સામે તે તે વારના કલાક, મિનિટ, સેકંડ ઉમેરવા...

દા. ત. - શ્રાવણ સુદ ૬, શુક્રવારે સંવત ૨૦૧૯ ના દિવસે કાર્ય કરવું છે તો શ્રાવણ માસના કોઠામાં શુક્રવારે ૨ કલાક, ૫૮ મિનિટ, ૪ સેકંડ છે. અમદાવાદનો સૂર્યોદય તે દિવસે ૬ ક. - ૯ મિ. - ૦ સેં. છે. બન્નેનો સરળો ૯ ક. - ૭ મિ. ૪ સે. આવ્યો. આ પ્રમાણે સર્વત્ર સમજી લેવું... સૂર્યોદય ચોક્કસ કરવો અથવા રેડિયોમાં મેળવી લેવો...

## બિંબ પ્રવેશ

**તિથિ :** ૧, ૨, ૩, ૭, ૧૧ તિથિઓ શુભ છે...

**વાર :** સોમ, ગુરૂ ને શુક્ર શુભ છે... બુધ, શનિ મધ્યમ છે... અને રવિ, મંગળ સર્વથા ત્યાજ્ય (વર્જ્ય) છે...

**નક્ષત્ર :** શતભિષા, પુષ્ય, ધનિષ્ઠા, મૃગશિર, રાહીણી અને ૩ ઉત્તરા શુભ છે. (દિ.શુ. ૦॥ ૮૮) સ્વાતિ, ચિત્રા, અનુરાધા અને રેવતી શુભ છે... અન્યે - અશ્વિની પણ શુભ છે (★ આ. સિ. વિ. ૪, શ્લો ૮૬)
જે દિશાના જે નક્ષત્રો હોય, તેમાં પ્રવેશ કરવો વધારે સારો છે... (મુહૂર્તગણ)

**માસ :** મહા, ફાગણ, વૈશાખ અને જેઠ શુભ છે. તેમજ માગસર, પોષ મધ્યમ છે. (નારદ અ. ૩૫, શ્લો. ૧ થી ૩) માગસર, પોષ, ફાગણ વૈશાખ અને શ્રાવણ શુભ છે... (મુહૂર્ત માર્તંડ પૃ. ૩૫૪) મહામહિનામાં ગૃહમંદિરમાં પ્રવેશ કરાવે તો અગ્નિનો ભય થાય. શ્રાવણ માસ શુભ છે... (બિંબપ્રવેશ વિધિ)

**રાશિ :** મકર, કુંભ, મીન, મેષ, વૃષ અને મિથુનમાં પ્રવેશ કરાવવો શુભ છે... (નારદ)

**લગ્નશુદ્ધિ :**

**૧. ગૃહપ્રવેશ - નિવેશની ગૃહવ્યવસ્થા**

| ગ્રહો | ઉત્તમ | મધ્ય | અધમ |
|---|---|---|---|
| ચંદ્ર, બુધ, ગુરૂ, શુક્ર | ૧, ૪, ૭, ૧૦, ૯, ૫, ૩, ૧૧ | ૮, ૨, ૬, ૧૨ | — |
| રવિ, મંગળ, શનિ, રાહુ | ૩, ૬, ૧૧ | ૯, ૫ | ૧, ૨, ૪, ૭, ૮, ૧૦, ૧૨ |

**૨. લગ્ન અને નવમાંશ**

જન્મલગ્ન, જન્મરાશિ લગ્ન તથા જન્મ લગ્ન અને જન્મરાશિ લગ્નથી ૩, ૬, ૧૦, ૧૧ માં સ્થાનનું લગ્ન, સ્થિરલગ્ન અને સ્થિર લગ્નનો નવમાંશ શુભ છે. પણ સ્થિર લગ્નમાં સિંહ કે વૃશ્ચિક વર્જ્ય છે. ફક્ત વૃષ કે કુંભલગ્નમાં અથવા તેના નવમાંશમાં પ્રવેશ શ્રેષ્ઠ છે...

૩. તેમજ દ્વિસ્વભાવવાળા મિથુન-કન્યા, ધન-મીન લગ્ન તથા તેના નવમાંશ સારા છે. ચરલગ્ન અવશ્ય તજવું...
(આ. સિ. પૃ. ૨૭૧ ને ૨૯/દિ. દિ. પૃ. ૩૪૫)

૪. स्वनक्षत्रे, स्वलग्ने, स्वमूहर्ते स्वके तिथौ। गृहप्रवेशं मांगल्यं, सर्वमेतत्तु कारयेत्॥१॥

**૫. પ્રવેશમાં સેન્દુલગ્ન નેષ્ટ છે :**

| ગ્રહો | અતિઉત્તમ | ઉત્તમ | મધ્યમ | અધમ |
|---|---|---|---|---|
| સૌમ્ય | ૩, ૧૧ | કેન્દ્ર ત્રિકોણ | ૫, ૯, ૨, ૬ | — |
| ક્રૂર | ૩, ૧૧ | ૬ | — | ૧, ૨, ૪, ૭, ૮, ૧૦, ૧૨ |

**વર્જ્ય વસ્તુઓ :**

ક્ષય, વૃદ્ધિ, રિક્તા, દગ્ધા, ક્રૂર તિથિઓ, ગુરૂ, શુક્ર અને ચંદ્રના બાલ્યત્વ, વૃદ્ધત્વ, અસ્તાદિ, ધનાર્ક, મિનાર્ક, સિંહસ્થ, મકરસ્થ ગરૂ, વ્યતિપાત, વૈધૃત્તિયોગો અને તેર દિવસનું પખવાડીયું આ અવશ્ય તજવું...

**પ્રવેશમાં ચંદ્ર, શિવ, વત્સાદિ :**

૧. **ચંદ્ર :** જમણો અને સન્મુખ સારો, ચંદ્રની અનુકુળતા ગોચર અને અષ્ટવર્ગથી જોવી...
૨. **સૂર્ય :** ડાબો, પાછળ સારો છે અને પૂર્વાદિ દિશામાં રહે છે. (મીનાદિ ત્રણ સંક્રાન્તિમાં) સૂર્ય રાત્રિના છેલ્લા પ્રહરથી આરંભીને બબ્બે પ્રહર પૂર્વાદિ દિશામાં હોય છે...
૩. **બુધ :** જમણો અને સન્મુખ વર્જવો...
૪. **શુક્ર :** જમણો અને સન્મુખ વર્જવો...
૫. **રાહુ :** જમણો, પાછળ સારો છે ને પૂર્વાદિ દિશામાં (ધન્વાદિ ૩ સંક્રાંતિમાં) રહે છે...
૬. **વત્સ :** ડાબો, જમણો સારો છે, પૂર્વાદિ ★ દિશામાં (કન્યાદિ ૩ સંક્રાંતિમાં) રહે છે...
૭. **શિવ :** જમણો કે પાછળ સારો છે...
૮. **યોગિની :** જમણી અને સન્મુખ અશુભ છે...
૯. **કાલ :** જમણો સારો છે...
૧૦. **દિક્શૂલ :** સન્મુખ વર્જ્ય છે...

**પ્રવેશ પ્રકાર :**

૧. **અપૂર્વ :** નવિનગૃહમાં
૨. **સપૂર્વ :** યાત્રાથી આવીને.
૩. જીર્ણને નવું બનાવ્યાં પછી પૂર્વાપૂર્વમાં ગુરૂ શુક્રના અસ્તનો દોષ નથી...

**સૂર્યચાર ચક્ર**

પૂર્વ




પશ્ચિમ

**રાહુચાર ચક્ર**

પૂર્વ




પશ્ચિમ

**ચન્દ્રચાર ચક્ર**

પૂર્વ




પશ્ચિમ

**મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિચાર ચક્ર**

પૂર્વ




પશ્ચિમ

**શિવચાર ચક્ર**




**વત્સચાર તથા તેની સ્થિતિનું ચક્ર**




૧. સૂર્ય મીનથી આરંભીને ત્રણ-ત્રણ સંક્રાંતિ સુધી અનુક્રમે પૂર્વાદિક દિશામાં રહેલો છે. વત્સ, કન્યા સંક્રાંતિથી આરંભીને, રાહુ, ધન સંક્રાંતિથી આરંભીને, બાકીના ગ્રહો સિંહ સંક્રાંતિથી આરંભીને પૂર્વાદિક દિશામાં રહે છે.

૨. **સૂર્યની દૈનિક ચાલ :** સૂર્ય રાત્રિના છેલ્લા પ્રહરથી આરંભીને બે-બે પ્રહર પૂર્વાદિક ચાર દિશામાં ચાલે છે. રાત્રિનો છેલ્લો અને દિવસનો પહેલો પૂર્વદિશામાં, દિવસના મધ્યના ૨ પ્રહર દક્ષિણદિશામાં, દિવસનો છેલ્લો અને રાત્રિનો પહેલો પશ્ચિમદિશામાં અને રાત્રિના મધ્યના ૨ પ્રહર ઉત્તરદિશામાં ફરે છે. પ્રયાણ સમયે જમણો હોય તો શુભ, પ્રવેશમાં ડાબો શુભ અને પાછળ હોય તો બન્નેમાં શુભ.

૩. **શુક્રની ચાલ :** શુક્ર જે દિશામાં ઉદય પામે છે અથવા ફરતો ફરતો જે દિશામાં જાય છે અથવા જે દિશાના દ્વારવાળા નક્ષત્રમાં જાય છે તે દિશામાં **સન્મુખ** શુભ હોય છે, એટલે આ ત્રણે રીતે સન્મુખ ગણાય છે. તેમાં પંચાંગમાં જે દિશામાં ઉદય પામેલો હોય તે દિશા સન્મુખ તજવી જોઈએ...

૪. **શિવની ચાલ :** મેષ રાશિમાં રહેલા સૂર્યથી ઉત્તરાદિક દિશામાં ઉત્ક્રમથી ફરે છે. દિશામાં ૧ માસ અને વિદિશામાં ૨ માસ રહે છે. તે શિવ એક દિવસ-રાત્રિમાં થઈને બે વાર અનુક્રમે ભ્રમણ કરે છે અને દરેક દિશામાં ૨॥-૨॥ ઘડી રહે છે અને વિદિશામાં ૫-૫ ઘડી રહે છે...

જેમ મેષમાં સૂર્ય હોય ત્યારે પ્રથમ ૨॥ ઘડી ઉત્તરમાં પછી ૫ ઘડી ઈશાનમાં, પછી ૨॥ ઘડી પૂર્વમાં એમ ક્રમે ૨ વખત ફરે છે પછી વૃષ તથા મિથુનનો સૂર્ય હોય ત્યારે ૨ માસ સુધી પ્રથમ ૫ ઘડી વાયવ્યનાં પછી ૨॥ ઘડી ઉત્તરમાં એમ ક્રમે ભ્રમણ કરે છે. આ શિવ જમણો તથા પાછળ હોય તો સારો છે...

**વત્સની ચાલ :**

તે તે સંક્રાંતિમાં તે તે દિશામાં વત્સ રહે છે અને તેટલાં તેટલાં દિવસ રહે છે. ડાબો તથા જમણો હોય તો શુભ...

**શુક્ર અંધ :** જ્યારે ચંદ્ર રેવતિ અને અશ્વિનીના પ્રથમ ચરણમાં હોય ત્યારે શુક્ર અંધ થાય છે...

**અન્યમતે :** ચંદ્ર અશ્વિની, ભરણી તથા કૃત્તિકાના પ્રથમ ચરણમાં હોય ત્યારે શુક્ર અંધ થાય છે...

(આરંભસિદ્ધિ વિ. ૪, શ્લો. ૧૮ ની ટીકામાં)

**ગૃહમંદિર-શિખર ઉપર ધ્વજ દંડ અંગે :**

गिहदेवालय सिहरे, धयदंड नो करिज्जइ कयावी। आमलसारं कलशं कीरइ, इअ भणियं सत्थेहिं॥१॥

ઘરમંદિરના શિખર ઉપર **ધ્વજ**દંડ રાખવો જોઈએ નહિ, પણ આમલસાર કલશ જ રાખવો જોઈએ...

**ધ્વજ દંડનું પ્રમાણ :**

इग हत्थे पासाए दंडं, पऊणंगुलं भवे पिंडम्। अद्धंगुलवुड्ढिकमे, जा करपन्नास कन्नुदह॥

એક હાથના વિસ્તારવાળા શ્રી જિનમંદિરમાં ધ્વજદંડ ૦॥। અંગુલનો મોટો, આગળના ૦॥ અંગૂલ વધારવો તથા કર્ણકિ ઉદય જેટલો લાંબો દંડ કરવો...

एक हस्ते तु प्रासादे, दण्डः पादोनमंगुलम्। कुर्यात् अद्धार्गुला वृद्धि, यवित् पश्चाशद्धस्तकम्॥

**દંડની ઉંચાઇ :**

दण्डः कार्यस्तृतीयांशः, शिलातः कलशावधिम्। मध्योऽष्टांशेन हीनांशो, ज्येष्ठात् पादोनः कन्यसः॥

ખુરશિલાથી કલશ સુધીની ઉંચાઇના ૩ ભાગ કરવા. એમાંથી એક ત્રીજા ભાગ જેટલો લાંબો દંડ કરવો, આ ઉત્કૃષ્ટમાન જેષ્ઠમાનનો આઠમો ભાગ જ્યેષ્ઠમાનમાંથી બાદ કરે તો મધ્યમમાન અને મધ્યમમાન માંથી ચોથો ભાગ ઓછો કરે તો જધન્યમાન...

**પ્રકારાંતર :**
प्राषादव्याभानेन, दण्डो ज्येष्ठः प्रकीर्तितः। मध्यहीनो दशांशेन, पंचमांशेन कन्यसः ॥
**પર્વ અને ચૂડી અંગે :**
पर्वभिर्विषमैः कार्यः समग्रंथी सुखावहः
દંડમાં પર્વ વિષમ અને ગાંઠો સમ રાખવી...
**પાટલી :**
दण्डदैर्घ्य-षडांशेन, मर्कध्यर्द्धेन विस्तृता। अर्द्ध चन्द्राकृतिः पार्श्वे, घण्टोऽर्ध्वे कलशस्तथा ॥
દંડની લંબાઈના છઠ્ઠા ભાગ જેટલી પાટલી કરવી અને લંબાઈ અર્ધી વિસ્તારવાળી કરવી.

પાટલીના મુખભાગમાં બે અર્ધ ચંદ્રના આકાર કરવા. બે બાજુ ઘંટી લગાડવી અને મધ્યમાં કળશ રાખવો. અર્ધચંદ્રાકારવાળા ભાગને પાટલીનું મુખ માન્યું છે આ પાટલીનું મુખ અને પ્રાસાદનું મુખ એકદિશામાં રાખવું અને મુખની પાછળ ધ્વજા લગાડવી જોઈએ...

वरिससयाओ उड्ढं, जं बिंबं उत्तमेहिं संठवियं। विअलंगु वि पूइज्जई, तं बिंबं निष्फलं न जओ ॥३९॥
જે પ્રતિમા ૧૦૦ વર્ષ પહેલાં ઉત્તમ પુરૂષોએ સ્થાપન કરી હોય તે જો વિકલાંગવાળી (બેડોળ) હોય અથવા ખંડિત હોય તો પણ તે પ્રતિમા પૂજવી જોઈએ પૂજનનું ફળ નિષ્ફળ જતું નથી.
मुह-नक्क-नयण-नाही-कडिभंगे मूलनायगं चयह। आहरण-वत्थ-परिगर-चिण्हायुहभंगि पूइज्जा ॥८०॥
મુખ-નાક-નયન-નાભિ અને કમ્મર આ અંગોમાંથી કોઈ અંગ ખંડિત થઈ જાય તો મૂળનાયક તરીકે સ્થાપન કરેલી પ્રતિમાનો ત્યાગ કરવો જોઈએ પરંતુ આભરણ, વસ્ત્ર પરિકર, ચિહ્ન અને આયુધ આમાંથી કોઈનો ભંગ થઈ જાય તો પૂજન કરી શકાય છે..

धाउलेवाइ बिंबं, विअलंगं पुणवि कीरइ सज्जं। कट्ठ-रयण-सेलमयं, न पुणो सज्जं च कइयावि ॥४२॥
ધાતુ (સોનું, ચાંદી, પિત્તળ વિ.) અને લેપ (ચૂનો, માટી, ઇંટ, વિ.)ની પ્રતિમા જો અંગહીન થઈ જાય તો તેને બીજીવાર બનાવી શકાય છે. પરંતુ કાષ્ઠરત્ન અને પત્થરની પ્રતિમા જો ખંડિત થઈ જાય તો તેને ક્યારે પણ બીજીવખત બનાવી શકાય નહિ.

**આચાર દિનકરમાં કહ્યું છે કે :**
धातुलेप्यमयं सर्वं, व्यंगं संस्कार - मर्हति। काष्ठपाषाणनिष्पन्नं, संस्कारार्हं पुनर्नहि ॥
प्रतिष्ठितं पुनर्बिंबे, संस्कारः स्यान्न कर्हिचित्। संस्कारे च कृते कार्या, प्रतिष्ठा तादृशी पुनः ॥
संस्कृते तुलिते चैव, दुष्टस्पृष्टे परीक्षिते। इते बिंबे च लिङ्गे च, प्रतिष्ठा पुनरेवहि ॥

ધાતુની પ્રતિમા અને ઇંટ, ચૂનો અને માટી વિ. ની લેપમય પ્રતિમા જો વિકલાંગ થઈ જાય અર્થાત્ ખંડિત થઈ જાય તો તે ફરી સંસ્કાર કરવા યોગ્ય છે. અર્થાત્ તેને ફરી બનાવી શકાય પણ કાષ્ટ અથવા પત્થરની પ્રતિમા ખંડિત થઈ જાય તો ફરી સંસ્કાર યોગ્ય નથી. એવી રીતે પ્રતિષ્ઠા થાય પછી કોઈપણ પ્રતિમાનો કદી સંસ્કાર થાય નહિ. જો કારણવશ કંઈ સંસ્કાર કરવો પડે, તો ફરી પૂર્વવત્ પ્રતિષ્ઠા કરાવવી જોઈએ. કહ્યું છે કે ''પ્રતિષ્ઠા થયા પછી જે મૂર્તિનો સંસ્કાર કરવો પડે, તોલવું પડે, દુષ્ટ મનુષ્યનો સ્પર્શ થઈ જાય, પરીક્ષા કરવી પડે, અથવા તો ચોર ચોરી જાય તો ફરી એ મૂર્તિની પૂર્વવત્ પ્રતિષ્ઠા કરાવવી જોઈએ...

**ગૃહમંદિરમાં પૂજવા યોગ્ય મૂર્તિનું સ્વરૂપ :**

पाहाणलेवकट्ठा, दंतमया चित्तलिहिय जा पडिमा। अप्परिगरमाणाहिय, न सुंदरा पूयमाणगिहे ॥४२॥

પાષાણ, લેપ, કાષ્ઠ, દાંત અને ચિત્રામની જે પ્રતિમા છે, તે જો પરિકર રહિત હોય અને ૧૧ અંગુલ પ્રમાણથી અધિક હોય તો પૂજનારના ઘરમાં સારૂં નહિ...

પરિકરવાળી પ્રતિમા અરિહંતની અને પરિકર વિનાની પ્રતિમા સિદ્ધાવસ્થાની છે. સિદ્ધાવસ્થાની પ્રતિમા ઘરમંદિરમાં ધાતુ સિવાય પત્થર, લેપ, દાંત, કાષ્ઠ અથવા ચિત્રામની બનેલી હોય તો રાખવી જોઈએ નહિ. અરિહંતની મૂર્તિને માટે પણ શ્રી સકલચંદ્ર ઉ. કૃત પ્રતિષ્ઠાકલ્પમાં કહ્યું છે કે -

मल्लिनेमि वीरो, गिहभवणे सावएणण पूइज्जइ। इगवीसं तित्थयरा, संतगरा पूइया वंदे॥
नेमिनाथो वीर मल्लि-नाथौ वैराग्यकारकाः। त्रयो वै भवने स्थाप्या, न गृहे शुभदायकाः॥
इक्कंगुलाइ पडिमा, इक्कारस जाव गेहि पूइज्जा। उड्ढं पासाइ पुण, इअ भणियं पुव्वसूरीहिं॥४३॥

ઘરમંદિરમાં એક અંગુલથી અગ્યાર અંગુલ સુધીના માપની પ્રતિમા પૂજવી જોઈએ અર્થાત્ ૧૧ અંગુલથી અધિક મોટી પ્રતિમા પ્રાસાદમાં (મંદિરમાં) પૂજવી જોઈએ એવું પૂર્વાચાર્યોએ કહ્યું છે...

**દ્રષ્ટિવિચાર :**

પ્રથમ મત : પ્રભુજીની દ્રષ્ટિ કીકીના મધ્યબિંદુથી મપાય છે, દ્વારના દશ ભાગ કરવા પછી સાતમાના સાતમા ભાગમાં દ્રષ્ટિ સ્થાપન કરવી (ઠક્કર ફેરૂ)

૨. **બીજોમત :** દ્વારના આઠ ભાગ કરવા અને પછી સાતમાના સાતમા ભાગમાં દ્રષ્ટિ સ્થાપવી, આ મત ઘરમંદિર માટે ઉપયોગી છે એમ ઠક્કર ફેરૂ માનવું છે...

૧. **ઈષ્ટસ્થળ :** તારિક અને ઈષ્ટ સમય લખીને ઈષ્ટ સ્થળનાં અક્ષાંશ અને રેખાંશ લખવાં.

અ. - ઈષ્ટ સમય ઉપર કોષ્ટક નં. ૨ માં રેખાંશ ૬૬ થી ૮૨ સુધી બાદ કરવાનું કોષ્ટક છે અને રેખાંશ ૮૨ થી ૯૮ સુધીમાં ઉમેરવાનું કોષ્ટક છે.

તદનુસાર ઈષ્ટ સમયમાંથી બાદ કરવું કે ઉમેરવું.

આ કોષ્ટકનાં સરળ લીટિમાં અક્ષાંશ લખેલ છે અને ઉભી લીટિમાં ૦-૧૫-૩૦-૪૫ લખેલ છે એનો અર્થ. .।., .।।.; ।।।. કરવો. રેખાંશના અંશ અને કલા આમાં ૧૫।૩૦।૪૫ ઉપર સામાન્યથી જોવું.

૨. હવે કોષ્ટક નં. ૩ માં ૧ થી ૨૪ કલાક સુધીનાં સમયસંસ્કાર આપેલાં છે અને કોષ્ટક નં. ૪ માં મિનિટો ઉપર સંસ્કાર આપેલા છે. આ કલાક અને મિનિટોનાં સંસ્કાર ઉપર આવેલ સ્થાનિક સમયમાં + ઉમેરવાથી સંસ્કારિત સ્થાનિક સમય આવે છે.

સુલભ લગ્ન સાધન પાનું નં. ૨ કોષ્ટકમાં સં. ૧૯૦૧ થી ૧૯૯૯ સુધી વર્ષ ફળ આપવામાં આવેલા છે. ઈષ્ટ વર્ષ સામે જે આંક હોય તે વર્ષ સામે જે આંક હોય તે વર્ષ ફળ સમઝવું. (૨) ઈષ્ટ માસનું ફળ જોતાં જો લીપ વર્ષ હોય = ૪ નો ભાગ આપતો તો શેષ ૦ રહે તો તે વર્ષ માટે કોષ્ટક બ-૧ વાપરવું બીજા વર્ષો માટે કોષ્ટક બ-૨ નો ઉપયોગ કરવો.

પછી ઈષ્ટ તારિખના સામે આવનાર દિન ફળ કલાક-મિનિટ-સેકન્ડ લખવાં એટલે વર્ષ ફળ/માસ ફળ/દિન ફળ આ ત્રણેયની બેરીજ + કરીને એટલે તે સાંપત્તિક સમય આવ્યો કહેવાય. ત્યાર બાદ કોષ્ઠ નં. ૧ પ્રમાણે ઈષ્ટ રેખાંશના નીચે આવેલ સેકન્ડ બાદ કરીએ એટલે ઈષ્ટ સાંપત્તિક સમય આવ્યો કહેવાય.

૩. સ્થાનિક સંસ્કારિત સમય/ + ઈષ્ટ સાંપત્તિક સંસ્કારિત સમય - હવે આવેલ આકડો જો ૨૪ કલાકથી વધુ હોય તો ૨૪ કલાક બાદ કરવાં. જે સંખ્યા આવે તે ઈષ્ટ અક્ષાંશ ઉપરના ખાના ઉપર જોવું. એમાં આડી રેખામાં ૦ કલાક થી ૨૩ કલાક સુધીના આકડા છે અને એના નીચે ૦ મિનિટથી ૫૯ મિનિટ સુધીના આંક હોય છે તદનુસાર કલાક-મિનિટ પ્રમાણે કોષ્ટકમાં જોવું.

કલાક નીચે રાશિનો આંક હોય છે. જ્યાં બે આંક ૩/૪ એમ લખેલુ હોય ત્યાં ઉપરની રાશિ પૂર્ણ થઈ નીચેની રાશિ શરૂ થાય છે એમ સમજવું. જ્યાં ૨૯° અંશ પૂરા થાય છે ત્યાં તે રાશિ પૂરી થઈ છે એમ જાણવું અને આગળથી રાશિ શરૂ થાય છે.

ઉભા ખાનાઓમાં ચાર-ચાર અંક લખેલા હોય છે એના પહેલા બે આંક ને અંશ અને પછીના બે આંક એ કલા સમજવી. હવે જે સેકન્ડ બાકી રહ્યાં તે માટે ૧ મિનિટમાં જો અમુક કલા તો ઈષ્ટ સેકન્ડની કેટલી ? એમ ગણિત કરીને ઉપરના કલામાં ઉમેરવી એટલે ઈષ્ટ સાંપત્તિક સમયનું લગ્ન પ્રાપ્ત થાય છે. એનુ નિરયન લગ્ન કરવાં પાનું નં. ૧ માં ઈષ્ટ વર્ષ ના અયનાંશ આપેલા છે. તેમાં ૨૩ નો અંક છોડી દઈને કલા હોય તે ઈષ્ટ સંખ્યા લગ્નમાંથી બાદ કરવાથી ઈષ્ટ નિરયન લગ્ન સ્પષ્ટ આવે છે.

લગ્ન કાઢવાની રીત ૨૩° ના આધારે જ છે તેથી ૨૩° છોડી દેવાય છે.

### સ્પષ્ટ દશમ ભાવ

૧ સ્પષ્ટ લગ્ન કાઢતી વખતે જે ઈષ્ટ સ્થાનિક સાંપત્તિક સમય આવેલ હોય તદનુસાર પાના નં. ૬ ઉપર લગ્ન પ્રમાણે જોઈને સ્પષ્ટ દશમભાવ રાશિ અંશ કલામાં કાઢવો પછી એમાંથી અયનાંશ બાદ કરવાથી ઈષ્ટ સ્પષ્ટ દશમભાવ આવશે.

### આકાશ કુંડલી

**સ્પષ્ટ લગ્ન - દશમભાવ :** જે રાશિ-અંશ-કલા આવે તેના અંશ અને કલામાં રૂપાન્તર કરી ૬ થી ભાગ આપવો. જે ૬ ઠો ભાગ કહેવાય.

પછી સ્પષ્ટ દશમભાવમાં એ ૬ ઠો ભાગ ઉમેરવો જે આથે ત્યાં (૧) પછી એમાંજ ૬ ઠો ભાગ ઉમેરવો જે આવે ત્યાં (૨) આ પ્રમાણે ૨।૩।૪।૫।૬। સુધી ઉમેરતા જ્યારે (૬) નો જે આંક આવશે તે સ્પષ્ટ લગ્ન આવશે. ત્યાર બાદ મોટી કુંડલી માંડીને એમાં ૧૨ ઘરમાં ૧૨ બાણ કાઢવાં અને રેખા ઉપર આંક લખવા શરૂઆત સ્પષ્ટ દશમ ભાવથી કરીને લગ્ન સુધીમાં ૬ એ આવેલા ભાગ ક્રમશ લખવાં.

ત્યારબાદ લગ્ન પૂર્વેના આંકમાં ૧ રાશિ ઉમેરીને તે આંક લગ્ન પછીના રેખા ઉપર લખવો. પછી ક્રમશઃ ૨ થી ૬ સુધી ઉમેરતાં આવતાં અંક સ્પષ્ટ ચતુર્થ ભાવ સુધી લખવો.

પછી દશમ ભાવના અંકમાં ૬ રાશિ ઉમેરતાં પંચમભાવનો આદ્ય પ્રાપ્ત થાય. આ રીતે ૬-૬ રાશિ ઉમેરતાં સપ્તમ ભાવ સુધી આવવું. આ રીતે ૬-૬- રાશિ ઉમેરતાં દશમ ભાવનો આદ્ય આવે તેથી ઈષ્ટ સમયનો ઈષ્ટ સ્થળનો નકશો તૈયાર થાય છે.

ત્યાર બાદ ગણિતાનુસાર કાઢેલા સ્પષ્ટ ગ્રહો જ્યાં બેસે ત્યાં લખવાં જેથી ગ્રહોનું આકાશ સ્થળ સમજાય છે. તેમજ ચલિત થયેલ ગ્રહ - ભાવમધ્ય અને ભાવસન્ધિનું પૃથક્કરણ થવા સાથે ગ્રહોનું બળ પણ ધ્યાનમાં આવે છે.

★ ભાવ સંન્ધિમાં આવેલ ગ્રહ બન્ને ભાવનું ફળ આપવામાં નિર્બળ બને છે.
★ ચલિત ગ્રહ પાછળના ભાવનું ઓછુ ફળ આપી ચલિત ભાવનું વધુ ફળ આપે.
★ ભાવ મધ્યમાં આવેલ ગ્રહ સંપૂર્ણ ફળ આપવાં સમર્થ બને છે.
★ ભાવમધ્ય - બાણ નીચેના અંકના ૫° અંશ આ તરફ કે પેલી તરફ પછી એ ભાવસન્ધિમાં જાય છે. ત્યાં એનુ બળ ઓછું થાય છે. આ કુંડલીને ભાવચલિત કુંડલીમાં દશમ ભાવ કુંડલી કહેવાય છે.

## સ્પષ્ટ ચંદ્ર કાઢવાની રીત

૧) ઈષ્ટ સમય કયા નક્ષત્રમાં છે એની નોંધ કરવી.
ઈષ્ટ નક્ષત્રનો અંત સમય/ઈષ્ટ નક્ષત્રનો આદિ સમય = નક્ષત્ર ચલન આવે.

૨) ઈષ્ટ સમય નક્ષત્રનો પ્રારંભ સમય = ઈષ્ટ નક્ષત્રનું ચલન આવે.
પછી સંપૂર્ણ નક્ષત્ર ચલન અને ઈષ્ટ નક્ષત્ર ચલન = બન્નેનું મિનિટોમાં રૂપાંતર કરવું.

૩) સંપૂર્ણ નક્ષત્રના ચલનોના મિનિટોને જો ૮૦૦ કલા તો ઈષ્ટ નક્ષત્રના ચલનોના મિનિટોને કેટલી કલા એમ ગણિત કરવું અને આવેલી કલાઓનું અંશ કલામાં રૂપાંતર કરવું.

૪) ઈષ્ટ નક્ષત્રના પહેલાના નક્ષત્રના જે રાશિ અંશ કલા હોય એમાં આવેલ અંશ કલા ઉમેરવાથી ઈષ્ટ સમયનો સ્પષ્ટ ચન્દ્રમાં આવશે.

૫) ઉપર આવેલી કલાઓ ૦ થી ૨૦૦ પ્રથમ ચરણ; ૪૦૦ સુધી ૨ જુ ચરણ; ૬૦૦ સુધી તૃતીય ચરણ અને ત્યારબાદ ૮૦૦ સુધી ૪ થુ ચરણ સમજવું.

## મહાદશા

નક્ષત્ર ઉપરથી સ્પષ્ટચંદ્ર કાઢ્યા પછી ગણિતની સરળતા માટે તુર જ નક્ષત્ર ઉપરથી મહાદશા કાઢવી.

**જન્મનક્ષત્ર :** ઈષ્ટ નક્ષત્ર એના આધારે સ્પષ્ટ નક્ષત્ર કાઢ્યો છે તે નક્ષત્ર ઉપરથીજ હવે સ્પષ્ટ મહાદાશા કાઢવાની છે.

૧) જે નક્ષત્રના જન્મ હોય એનો સ્વામી લખવો અને એ સ્વામીની મહાદશાનો કાળ એના સામે લખી પછી સંપૂર્ણ નક્ષત્ર ચલનના મિનિટો એ જો ઈષ્ટ મહાદશાના આટલા વર્ષો જેમ કે ચન્દ્રના ૧૦ વર્ષ તો ઈષ્ટ નક્ષત્રના ચલનના મિનિટોએ કેટલા ? વર્ષ-માસ-દિવસ આવે એ ગણિતાનુ સાર કાઢવા. તે ભુક્ત કાળ આવશે.

પછી સંપૂર્ણ મહાદશાના વર્ષમાંથી ગણિતથી આવેલ વર્ષ-માસ-દિન ઓછા કરવા ને શેષ આવે તે મહાદશાનો ભોગ્યકાળ આવશે. તે ભોગ્ય વર્ષ-માસ-દિનમાં જન્મતારિખના વર્ષ-માસ-દિન + ઉમેરવા જેથી જન્મસ્થ મહાદશા પૂર્ણ થવાની તારિખ આવશે. એ તારિખમાં કોષ્ઠ પ્રમાણે આગળના મહાદશાના ક્રમશઃ વર્ષો ઉમેરતા જવું. સામાન્યતઃ ૭ મહાદશામાં આયુ પુરૂ થાય છે. તેથી ૭ મી મહાદશાને વધ મહાદશા કહેવાય છે. પ્રાયઃ ૭ મી મહાદશામાં સાડીસાતી આવવાથી વય મર્યાદા પૂરી થાય છે.

## મહાદશા કોષ્ઠક

| નક્ષત્ર | સ્વામી |
|---|---|
| અશ્વિની-મઘા-મૂળ | કેતુ - ૭ વર્ષ |
| ભરણી-પૂ.ફા.પૂ.ષાઢા | શુક્ર - ૨૦ વર્ષ |
| કૃત્તિ., ઉ.ફા., ઉ. ષાઢા | રવિ - ૬ વર્ષ |
| રોહિ., હસ્ત., શ્રવણ | ચંદ્ર - ૧૦ વર્ષ |
| મૃગ., ચિત્રા, ધનિષ્ઠા | મંગળ - ૭ વર્ષ |
| આર્દ્રા., સ્વાતિ, શત. | રાહુ - ૧૮ વર્ષ |
| પુનર્વ., વિશા., પૂ.ભાદ્ર | ગુરુ - ૧૬ વર્ષ |
| પુષ્ય., અનુ., ઉ. ભાદ્ર | શનિ. ૧૯ વર્ષ |
| આશ્લે., જ્યેષ્ઠા, રેવતી | બુધ - ૧૭ વર્ષ |

**અંતર્દશા :**

પંચાંગમાં દરેક મહાદશાની અંતર્દશાનું પૃથક્કરણ કોષ્ઠકમાં આપેલુ હોય છે. તે આવેલ સંખ્યા અનુસાર તારિખ વાર પ્રમાણે લખવું.

મહાદશા સ્વામી/અંતર્દશા સ્વામી જો એકમેકના શત્રુ હોય તો તે અંતર્દશા કષ્ઠકારી સમજવી.

★ સામાન્યથી લગ્નેશ-પંચમેશ અને ભાગ્યેશ એના સ્વામીની મહાદશા પ્રગતિકારક હોય છે. એજ રીત ૨-૪-૮ અને ૯ મી મહાદશા સારી જાય છે. શુક્ર ગમે તેવો હોય પણ શુક્રની મહાદશા સારા ફળ આપે છે. તેથી જો આયુષ્યમાં શુક્રની મહાદશા જો ન આવે તો એ અભાગ્ય સૂચક છે.

★ રાહુની મહાદશામાં મનુષ્યનાં આયુષ્યમાં અનધારી ઘટનાઓ બને છે.

★ અષ્ટમેશમાં - ષષ્ઠેશ અને વ્યયેશની મહાદશા એક શુક્રને છોડીને કષ્ઠકારી હોય છે.

★ જન્મથી ૬ ઠ્ઠી મહાદશા સુન્દર પ્રગતિ કરાવે છે.

## ચંદ્રશિવાય બાકીના ગ્રહો સ્પષ્ટ કરવાની રીત

પંચાંગમાં સવારે ૫ ક. - ૩૦ મિ. ના સ્પષ્ટ ગ્રહો હોય છે. આપનો ઈષ્ટ ગ્રહ કયાં ૫ ક. - ૩૦ મિ. થી કયાં ૫-૩૦ માં છે એ જોવું. અને ઈષ્ટ ઈષ્ટ સમયમાંથી ૫-૩૦ બાદ કરવાં. પછી બન્ને ૫-૩૦ નું અંતર ૨૪ કલાક અર્થાત ૧૪૪૦ મિનિટ હોય છે. ઈષ્ટ ગ્રહ ૧૪૪૦ મિનિટમાં કેટલી કલા ચાલ્યો તે કાઢવું. પછી ૧૪૪૦ મિનિટે જો અમુકકલાં તો ઈષ્ટ ચલનમાં કેટલી કળા તે ગરિતાનુસાર કાઢીને પ્રથમનાં ૫-૩૦ નાં ઈષ્ટ ગ્રહમાં ઉમેરતાં સ્પષ્ટ ગ્રહ આવશે. જો ગ્રહ વક્રી હોય તો તે કલા બાદ કરવી. આ રીતે દરેક ગ્રહ સ્પષ્ટ કરવાં રવિ-ચંદ્ર સદૈવ માર્ગીજ હોય છે. સ્પષ્ટ ગ્રહકાઢ્યાં પછી નક્ષત્ર કુંડલી કરવી.

સર્વ સ્પષ્ટ ગ્રહ અને લગ્ન કાઢ્યા પછી એનું કોષ્ઠક તૈયાર કરવું. તેમાં લગ્ન થી માંડી કેતુ સુધીના ૧૦ ઘર (ખાન) તૈયાર કરવો. પછી રાશિ, અંશ, કલા, નક્ષત્ર, ચરણ, મહાદશા, નવમાંશ દરેક ગ્રહમાં એકની નીચે એક લખવાં. આ નક્ષત્ર કુંડલીથી કયો ગ્રહ કયા નક્ષત્રમાં અને કોના નક્ષત્રમાં છે તેમ જ કયાં નવમાંશમાં છે એની સમજ પડે છે.

★ જે રાશિમાં ગ્રહ હોય તે જ રાશીને નવમાંશ હોય તે વર્ગોત્તમ કહેવાય. વર્ગોત્તમ ગ્રહ બળવાન અને સદૈવ શુભફળ આપે છે.

★ નવમાંશ કુંડલી અત્યંત પૂરક કુંડલી હોય છે. જન્મ કુંડલીમાં જો બળહીન ગ્રહ હોય અને નવમાંશમાં એ સુધરે તો શુભફળદ છે.

★ સ્વનવમાંશી અથવા સ્વનક્ષત્રી ગ્રહ બળવાન બને છે. નવમાંશ કુંડળીના લગ્નમાં રહેલ ગ્રહને ઉદિતાંશી ગ્રહ કહેવાય છે અને એ બળવાન હોય છે.

★ સર્વ ગ્રહોમાં જે ગ્રહનાં અંશ અને કલા સર્વાધિક હોય તે ગ્રહ આત્મકારક કહેવાય.

★ જન્મક્ષત્રથી અનુક્રમે જે નક્ષત્ર આવે છે એને જન્મસંપત્ વિગેરે નામ હોય છે. આ નામો નવમાંશ નીચે લખવાં જેનાથી ગ્રહોનું શુભાશુભ સમજાય છે. ગ્રહ વક્રી છે કે અસ્તમાં એ પણ લખવું.

★ શુભગ્રહ વક્રી હોય ત્યારે ઉચ્ચગ્રહનું ફળ આપે છે. પાપ ગ્રહ વક્રી હોય ત્યારે અશુભ ફળ આપે છે. લગ્ન કુંડલીને કાલપુરૂષ કુંડલી કહે છે.

## ૧૨ ભાવવિચાર

### લગ્ન સ્થાન : નામ - ઉદય-આદ્ય-લગ્ન-પ્રથમસ્થાન

આ સ્થાનથી સ્વભાવ, સ્વરૂપ, આયુષ્ય શારિરીક સુખ, દુ:ખ, શરીર લક્ષણ મસ્તક, આત્મા ગુણ, દોષ, પ્રવાસ પુત્રનો ભાગ્યોદય, પિતૃમાતા, માતૃપિતા, ચિંતાનાશ, મહત્ત્વાકાંક્ષા, યશ, કાર્યારંભ, આ ભાવમાં જો પાપગ્રહ હોય તો દેહ ઉપર તલનું પ્રમાણ વધુ હોય; આ કેન્દ્રસ્થાન છે. દિશા, પૂર્વ, પુરૂષ ભાવ. વર્ણ : પીળો, ચરભાવ આ સ્થાનનો અમલ મસ્તક ઉપર હોય છે. - કારકગ્રહ : રવિ.

### તૃતીય સ્થાન : ભ્રાતૃ સ્થાન, પરાક્રમ સ્થાન, સહજ સ્થાન

આ સ્થાનથી ભાઈ તરફથી સુખ, સગાસંબંધી, પાડોશી, સાહસીસ્વભાવ, કર્તુત્વગારી, રેલ્વે મોટરના પ્રવાસ, ભાઈ-બ્હેનનું સુખ, જમણોકાન, ગળુ, છાતી, ખભા, હાથ, કંઠ માધુર્ય, સહાય, પરાક્રમ, દવા, લેખન, મુદ્રણ, સાંભળવાની શક્તિ, સ્વપ્ન, હસ્તાક્ષર, મહત્ત્વાકાંક્ષા, શરીરસ્વાસ્થ્ય, પત્રવ્યવહાર, મિત્રસંતતિ, બાતમી અને પિતાના શત્રુ. આ સ્થાનનો વિક્રમસ્તાન, ઉપચયસ્થાન, આપોક્લિમ સ્થાન કહેવાય છે. દિશા : ઈશાન્ય, બુદ્ધિસ્થાન, પુરૂષભાવ, - વર્ણ નારંગી, ચલભાવ. - અમલ : હાથ, ખભા, કાન, - કારંકગ્રહ : મંગળ.

### દ્વિતીય ધનભાવ

આ ભાવને અર્થસ્થાન કોષસ્થાન પણ કહે છે. આ ભાવથી સાંપત્તિક સ્થિતિ, બૅંક બેલેન્સ, સોનુ નાણું, દરિદ્રતા, નફો-નુકસાન, વકૃત્વ, નેત્ર, કુટુંબ, પૂર્વાર્જિતધન, ભોજન, વાણીથી આર્થજન, પુરૂષોને સ્ત્રી આધાર, સ્ત્રીને પુરૂષાધાર જોવાય છે. આ સ્થાનને પણફર કહે છે. આ મારકસ્થાન છે. અમલ : ડોક, ગળુ, નેત્ર, કંઠ, દિશા, ઈશાન્ય, સ્ત્રીભાવ, સ્થિરભાવ - વર્ણ : લીલો, - કારકગ્રહ : ગુરૂ.

### ચતુર્થ સુખસ્થાન : સુખ, પાતાલ, માતૃસ્થાન અને વાહન સ્થાન.

આ ભાવથી - ગૃહસૌખ્ય, માતા, સ્થાવર સંપત્તિ, ખેતી, વાહન, બંગલા, આયુષ્યના છેલ્લા દિવસો, છાતી, ફેફસા, સગાઓ, મન:સ્થિતી, માનસિક ચિંતા, વિદ્યા, કીર્તિ, અધિકાર, સામાજીક પ્રતિષ્ઠા, સંસ્થા સંબંધ, રાજકેદી, વાસ્તવ્યગામ કે નગરમાં, ઘરનું સ્વરૂપ, ભૂમિગતદ્રવ્ય, અંતકાળ જોવાય છે. આ કેન્દ્ર સ્થાન છે. દિશા : ઉત્તર, સ્ત્રી ભાવ, લાલવર્ણ, સ્થિરભાવ. - અમલ : છાતી અને પેટ ઉપર, - કારક ગ્રહ : ચંદ્ર અને બુધ

### પંચમ સ્થાન : સૂતસ્થાન - ત્રિકોણ સ્થાન, શુભ સ્થાન

આ સ્થાનિથી - સંતતિ, ગર્ભ, વિદ્યા, ઉપાસના, મંત્ર, સટ્ટો, લોટરી, પુત્ર કે કન્યા ? હૃદય, પીઠ વિવેકશક્તિ, શિક્ષણ દેવતારાધના, શ્રૃંગાર, ઋતુપ્રાપ્તિ, પ્રણય, બુદ્ધિથી પ્રાપ્ત ધન, ક્રિડા નૈપુણ્ય, પિતૃભાવ, પુન્ય પ્રતિભા, નૈતિક આચરણ, કલાજ્ઞતા, ઈન્દ્રજાલ, સ્થિરતા, પ્રયત્ન, ઉદ્યોગદિશા, પ્રથમ સંતતિ, લક્ષ્મી સ્થાન, ત્રિકોણ સ્થાન, પણફર સ્થાન. દિશા : વાયવ્ય, પુરૂષભાવ - વર્ણ : શ્યામ, ચરભાવ - અમલ : હૃદય અને પીઠ ઉપર - કારકગ્રહ : ગુરૂ.

### છઠ્ઠુ શુભસ્થાન : ઉપચયસ્થાન

આ ભાવથી શત્રુ, મોશાળ, રોગ, નોકર, કેડ, પશુપ્રાપ્તિ, દુષ્કૃત્ય, ચોરી, વ્યસન, સંગત, સદાચાર, ગુપ્તશત્રુ, ભાડુતી ૧ લાં પુત્રની સંતતિ, ક્ષુદ્ર, બુદ્ધિ જોવાય છે. આ સ્થાનને આપોક્લિમ પણ કહે છે. દિશા : વાયવ્ય, દુ:ખસ્થાન, સ્ત્રીભાવ - વર્ણ : શ્યામ, સ્થિર ભાવ - અમલ : નાભિ, આંતરડા - કારકગ્રહ : શનિ અને મંગળ

### સપ્તમ જાયાસ્થાન : અસ્તસ્થાન, ભર્તાસ્થાન, પ્રણયસ્થાન

આ ભાવથી સ્ત્રીસુખ, પતિસુખ, વિવાહ, ભાગીદારી, યુદ્ધ, કોર્ટ, પ્રતિસ્પર્ધી, લગ્નજીવન, વ્યાપારાર્થે પ્રવાસ, નષ્ઠધન, સહકાર્ય, ત્રિજોભાઈ, બીજી છોકરી, ભત્રિજો, પિતાવ્યવસાય. આ સ્થાન મારક છે. દિશા : પશ્ચિમ પુરૂષભાવ - વર્ણ નારંગી, ગુલાબી, ચરભાવ - અમલ : કેડ, બસ્તી, મુત્રાશય, કુક્ષી - કારકગ્રહ : શુક્ર.

## અષ્ટમ મૃત્યુસ્થાન : ગુહ્યસ્થાન, જીવિતસ્થાન

આ ભાવથી મૃત્યુનિદાન, અચાનક ધનલાભ, વારસાથી ધન, વીમો, દાયાજો, ભૂમિગત ધન, અજાસુખ, ગુહ્યેન્દ્રિય, અપમૃત્યુ, ગડાન્તર, અપધાન, ઝેરીદંશ, દલાલી, તામસપણુ, સસરા તરફથી ધન, બેઅણુ, અનૈતિકસંબંધ, ગુપ્તવાત, આદરણીય વ્યક્તિત્વ, અચાનક સ્થિત્યન્તર, આભાવને રન્ધ્ર, પણફર પણ કહેવાય છે. દિશા : નૈઋત્ય, સ્ત્રીભાવ, દુ:ખસ્થાન - વર્ણ : શ્યામલ લીલો વર્ણ. સ્થીરભાવ - અમલ : ગુહ્યેન્દ્રિ - કારક ગ્રહ : શનિ.

## નવમ સ્થાન : ધર્મસ્થાન, ભાગ્યસ્થાન, શુભસ્થાન

આ ભાવથી ધર્મશ્રદ્ધા, તપ, તીર્થયાત્રા, ધર્મક્રિયા, સાક્ષાત્કાર, શિક્ષણ, જનસંપર્ક, યશ, કીર્તિ, ભાગ્યોદય, પુત્રાદિક પરિવાર, પરદેશગમન, ગ્રંથ પ્રકાશન, સ્વપ્ન સત્ય પડે, સત્સંગ, આત્માદિતત્વજ્ઞાન, પરોપકાર, શાસ્ત્રપઠન, શીલ, શક્તિ. સમાજકાર્ય, રાષ્ટ્રકાર્ય, લોકપ્રેમ, અધ્યક્ષાદિ અધિકાર, આ સ્થાન અતિશુભ છે. આને ત્રિકોણસ્થાન કહે છે. લક્ષ્મીસ્થાન, પુરૂષભાવ, ચરભાવ. વર્ણ : લીલા સપડતો - વર્ણ : સફેદ - અમલ : સાથળ, કેડ - કારક ગ્રહ : રવિ અને ગુરૂ.

## દશમસ્થાન - કર્મસ્થાન, પિતૃસ્થાન

આ ભાવથી પિતૃસુખ, અધિકાર, કર્મ, સારા-નરસા કાર્યો, યજ્ઞયાગ, માનપાન, નિદ્રા, નિર્વાહ ઉદ્યોગ, હોદ્દો, રાજકારણ, અલંકાર, યશ, અપયશ, વિદ્યા, લોકોપયોગી કાર્યો, વ્યસાયાર્થે પ્રવાસ, સંસ્થાકીય કાર્યો, ચૌર્યધન, આ સ્થાનને અપસદ કહે છે. આ કેન્દ્ર અને ઉપચય સ્થાન છે. દિશા : દક્ષિણ, સ્ત્રીભાવ - વર્ણ : ગુલાબી, સ્થિરભાવ - અમલ : ઢીંચણ, મનગટ - કારકગ્રહ : રવિ, બુધ, ગુરૂ અને શનિ. આ સ્થાને જો મંગળ હોય તો કુંડલી ને સુધારે અને સારા ફળ આપે છે.

## ૧૧મું આયસ્થાન - લાભ, સિદ્ધિ, મિત્ર સ્થાન

આ ભાવથી વિવિધ લાભ, આશા, ઈચ્છાની સફળતા, વાહનાદિ ઐશ્વર્ય, મિત્રોનું સુખ, ડાબો કાન, પીંડી, એડી, મંત્રીપદ આદિ કાર્યોથી પ્રાપ્ત લાભ, ધન લાભ, નુકસાન, પિતૃધન આ સ્થાનને ઉપચય અને પણફર કહે છે. પુરૂષભાવ - દિશા : અગ્નેય - વર્ણ : કેશરી, ચરભાવ - કારકગ્રહ : ગુરૂ.

## ૧૨મું વ્યયસ્થાન - હર્ષ, મોક્ષ, શયન, ભોગસ્થાન છે.

આ ભાવથી મોક્ષ, ગુપ્તવિદ્યા, અધ્યાત્મજ્ઞાન, જેલ, ગુપ્તશત્રુતા, રાજકીય આપત્તિ, ભોગ, શૈય્યા, વિલાસ, વ્યય, ડાબીઆંખ, પગતળીયા, સ્વાર્થ, દેવાળુ, ધનનાશ, ફાંસી, શીક્ષા, પિશાચ્ચ બાધા, નિદ્રાભંગ, દવાખાનું, કેદ, ખરાબ સંગસાથી સ્થાન, ચોર, પોલીસ તરફથી મારપીટ, સંકટ, શોક, પતિ-પત્ની દુ:ખ, ઉદ્યોગ હાની. આ આપોકિલપ, દુ:ખસ્થાન છે. સ્ત્રીભાવ, સ્થિરભાવ - વર્ણ : લીલો - કારકગ્રહ : શનિ.

## પંચધા મૈત્રી

લગ્નકુંડલીમાં ગ્રહને સ્થાનમાં બૈઠેલા હોય તે સ્થાન છોડીને એના પહેલાના ૩ સ્થાન અને પછીના ૩ સ્થાનમાં રહેલા ગ્રહ એ તાત્કાલીન મિત્ર બને છે. ને સ્થાનમાં ગ્રહ બેઠેલો હોય એ સ્થાન અને બાકીના ૫ સ્થાનમાં રહેલા ગ્રહો તાત્કાલીન શુભ સ્થાન છે.

નૈસર્ગિક મિત્ર + તાત્કાલીન મિત્ર = અધિમિત્ર

નૈસર્ગિક સમ + તાત્કાલીન મિત્ર = મિત્ર

નૈસર્ગિક શત્રુ + તાત્કાલીન મિત્ર = સમ

નૈસર્ગિક મિત્ર + તાત્કાલીન શત્રુ = સમ

નૈસર્ગિક સમ + તાત્કાલીન શત્રુ = શત્રુ

નૈસર્ગિક શત્રુ + તાત્કાલીન શત્રુ = અધિશત્રુ



| રાશિ અંક | મેષ ૧ | વૃષભ ૨ | મિથુન ૩ | કર્ક ૪ | સિંહ ૫ | કન્યા ૬ | તુલા ૭ | વૃશ્ચિક ૮ | ધનુ ૯ | મકર ૧૦ | કુંભ ૧૧ | મીન ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભાવ | વિષમ | સમ | વિષમ | સમ | વિષમ | સમય | વિષમ | સમ | વિષમ | સમ | વિષમ | સમ |
| સ્વામી | મંગળ | શુક્ર | બુધ | ચંદ્ર | રવિ | બુધ | શુક્ર | મંગળ | ગુરુ | શનિ | શનિ | શુક્ર |
| લીંગ | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી. |
| સ્વભાવ | ક્રૂર | સૌમ | ક્રૂર | સૌમ્ય | ક્રૂર | સૌમ્ય | ક્રૂર | સૌમ્ય | ક્રૂર | સૌમ્ય | ક્રૂર | સૌમ્ય |
| સંજ્ઞા | ચર | સ્થિર | દ્વિસ્વભાવ | ચર | સ્થિર | દ્વિસ્વભાવ | ચર | સ્થિર | દ્વિસ્વભાવ | ચર | સ્થિર | દ્વિસ્વભાવ |
| ઉદય | પૃષ્ટોદય | પૃષ્ટોદય | શિર્ષો. | પૃષ્ટ | શિર્ષ | શિર્ષ | શિર્ષ | શીર્ષ | પૃષ્ટ | પૃષ્ટ | શિર્ષ | ઉભય |
| નરાદિ સંજ્ઞા | પશુ | પશુ | માનવ | કુલિર | પશુ | માનવ | માનવ | કિટક | માનવ - પશુ | પશુ - જલચર | માનવ | જલચર |
| પાદ | ચતુષ્પાદ | ચતુષ્પાદ | દ્વિપાદ | બહુપાદ | ચતુષ્પાદ | દ્વિપાદ | દ્વિપાદ | બહુપાદ | દ્વિપાદ - ચતુષ્પાદ | ચતુષ્પાદ - બહુપાદ | દ્વિપાદ | અપાદ |
| દેહભાગ | મસ્તક | મુખ-ગળુ | છાતી | હૃદય | ઉદર | કેડ | બસ્તી | ગુહ્યેન્દ્રિ | સાથળ | ઢીંચળ - કોપર | પીંડી | પગ |
| સ્વરૂપ | બોકડો | બળદ | દમ્પતિ | જલચર પ્રાણી | સિંહ | ધાન્ય અગ્નિસાથે નાવસ્થ કુમારીકા | તરાજુ ધારી પુરૂષ | વિચ્છી | ધનુર્ધારી ક્ષત્રીય, અશ્વશરીર | હરિણમૂખ - મગર | ખાલી ઘડો, લીધેલો પુરૂષ | બેમા છલા, વિરૂદ્ધ મુખે |
| પ્રસવ | અભાવ | મધ્યમ | વંધ્યા | બહુ | વંધ્યારાસ | વંધ્યા | મધ્યમ | બહુ | અભાવ | મધ્યમ | અભાવ | બહુ |
| દિશાબળ | દશમભાવ | દશમભાવ | લગ્ન | ચતુર્થ | દશમભાવ | લગ્ન | લગ્ન | સપ્તમ | લગ્ન-દશમ | ચતુર્થ - દશમ | લગ્ન | ચતુર્થભાવ |
| સમયબળ | રાત્રી | રાત્રી | રાત્રી | રાત્રી | દિવાબળ | દિવસ | દિવસ | દિવસ | રાત્રી | રાત્રી | દિવસ | સંધ્યાબળ |
| દેહ | હ્રસ્વ | હ્રસ્વ | સમય | સમ | દીર્ઘ | દીર્ઘ | દીર્ઘ | દીર્ઘ | સમ | સમ | હ્રસ્વ | હ્રસ્વ |
| વર્ણ | લાલ | સફેદ | લીલો | ગુલાબી | ધૂરવર્ણ | મિશ્ર | શ્યામલ બ્લ્યૂ | સોનેરી | પિંગટ | સ્લેટવર્ણ | નોમી ચાજેવો | ગૌર |
| જાત | ક્ષત્રિય | વૈશ્ય | શુદ્ર | વિપ્ર. | ક્ષત્રિય | વૈશ્ય | શુદ્ર | વિપ્ર | ક્ષત્રિય | વૈશ્ય | શુદ્ર | વિપ્ર. |
| ભાગ્યોદય વર્ષ | ૨૮ માં | ૨૫ માં | ૩૨ થી ૩૬ | ૨૪ થી ૨૮ | ૨૨ થી ૨૬ | ૩૨ થી ૩૬ | ૨૫ માં | ૨૮ થી ૩૨ | ૨૬ માં | ૨૬ માં | ૩૦ માં | ૧૬ થી ૪૦ |
| ગુણ | તમો. | રજો. | રજો. | સત્વ | સત્વ | રજો. | રજો. | તમો | સત્વ | તમો | તમો | સત્વ |
| સંબંધ | અધિ | ભૌતિક | | | | | ——— આધિ દૈવિક ——— | | ——— આધ્યાત્મિક ——— | | | |
| સત્તા | ચંદ્ર | ચંદ્ર | ચંદ્ર | ચંદ્ર | રવિ | રવિ | રવિ | રવિ | રવિ | રવિ | ચંદ્ર | ચંદ્ર |

ત્રિકોણ – ૫ અને ૯ આ સ્થાનને જોણ લક્ષ્મી તારક કહે છે. આ સ્થાનો શુભ છે.
કેન્દ્ર સ્થાન : ૧ – ૪ – ૭ – ૧૦ આ સ્થાનને વિશ્નુસ્થાન પણ કહે છે. આ સ્થાનો શુભ છે.
પરાવલંબી સ્થાન : ૧૨ – ૨ અને ૮, ઘાતક સ્થાન : ૮ મું.
મારક સ્થાન : ૭ – ૨, ત્રિક સ્થાન : ૬ – ૮ અને ૧૨ મું. આ અશુભ સ્થાન છે.
નાશક સ્થાન : ૩ – ૬ અને ૧૧ મું., પણફર સ્થાન : ૨ – ૫ – ૮ અને ૧૧ મું.
ઉપચયસ્થાન : ૩ – ૬ – ૧૦ – ૧૧, અપોક્લિમ સ્થાન : ૩ – ૬ – ૯ – ૧૨.
★ ઉપચયસ્થાને પાપ ગ્રહો સારૂ ફળ આપે છે.

## ગ્રહવિચાર

| ગ્રહ | સ્વરાશિ | મૂલત્રિકોણ રાશિ | ઉચ્ચરાશિ | ઉચ્ચઅંશ |
|---|---|---|---|---|
| રવિ | ૫ | ૫ | ૧ | ૧૦ |
| ચંદ્ર | ૪ | ૨ | ૨ | ૦૩ |
| મંગળ | ૧/૮ | ૧ | ૧૦ | ૨૮ |
| બુધ | ૩/૬ | ૬ | ૬ | ૧૫ |
| ગુરુ | ૯/૧૨ | ૯ | ૪ | ૦૫ |
| શુક્ર | ૨/૭ | ૭ | ૧૨ | ૨૭ |
| શનિ | ૧૦/૧૧ | ૧૧ | ૭ | ૨૦ |
| રાહુ | ૬ | ૪ | ૩ | ૧૫ |
| કેતુ | ૧૨ | ૧૦ | ૯ | ૧૫ |

રવિ : રાજા, આત્મા; ચંદ્ર : મન, રાણી; મંગળ : સેનાપતી; બુધ : યુવરાજ; ગુરુ : શિક્ષણ, અર્થમંત્રી; શુક્ર : ગૃહમંત્રી; શનિ : સેવકમંત્રી.

જે ગ્રહ પ્રકાશ પરિવર્તિત કરે છે એ રવિથી પ્રાપ્ત સ્વનો પ્રકાશ, નક્ષત્રપ્રકાશ, શેષ ગ્રહ તારાઓને પ્રકાશથી યુક્ત વિશિષ્ઠ સમયે પરાવર્તિત કરે છે. જન્મસ્થ બાળક ઉપર એ પ્રકાશનો પ્રભાવ પડે છે એના ઉપર જ જ્યોતિષ ભાવફળ વિચારે છે. જેમ જેમ ગોચરગ્રહ ફરે છે તેમ તેમ તે ગ્રહોનો પ્રકાશ મિશ્રિત બને છે, આ અને જન્મસ્થ પ્રકાશના મિશ્રણથી જાતકનું ભવિષ્ય કહેવાય છે. સર્વગ્રહોને ૭ માં સ્થાને પૂર્ણ દૃષ્ટિ હોય છે. એમાં મંગળ, શનિ અને ગુરૂને બે-બે દૃષ્ટિઓ અધિક હોય છે. મંગળ ૪/૭/૮, શનિ ૩/૭/૧૦, ગુરૂ ૫-૭-૯/

શેષગ્રહો ૪ અને ૮ માં સ્થાને ત્રિપાદદષ્ટિ કરે છે.

શેષગ્રહો ૫ અને ૯ માં સ્થાને દ્વિપાદદષ્ટિ કરે છે.

શેષગ્રહો ૩ અને ૧૦ માં સ્થાન એકપાદદષ્ટિ કરે છે.

| ગ્રહ | મિત્ર | સમ | શત્રુ |
|---|---|---|---|
| રવિ | ચંદ્ર, મંગળ, ગુરુ | બુધ | શુક્ર, શનિ, રાહુ, કેતુ |
| ચંદ્ર | રવિ, ગુરુ | મંગળ, ગુરુ, શુક્ર, શનિ | રાહુ, કેતુ |
| મંગળ | રવિ, ચંદ્ર, ગુરુ | શુક્ર, શનિ | બુધ, રાહુ, કેતુ |
| બુધ | રવિ, શુક્ર, રાહુ, કેતુ | મંગળ, ગુરુ, શનિ | ચંદ્ર |
| ગુરુ | રવિ, ચંદ્ર, મંગળ | શનિ, રાહુ, કેતુ | બુધ, શુક્ર |
| શુક્ર | બુધ, શનિ, રાહુ, કેતુ | મંગળ, ગુરુ | રવિ, ચંદ્ર |
| શનિ | બુધ, શનિ, રાહુ, કેતુ, શુક્ર | ગુરુ | રવિ, ચંદ્ર, મંગળ |
| રાહુ | બુધ, શનિ, રાહુ, કેતુ, શુક્ર | ગુરુ | રવિ, ચંદ્ર, મંગળ |
| કેતુ | બુધ, શનિ, રાહુ, કેતુ, શુક્ર | ગુરુ | રવિ, ચંદ્ર, મંગળ |

રવિ : પિતા, આરોગ્ય, રુચિ, મનપાવિત્ય, પ્રતાપ, જ્ઞાનોદય, આત્મા નો કરીનો કારક છે.

ચંદ્ર : માતા, યશ, વિદ્યા, આનંદ, મન:પ્રસન્નતા, કાંતી, સૌંદર્ય, પાણી, સફેદ પદાર્થનો કારક છે.

મંગળ : ભાઇ-બેન, જમીન, સાહસ, યુદ્ધ, પરાક્રમ, વિજય, સૈન્ય, આગેવાની, સેનાપતિ, ધૈર્ય, કામ, ક્રોધ અને સ્વાતંત્ર્ય કારક છે.

બુધ : મામા, સગા, બંધુ, ગણિત, જ્ઞાન, વિદ્યા, ધર્મજ્ઞાન, શાંતિ, ભક્તિ, વિનય, વક્તૃત્વ કારક છે.

ગુરુ : પુત્ર, ધર્મજ્ઞાન, મંત્રશાસ્ત્ર, રાજતંત્ર, પ્રવચન, સંપત્તિ, કર્મ કારક છે.

શુક્ર : દમ્પતિ, કલા, કૌશલ્ય, સંગીત, કાવ્ય, સાહિત્ય, સૌંદર્ય, સિદ્ધિ, વિલાસ, મંત્રવિદ્યા, રતિક્રિડા કારક છે.

શનિ : સેવક, સંકટ, પરપીડા, દૈવ, લોભ, મોહ, દુર્દશા, દારિદ્ર, નિષ્ઠુરતા, કાળુ અનાજ, ભેંસ, આયુવિચાર, જીવનોપાય, લોખંડ.

રાહુ : યશ, પ્રિતિષ્ઠા, સ્વભાવ કારક છે.

કેતુ : સંન્યાસ, ઉદાસીનતા, વૈરાગ્ય આદિ કારક છે.

| ગ્રહોના ગુણધર્મ | રવિ | ચંદ્ર | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રાહુ | કેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આત્માદિ કાલક્ષતયતા | આત્મા | મન | સચ્ય | વાણી | સુખ | મદન | દુઃખ | મતિ | સ્થિર |
| ૨ રંગ | રક્ત-શ્યામ | ગૌર | રક્ત-ગૌર | લીલોશ્યામ | ગૌર | શ્યામલ | કૃષ્ણ | ધુસર | વિચિત્ર |
| ૩ શુભ-પાપ | પાપ | શુભ-પાપ | પાપ | શુભ-પાપ | શુભ | શુભ | પાપ | પાપ | મધ્યમપાપ |
| ૪ સ્રી-પુ-નપું | પુ. | સ્રી. | પુ. | નપું. | પુ. | સ્રી: | નપું. | પુ. | સ્રી. |
| ૫ તત્વ | અગ્નિ | જલ | અગ્નિ | પૃથ્વી | આકાશ | જલ | વાયુ | જલ-વાયુ | આકાશ-તેજ |
| ૬ જાતિ | ક્ષત્રિય | વૈશ્ય | ક્ષત્રિય | વૈશ્ય | વિપ્ર. | વિપ્ર. | અંત્યજ-તેલી | ચાંડાળ | ચાંડાળ |
| ૭ ગુણ | સત્ત્વ | સત્ત્વ | તમ | રજો | સત્ત્વ | રજો | તમો | તમો | મધ્યમતમો |
| ૮ ઉચ્ચરાશિ | મેષ | વૃષભ | મકર | કન્યા | કર્ક | મીન | તુલા | મિથુન | ધનુ |
| ૯ મૂળત્રિકોણ | સિંહ | વૃષભ | મેષ | કન્યા | ધનુ | તુલા | કુંભ | કર્ક | મકર |
| ૧૦ નીચરાશિ | તુલ | વૃશ્ચિક | કર્ક | મીન | મકર | કન્યા | મેષ | ધનુ | મિથુન |
| ૧૧ સ્વગૃહ | સિંહ | કર્ક | મેષ-વૃશ્ચિક | મિથુન-કન્યા | ધનુ-મીન | વૃષભ-તુલા | મકર-કુંભ | કન્યા | મીન |
| ૧૨ મિત્રગૃહ | ચં-મં-ગુ | ર-બુ | ર-ચં-ગુ | ર-શુ-રા-કે | ર-ચં-મં | બુ-શ-રા-કે | બુ-શુ-રા-કે | બુ-શુ-શ-કે | બુ-શુ-શ-રા |
| ૧૩ સમગૃહ | બુધ | મં-ગુ-શુ-શ | શુ-શ | મં-ગુ-શ | શ-રા-કે | મં-ગુ | ગુ | ગુ | ગુ |
| ૧૪ શત્રુગૃહ | શુ-શ-રા-કે | શ-કે | બુ-રા-કે | ચંદ્ર | બુ-શુ | ર-ચં | ર-ચં-મં | ર-ચં-મં | ર-ચં-મં |
| ૧૫ પૂર્ણદૃષ્ટિ | ૭ | ૭ | ૪-૭-૮ | ૭ | ૫-૭-૯ | ૭ | ૩-૭-૧૦ | ૭ | ૭ |
| ૧૬ કારકત્વ | પિતા | માતા | બંધુ-ભગિની | વાણી | સંતતી | સ્રી | મૃત્યુ | પિતામહ | દીક્ષા |
| ૧૭ વસ્ર | જાડુ | નવું | જાર્ણ બળેલુ | ભીનુ | મધ્યમ | ચાદરજેવું | જીર્ણ | — | — |
| ૧૮ ધાતુ | તાંબુ | મણિ-મોતી | સોનુ | મિશ્ર | રૌપ્ય | મોતી | શીશુ-લોઢુ | — | — |
| ૧૯ ઋતુ | ગ્રીષ્મ | વર્ષા | ગ્રીષ્મ | શરદ | હેમંત | વસંત | શિશિર | — | — |
| ૨૦ દેહવિભાગ | હાડકા | રક્ત | મજ્જાતંતુ | ત્વચા | મેદ | રેત-વીર્ય | નસો | — | — |
| ૨૧ ક્રિડાસ્થાન | દેવગૃહ | બગીચા | અગ્નિ | ક્રિડાસ્થાન | ભંડાર | શયન | ઉકરડો | — | — |
| ૨૨ રસ | કડવો | ખારો | તીખો | મિશ્ર | મધુર | આમ્લ | તુરો | — | — |
| ૨૩ કાલબળ | દિવસે | રાત્રી | રાત્રી | અહોરાત્ર | દિવસે | પરોઢીએ | રાત્રે | સંધ્યાકાળે | પ્રાતઃકાલે |
| ૨૪ ભાવકારક | ૧-૯-૧૦ | ૪ | ૩-૬ | ૪-૧૦ | ૨-૫-૯-૧૦-૧૧ | ૭ | ૬-૮-૧૦-૧૨ | — | — |
| ૨૫ પ્રકૃતિ | પિત્ત | વાત-કફ | પિત્ત | ત્રિદોષ | કફ | વાત-કફ | વાત | — | — |
| ૨૬ સ્વભાવ | સ્થિર | ચંચળ | ઉગ્ર | મિશ્ર | મૃદુ | લઘુ | અતિતીક્ષણ | — | — |
| ૨૭ ભાગ્યોદય વર્ષ | ૨૨ થી ૨૪ | ૨૪ થી ૨૫ | ૨૮ થી ૩૨ | ૩૨ થી ૩૬ | ૧૬ થી ૨૦ | ૨૫ થી ૨૮ | ૩૬ થી ૪૨ | ૪૨ થી ૪૮ | ૪૮ થી ૫૪ |
| ૨૮ દિશાબળ | પૂર્વ | વાયવ્ય | દક્ષિણ | ઉત્તર | ઈશાન્ય | અગ્નેય | પશ્ચિમ | નૈઋત્ય | — |
| ૨૯ દેવતા | અગ્નિ | વરૂણ | અગ્નિ-પૃથ્વી | વિષ્ણુ | ઈન્દ્ર | ઈન્દ્રાણી | બ્રહ્મા | પાપ | આકાશ |
| ૩૦ વિદ્યા કારકત્વ | વૈદ | જ્યોતિષ | શાસ્ર | શીલ્પ | વ્યાકરણ | સંગીત | ન્યાય | મેલીવિદ્યા | ગુઢમંત્ર |
| ૩૧ ભૂમી | આરણ્ય | જલાશય કીનારે | જમીન | જલાશય પાસે | આરણ્ય | બજાર | ગૃહ | — | — |
| ૩૨ ગ્રહના ઉપાસ્ય દૈવત | શંકર-વિષ્ણુ | યક્ષિણી | શંકર-ગણપતી | ભૈરવનાથ સરસ્વતી | દત્ત | દેવી | મારૂતી | કાલિકા | કાલિકા |
| ૩૩ રત્નો | માણેક | મોતી | પરવળા | પાચુ-પાના | પુષ્કરાજ | હીરા | નિલમ | ગોમેદ | લસણીયુ |
| ૩૪ મૃત્યુસ્થાન | ૧૨ | ૮ | ૭ | ૭ | ૩ | ૬ | ૧ | — | — |

## રવિ

રવિ ગ્રહોનો રાજા અને આત્મકારક છે. પૃથ્વીથી ૯ કો. ૨૭ લા. મૈ. દૂર છે. આરોગ્યકારક, આયુર્દાયક છે. દેહસ્થ અને પૃથ્વીપરની ઉષ્ણાતા રવિથી હોય છે. અને આ ઉષ્ણતા જીવન માટે અત્યંત જરૂરી છે. આવો પ્રભાવ મંગળનો નથી. રવિની ઉષ્ણતા સાત્ત્વિક તેજ પેદા કરે છે. મંગળ ઉષ્ણતા પીડા-માસ ઉપદ્રવકારક હોય છે. રવિનો સંબંધ હાડકાથી છે. રવિ એ સિંહ એ રાજ રાશી લીધી છે. સિંહ રાશિમાં રવિ ૧ તે ૧૦ અંશ સુધી મૂલ ત્રિકોણ તે પછી તે સ્વગૃહી હોય છે. મેષ રાશિમાં ઉચ્ચ અને ૧૦ માં અંશે પરમોચ્ચ થાય છે. રવિની મહાદશા. ૬ વર્ષની છે. દૈનિકગતિ ૫૭', ૧૧ વિકલા થી ૬૧', ૧૧ વિકલા હોય છે. ઉત્તરાયણમાં રવિ મહાબળવાન હોય છે. ૨૨ ડીસે. થી ૨૧ જુન મધ્યમગતિ ૫૯'-૧૧ વિકલા હોય છે. રવિ અધ્યાત્મિક, માનસિક, શારિરીક વ નૈતિક જીવન ઈશ્વરભક્તિ, શુદ્ધ સાત્ત્વિક આચાર, વિચાર , અંર્તજ્ઞાન, અંતઃસ્ફૂર્તિ, સાહસી, ધ્યાનધારણા, ગ્રીષ્મઋતુધર, સત્તા, વર્ણ, લાલાસ, કેશરી, રક્તાભિસરણ ઉપર રવિની સત્તા છે.

રવિ મેષ, સિંહ અને ધનુરાશિનો બળવાન છે. અગ્નિતત્વની નીચે જલરાશિમાં ૪-૮-૧૨ માં સુંદર ફળ આપે છે. મિથુન, તુલા, કુંભમાં રાશિ બળહીન હોય છે. તુલા એ રવિની નીચ રાશિ હોય છે. રવિના આગળ પાછળ વિશિષ્ટ અંશમાં રહેલ ગ્રહ અસ્તંગત હોય છે.

રવિ ઉત્તરના ક્રમે શુભત્વ ૧૦, ૧૧, ૬, ૩, ૧, ૯, ૫, ૭, ૪, ૨, ૮, ૧૨ માં ક્રમશઃ જાણવો. રવિ પિત્તપ્રકૃતિ જણાવે છે. જાતકને ટાળ હોય છે. રજાભાવનો રવિ હોય તો કુટુંબ સુખ ઓછું. ૧૨ મો રવિ ધન નાશ. ૬ ઠ્ઠો રવિ શત્રુ પીડા, ૮ માં ધનનાશ અને શારિરીક કષ્ટ, ચતુર્થાંત ચિંતા, તૃતીયમાં વડીલપણાનો અધિકાર બજાવે.

**રવિ કારકત્વ :** આત્મા, પિતા, અધિકાર, સામર્થ્ય, તીવ્રકડકાઈ, બલવત્તા, ઉષ્ણતા, તેજસ્વિતા, ઉદાત્તપણું, ભક્તિ, કટુતા, સત્તા, રાજમાન્યતા, સાક્ષાત્કાર, વરિષ્ઠ અધિકારી, વડિલપણું, પ્રયત્ની, નેત્રરોગ, માનસિક શુદ્ધતા, ક્રોધ, મધ્યાધી, કેશર, શત્રુત્વ, વિરોધ, અહંકાર, નેત્ર, હાડકા, પથરી.

જ્યારે રવિ રાશીથી કે ભાવબળથી કે દૃષ્ટિથી શુભ હોય છે ત્યારે કારકત્વના ફળ શુભ આપે છે. પણ જો અશુભ હોય તો વિપરિત ફળ આપે છે અને કુંડળીનું મહત્વ ઘટે છે.

રવિ માટે શનિ, રાહુ, કેતુના નક્ષત્ર સારા નથી કેમકે તે બળહિન થાય છે. પુષ્ય, અનુ, ઉ.ભાદ્ર, સ્વાતિ, શતતારક, અશ્વિની, મઘા અને મૂળ આ ૯ નક્ષત્રો રવિ માટે ખરાબ છે.

રવિ + રાહુની યુતી જે સ્થાને હોય તે સ્થાનને ખરાબ કરે છે. સુભાષચંદ્ર બોસના કુંડળીમા રવિ + રાહુ દશમમાં હતા તેથુ રાજકારણ છોડવું પડ્યું. રવિ + રાહુ યુતી જો સપ્તમાંત હોય તો સમાજવિરોધ, પત્નીનું સહકાર્ય ઓછું. **અષ્ટમસ્થાનમાં રવિ + રાહુની યુતિ હોય તો અંતકાળ ખરાબ હોય. સ્ત્રી કુંડલીમાં રવિ + શનિ, રવિ + રાહુ, રવિ + કેતુ સપ્તમ કે અષ્ટમમાં હોય તો વૈધ્યવ્યની શક્યતા હોય છે.**

**૬ ઠ્ઠાસ્થાને રવિ શનિ, રાહુ કે કેતુથી યુક્ત હોય તો રાશિભેદથી નીચેના રોગ થાય છે. નેત્ર, હૃદયવિકાર, મેંદુરોગ, પેટના રોગ, અપેન્ડીસ, મૂળવ્યાધ, મેંદુ ઉપજ સૂજન, મસ્તકપીડા, આધાશિશી, નિદ્રાનાશ, લુલાગવી.**

**રવિની સત્તા અ અને ડ જીવનસત્ત્વ ઉપર હોય છે. રવિ અશુભ હોય તો હાડકા કમજોર હોય છે. નીચેનો રવિ પિતૃસુખ હાનિકારક હોય છે. રવિ જો શનિ, રાહુથી યુક્ત હોય તો પિતા વહેલા મરે છે. રવિ ૮ માં હોય તો પિતૃસુખ નાશ પામે છે. રવિ ૩-૬-૯ રાશિમાં દોષિત હોતા ક્ષય રોગની શક્યતા હોય છે અને અમાવસ્યા યોગમાં હોય કે પાપગ્રહથી** દૃષ્ટ હોય તો આ રોગ ચોક્કસ થાય છે. રવિ + ચંદ્ર યુતી હોય તો નિર્બળ દેહી હોવા છતાં અત્યંત બુદ્ધિમાન સ્ત્રીયોને ૮ માં રવિ + ચંદ્રયુતી પાપગ્રહતી દૃષ્ટ હોય તો વૈધવ્ય યોગ થાય છે. રવિ + ચંદ્રયુતી તો ૧૨ મે હોય તો ધંધો ન કરવો. ૬ ઠ્ઠામાં રવિ + ચંદ્ર યુતિ પ્રકૃતિને વિશ્વાંતક બને છે. દૃષ્ટિદોષ થાય છે. રવિ-ચંદ્રનું મૃત્યુષડાષ્ટક હોય તો કુંડલી પ્રભાવહીન બને છે પણ રવિ-ચંદ્રનો નવ પંચમ યોગ એ રાજયોગ બને છે. રવિ-ચંદ્રનો કેન્દ્રયોગ પણ રાજયોગ બને છે (રામચંદ્રના કુંડલીમાં). રવિ દશમમાં અને ચંદ્ર લગ્નમાં હોવાથી પ્રબળ રાજયોગ થયો. દૃષ્ટની કુંડલીમાં રવિ ચતુર્થમાં અને ચન્દ્ર લગ્નમાં કેન્દ્રયોગ થયેલ. રવિ અને શનિના ઉચ્ચસ્થાન અને સ્વસ્થાન સામ સામે આવવાથી રવિ અને શનિ બંન્ને ઉચ્ચના હોય તે કુંડલી અત્યંત સંઘર્ષમય હોય છે આવો યોગ રામચંદ્રની કુંડલીમાં હતો.

### રવિ + શનિ યુતિ અથવા અન્યોન્યદૃષ્ટિ

રવિ પાપગ્રહોનાં વચમાં હોય અર્થાત્ પાપમધ્યમાં હોય તો પિતાનુ મરણ બચપણમાં થાય. રવિ-ચંદ્ર પરવિર્તન યોગ સારો ન ગણાય. કન્યાનો રવિ સડપાતળ શરીર સૂચવે છે. મકર અને કુંભનો રવિ અભાગીનો સૂચક છે. રવિ-મંગળ

યુતી અથવા પરસ્પર દૃષ્ટિયોગ માણસને સ્થાયી સ્વરૂપનો રોગ બતાવે છે અને આ યોગ જો પાપગ્રહથી દૃષ્ટ હોય તો રોગ ત્રાસદાયી બને છે. જ્યારે મંગળ જો ૮-૧૨ નો સ્વામી હોય અને રવિને દૂષિત કરતો હોય તો અપઘાતી મરણની સંભાવના વધુ હોય. રવિ + શનિ યુતિ યોગ અત્યંત અશુભ હોય છે. પિતૃ સુખ ન હોય, જીવનમાં દુ:ખ વધું, અપકીર્તિ થાય. કદાચ જેલમાં જવું પડે. રવિના ચતુર્થમાં કે ૧૦ માં શનિ ધંધામાં બાધા પેદા કરે છે.

કન્યાનો રવિ લગ્નમાં મીનનો શનિ ૭ માં દ્વિભાર્યાયોગ કરે છે. ૪ થા માં રવિ અને ૭ માં શનિ જાતકને ચિંતા ગ્રસ્ત બનાવે છે. ૪ થા માં રવિ અને ૧૦ માં શનિ ઑપરેશનયોગ કે શસ્ત્રઘાત સૂચવે છે. ૬ માં રવિ અને જો એ શનિથી દૃષ્ટ હોય તો પેટના રોગો.

સ્ત્રી કુંડલીમાં ૮ માં નો રવિ શનિથી દૃષ્ટ કે યુક્ત હોય તો વૈધવ્ય યોગ. રવિના દ્વિતીયમાં શનિ હોય તો તો સાંપત્તિક વિઘ્નો અને રવિના વ્યયમાં શનિ હોય તો દેવાળુ સૂચવે છે. બળવાન રવિ ૧૦ માં હોય તો ઉદ્યોગ-ધંધા માટે સારો. મંગળ + રવિ યુતિ ૧૦ માં હોય તો પ્રશાસન કડક હોય છે.

## રવિથી થનારા ૫ યોગ

૧) વેશી યોગ : રવિના દ્વિતીયમાં ચંદ્રશિવાયના ઇતર ગ્રહ હોય તે એને વેશી યોગ કહેવાય. જાતક ભાગ્યશાળી સૂચવે છે. પાપગ્રહોથી થનારો વેશીયોગ ફળ ઓછુ આપે છે.

૨) વાસી યોગ : રવિના ૧૨ માં સ્થાને ચંદ્ર શિવાયના કોઈ ગ્રહ હોય ત્યારે બને. આનું ફળ ઉપર પ્રમાણે જાણવું.

૩) ઉભયચારી યોગ : રવિના ૨ જા અને ૧૨ માં સ્થાને ચંદ્ર શિવાયના ગ્રહ હોય ત્યારે જાતક ઉત્તમ વક્તા અને સુભગ દેહ, ધનવાન, કીર્તિમાન અને લોકપ્રિય બને છે પણ બીજો બાજુ એ પાપ ગ્રહ હોય તો વિરૂદ્ધ ફળ મળે છે.

૪) બુધાદિત્ય યોગ : રવિ અને બુધની યુતી પણ બુધ ૫ અંશ કરતા રવિથી વધુ હોય ત્યારે આ યોગ બને છે. આ યોગથી ગણિત અને ભાષાશૈલી સુંદર હોય છે. આ યોગ ૨-૫ અને ૯ લગ્નમાં સારો હોય છે અથવા રવિ + બુધ યુતિ ૧-૪-૮ ભાવમાં સારા ફળ આપે છે.

૫) સ્વયંસિદ્ધ યોગ : રવિ + શુક્ર યુતી ૫ અંશના ફેરથી હોય છે. આ રાજયોગ છે. આ યુતિ ૩, ૬, ૯, ૧૦ અને ૧૧ આ સ્થાન છોડીને બીજે હોય તો જાતક અત્યંત સદ્‌ગુણી બને છે. રવિ + શુક્ર યુતિ ઉપર ગુરૂની દૃષ્ટિ શ્રેષ્ઠ સ્વયં સિદ્ધા યોગ બનાવે છે. લાભસ્થાને રહેલ રવિ કુંડલીના ઘણો દોષ હણે છે અથવા રાત્રે લાભમાં ચંદ્ર હોય તો પણ કુંડલીના ઘણા દોષ હણે છે.

રવિથી ગ્રહો જેટલા દૂર એટલા બળવાન અને જેટલા પાસે એટલા બળહીન પણ આ નિયમ બુધ અને શુક્રને લાગે નહી. જે દિવસ જન્મ હોય તો રવિ પિતૃકારક બને છે. રાત્રે જન્મ હોય તો શનિ પિતૃકારક બને છે.

## રવિહોરા

રવિ ઉચ્ચ કે સ્વગ્રહ હોય અથવા કૃત્તિકા ઉ.ફા., ઉ.ષાઢા કે રવિવારે રવિનો હોરા બળવાન હોય છે. આ હોરામાં માંદગીમાં દવા લેવા, ઑપરેશન કરવા સરકારી અધિકારીને મળવા, સરકારી કાર્યો કરવા, ફરીયાદ નોંધાવવામાં યશસ્વી બને છે.

## ચંદ્ર

પૃથ્વીની પ્રદક્ષિણા ૨૭'' દિવસ તિથિ પૂરી થવામાં ૨૯'' દિવસ સામાન્યત: ગતિ ૧૧° - ૧૦'' કલા છે. ૧, ૪, ૭, ૧૦ આ રાશિમાં વિચારો ગતિમાન હોય છે. પ્રવાસશોખીન, ઉતાવળ, સિંહ રાશીનો ચંદ્ર માન-સન્માનની ઇચ્છા કરાવે છે. કન્યાનો ચંદ્ર સ્વાર્થી, મતલબી ચિકિત્સક અને વ્યવહારી બનાવે છે. વૃષભનો ચંદ્ર શાંત અને સહનશીલ, દયાળુ બનાવે છે. કર્કનો ચંદ્ર સમાજ પ્રિય, કર્તબગાર પણ સમય અનુસારે વર્તવે છે. તુલાનો ચંદ્ર સભ્ય, પરદુ:ખ જાણનાર, વિદ્યમાન અને સમતોલવૃત્તિ. વૃશ્ચિકનો ચંદ્ર પરાક્રમી. ખુન્નસ અને અભિમાની હોય છે. ધનરાશિનો ચંદ્ર મહત્વાકાંક્ષી બનાવે છે. મકરચંદ્ર, લોભી, મત્સરી, સંશયી અને વ્યવહારી હોય છે. કુંભનો ચંદ્ર સારો હોય છે. કલ્પનાશક્તિ, સહનશીલ અને શોધકવૃત્તિ બનાવે છે. મીન ચંદ્ર આળસી, તરંગી બનાવે છે. અસંભવી વિચારી પણ આદર સકાર કરનારો બનાવે.

ચતૂર્થમાં રહેલો ચંદ્ર દિગ્બળી અને સારા ફળ આપે છે. અમાવસ્યના આજુબાજુનો ચંદ્ર એ પાપગ્રહ બને છે. વૃષભનો ચંદ્ર ૦ તે ૩° ઉચ્ચ આગળ મૂળ ત્રિકોણી બને છે. ચંદ્ર શત્રુ = રાહુ છે. ચંદ્ર બુધને મિત્ર માને છે પણ બુધ ચંદ્રને શત્રુ માને છે. ચંદ્ર શનિને સમ માને છે પણ શનિ ચંદ્રને શત્રુ માને છે. મંગળ, ગુરૂ ચંદ્રને મિત્ર માને છે પણ ચંદ્ર, મંગળ અને ગુરૂને સમ માને છે. આવુ વૈચિત્ર્ય ચંદ્ર વિષે અધિક છે. ચંદ્રનો ઉદયવર્ષ ૨૪ છે. સુદ ૧૦ થી વદ ૫ સુધી ચંદ્ર અતિ

ગ્રહ છે. પછી દર ૫ – ૫ દિવસે શુભત્વ ઓછુ ઓછુ થાય છે. સુદ ૧ થી ૧૦ આ વૃદ્ધિગત ચંદ્ર હોવાથી શુભ બને છે. વદ ૫ થી ૧૦ આ સામાન્યથી શુભ અને આગળ ૧૦ થી અમાવસ્યાના ચંદ્રની પાપગ્રહ તરીકે મનાય છે.

**શુભચંદ્ર :**

લગ્ન, પંચમ અને નવમાં સ્થાનમાં અત્યંત શુભ ફળ આપે છે પણ એ શનિથી દષ્ટી યુક્ત અથવા જન્મસ્થ સાડાસાતી ન હોય તો અષ્ટમસ્થાન ૧૨, ૬, ૨, ૧૦, ૫, ૯, ૭, ૩, ૧૧, ૪ આ સ્થાનમાં શુભત્વ ક્રમશઃ વધે છે. ૮ માં સ્થાને આયુ ઓછું કરે છે.

ચંદ્ર અમલ વર્ષાઋતુ ઉપર ચંદ્ર ડાબી આંખનો કારક છે.

કારકત્વ બુદ્ધી, સુવાસ, આળસુ, કફ, ઉપવાસી, કીટ, પથરી, માનસિક પ્રવૃત્તિ, સ્ત્રી, નિદ્રા, સુખ, ચાંદી, પ્રવાહી, મોતી, પ્રવાસ, માતા, ટી. બી., લવણ, કર્તૃત્વ, સફેદ વર્ણ, ચેહરો તેજસ્વી, ચપલ વિકાર, સૌંદર્ય, કીર્તિ, રેશમીવસ્ત્રી, લોકમત, સ્પર્શજ્ઞાન, ભોળપણું, સ્મૃતિભ્રંશ, કુંડલીમાં જો દોષિત ચંદ્ર તો બચપણ બિમાર અને વૃદ્ધાવસ્થામાં કોઇક ઇન્દ્રય નાશ પામે છે. ગર્ભાશય, મુત્રપિંડ, માસિકપાળી, સ્તન આના ઉપર ચંદ્રનો અમલ હોય છે. એથી કેન્સર આદિની શક્યતા હોય છે.

બાહ્યકારકત્વ : માતા, સ્ત્રી, નોકરાણી, નર્સ, પ્રવાહી, ખલાશી, માચ્છીમારી, દારૂના ધંધા, પાણીનજીકના શહેર, પ્રવાસ, વાહન, સ્નાનગૃહ, ચાંદણી, ચાંદી અને મોતીના વ્યાપારી.

અંતઃકારકત્વ : ચેતના, સ્ફુર્તિ, સ્વજનપ્રિય, પ્રેમ વ્યવહાર્ય, કલ્પના, સાવધાની, કરકસર, માનસપરીક્ષા, નમ્રતા, અવસરે બીજાનો બદલો લેનાર, આરામપ્રિય, મિત્ર પરિવાર મોટો, લોકપ્રિયતા.

ક્રિયા, ભાવના અને વિચાર ઉપર ચંદ્રનો અધિકાર હોય છે. જેનો ચંદ્ર સારો એની બુદ્ધિ સર્વગામી વ્યવહારી હોય છે. ઉદ્યોગ, ઘરના કાર્ય અને સમાજમાં સાવધાનીથી વર્તનાર હોય છે. પ્રસંગાનુસાર નમ્ર કે કડકાઈ પણ કરે. સહસા બીજાને દુઃખ આપવાની વૃત્તિ ન હોવાથી લોકપ્રિય બને છે.

ક્ષીણ ચંદ્ર હોય ત્યારે મરણ પ્રમાણ વધે છે. એથી જ્યોતિષી માંદાં માણસને અમાસ પસાર થઇ એટલે ધોકો ગયો એમ કહે છે. આવા પરિણામ પૌર્ણિમાએ પણ કેટલાક અંશે જોવા મળે છે. પુનમે જન્મ પામનાર જાતક પુષ્ટ હોય છે પણ બુદ્ધીમાની હોય છે. અમાસે એ જન્મ પામનાર જાતક દુબળો હોય છે પણ બુદ્ધિમાની હોય છે. મન એ મહત્તત્વની જ્ઞાનેન્દ્રય છે એનો કારક ચંદ્ર છે. જેટલાં દ્વન્દ્રો છે. એ બધા સાપેક્ષ છે. ચંદ્ર બગડેલો હોય તે અનુકૂળબાબત પણ પ્રતિકૂળ ભાસે છે જ્યારે ચંદ્ર સારો હોય તો પ્રતિકૂળ બાબત પણ સારી ભાસે છે કારણ કે એનો કારક મન છે. ચંદ્ર માતૃકારક છે. રાત્રે જન્મ હોય તો ચન્દ્ર માતૃક કારક હોય અને દિવસે હોય તો શુક્ર માતૃકારક હોય. બંન્ને બાલારિષ્ટયોગ ચંદ્રથી થાય છે. ચંદ્ર હમેશા મધ્યસ્થી ઈચ્છે છે.

ચંદ્રએ સ્ત્રી ગ્રહી, દ્રુતગ્રહ, ડરપોક, ચંચળ છે. માનસિકવિદ્યા, અંતઃસ્ફૂર્તિ, નજરબંધી, ગૂઢવિદ્યા, સુખદુઃખ એ ચંદ્રાધારિત હોય છે. ચંદ્રનક્ષત્ર ઉપરથી સ્ત્રી-પુરૂષ ગુણમિલન, ગુરૂ-શિષ્ય ગુણ મીલન, ભાગીદાર, મિત્ર ગુણ મીલન જોવું.

ચંદ્ર પત્ની કારક છે. રવિ પતિકારક છે. તેથી રવિ-ચંદ્ર શુભયોગ લગ્નસુખ સારૂ આવે છે. ચંદ્ર કરતાં બુધ એ બુદ્ધિમાટે શ્રેષ્ઠ છે. બુધ કરતાં ગુરૂ એ બુદ્ધિમાટે શ્રેષ્ઠ છે અને ગુરૂ કરતાં શનિ એ બુદ્ધિમાટે શ્રેષ્ઠ છે.

મુહૂર્તમાં વધુ મહત્તા છે. દશા ઉપર પણ ચંદ્રની અસર હોય છે. ચંદ્ર એ મનનો કારક હોવાથી ચિંતા કરનાર ગમે તેટલો શ્રીમંત હોય તોય ઉદાસી હોય છે. એને રોગ થયા કરે છે. જો ચંદ્ર સારો હોય એવો જાતક દુઃખદ પરિસ્થિતિમાં સહજ દુઃખ સહન કરી પ્રસન્ન રહે છે.

કુડલીના ૭ માં સ્થાને વૃશ્ચિક ચંદ્ર અનેક વિધ્નો પેદા કરે છે. વૃશ્ચિક રાશિમાં ૩° અંશી ચંદ્ર એ કુંડલીના બધા રાજયોગ ભંગ કરે છે. દુષિત ચંદ્ર ૪ થા સ્થાને માતૃસુખ નષ્ટ કરે છે. વૃશ્ચિક રાશિમાં કર્ક નવમાંશનો ચંદ્ર ભગંદર, હરણીયા, ગુસરોગ, પેદા કરે છે. કન્યા રાશિમાં ચંદ્ર શનિ અને મંગળ વચ્ચે હોય તો ક્ષય રોગ પેદા કરે છે. મકર કુંભ રાશીનો ચંદ્ર શનિ અને મંગળ વચ્ચે હોય તો આત્મહત્યા કરે છે.

ચંદ્ર મંગળથી દૂષિત હોય તો બોલવામાં અવિચારી બને છે. માનહાની થાય છે. ચંદ્ર મંગળ યુતી ઉતાવળો સ્વભાવ અને વિપરીત માર્ગે પૈસા કમાવાની વૃત્તિ થાય છે અને માતા સુખ ન મળે. બઢાઇખોર બનાવે છે, અપઘાત યોગ બને છે. ચંદ્ર અને શનિ યુતિ એ અત્યંત ખરાબ યુતિ છે. આ યુતિનો જાતકની કુંડલી ફેંકી દેવા જેવી હોય છે. આ જાતકને દુઃખ આશાભંગ ત્રાસ સદૈવ થયા જ કરે છે. પ્રયત્ન કદી સફળ ન થાય આ શનિ ચંદ્ર યુતિ મંગળથી યુક્ત કે દષ્ટ હોય તો પાગલ બને છે પણ એમાં સ્વરાશિ કે ઉચ્ચનો ગ્રહ ન હોય તો.

૭ માં સ્થાનમાં વૃષભ અને કર્ક આ રાશિનો ચંદ્ર ન હોય અને શનિથી દોષિત હોય તો સ્ત્રીસુખનો અભાવ, પુનર્વિવાહી સ્ત્રીથી લગ્ન કરાવે. વ્યયમાં અશુભ શનિ અને અષ્ટમમાં બલહીન ચંદ્ર હોય તો અત્યંત બુદ્ધિહીન. શનિ અને ચંદ્ર બંન્ને દુર્બળ હોય તો બુદ્ધિહીન જાતક બને છે.

**ચંદ્રથી થતા રોગ :**

કીટ, ગંડમાળ, પાગલપણું, ઉન્માદ, ખાંસી, કરમીયા થવા, આમ, ફેફસા બગડવા, અગ્નિમાંદ્ય, દમ, ગળાના, રોગો, શારીરપર ગાંઠો થવી, આંખ દુઃખવી, માસિક પાળીના વિકાર, પક્ષઘાત, મધુમેહ, જલોદર, વીટામીન બી નો અભાવ.

**ચંદ્રથી થતાં રાજયોગ અને અનિષ્ટ યોગ**

સુનફા : **ચંદ્રથી બીજામાં રવિ શિવાયના ગ્રહ હોય તો આ યોગ બને છે.**

ફલીત : **સ્વકષ્ટાર્જિત ધન, બુદ્ધિમાન, શ્રીમંત, ઉત્તમ કિર્તિ, પાપગ્રહ હોય તો ફળ ઓછું મળે.**

અનાફા યોગ : **ચંદ્રથી ૧૨ માં સ્થાને રવિ શિવાયના ગ્રહ હોય ત્યારે.**

ફલિત : **ઉત્તમ શરીરયષ્ટી, સુંદર, કીર્તિમાન, વસ્ત્રાદિકનો શોખીન અને વય ૬૦ પછી પ્રવ્રજ્યા લે. પાપ ગ્રહ હોય તો ફલિત ઓછું જાણવો.**

દુર્ધરાયોગ : ચંદ્રના આગળ પાછળ ગ્રહો હોય ત્યારે. તેમાં જો ૧ પાપ ગ્રહ હોય તો ફલિત મધ્યમ અને બન્ને પાપગ્રહ હોય તો અશુભ યોગ બને છે.

ફલિત : સુખી, સંપત્તિમાન, ઐહિક સુખી બને જો ચંદ્ર બળી હોય કે શુભગ્રહથી દૃષ્ટ હોય તો.

કેમદ્રુમ યોગ : ચંદ્રના આગળ પાછળ કોઈ પણ ગ્રહ ન હોય તો. ઐહિક સુખ ઓછું, પરાવલંબી જીવન, કેમદ્રુમ ભંગ : ચંદ્રના કેંદ્રમાં કોઈ પણ રવિ શિવાયનો ગ્રહ હોય તો કેમદ્રુમ ભંગ થાય છે. પણ આ યોગ સહસા મોટા માણસની કુંડલીમાં હોય છે. આવી કુંડલીઓ રાજ ઘરાનામાં પ્રાયઃ જોવા મળે છે.




આ કુંડલીમાં ચંદ્રના કેંદ્રમા
૨, મં, શુ. છે તેથી
કેમદ્રમુ ભંગ થયો.

શકટ યોગ : ચંદ્ર ગુરૂથી ૬, ૮, ૧૨ માં હોય તો શકટ યોગ થાય છે. પ્રારંભનું ૩૦ વર્ષ સુધીનું આયુ દુઃખદાયી હોય છે. સગા સાથ ન આપે. પણ ૩૦ વર્ષ પછી બધા અનુકૂળ થાય છે. 'શકટયોગે જાતસ્ય યોગભઙ્ગં પદે પદે' આ યોગ જવાહર નેહરૂના કુંડલીમાં હતો. એમના કુંડલીમાં શકટ યોગ છે પણ ચંદ્ર લગ્ન અને જન્મલગ્ન બન્નેમાં કર્કનો ચંદ્ર હોવાથી શકટયોગ ભંગ થયેલ છે.

અમલાયોગ : ચંદ્ર કે લગ્નના દશમમાં શુભગ્રહ હોય તો આ યોગ થાય.

ફલિત : કીર્તિમાન, નિતીમાન, પ્રગતિકારક પણ આગ્રહ બળવાન જોઈએ, ગ્રહ દશમમાં હોય તો બળહીન હોય તો ફળ ન મળે.

ચંદ્ર કે લગ્નના દશમમાં જે ગ્રહ હોય તે ગ્રહના કારકત્વ પ્રમાણે આજીવિકા પ્રાપ્ત થાય છે.

રાજલક્ષણ યોગ : ગુરૂ, શુક્ર, બુધ અને શુભ ચન્દ્ર લગ્ને કે કેંદ્રમાં હોય તે.

ફલીત : સુંદર વ્યક્તિમત્વ, ગુણવાન.

ગજકેસરી યોગ : ચંદ્ર થી ૭ મે કે યુતિમાં શુભ ગુરૂ હોય તો.

ફલિત : જાતક, નમ્ર, ઉદાર, કીર્તિમાન અને દીર્ઘાયુષી હોય છે. પણ આ યોગમાં બધુ હોવા છતાં ઘરમાં સુખ ન હોય. જે ભાવથી ગજકેશરી યોગ થાય તે ભાવનું ફળ ઉત્તમ મળે.

લગ્નાધી/ચંદ્રાધિ યોગ : લગ્ન કે ચંદ્રથી બુ., ગુ., શુ. ૬, ૭, કે ૮ મે હોય તો આ યોગ થાય છે. આ યોગ દુર્લભ હોય છે. આ યોગ મહાન, પુરૂષોમાં હોય છે તે રાજા સમાન હોય છે. આ યોગ છત્રપતિ શિવાજીને હતો.

ફલિત : નમ્ર, વિશ્વાસુ, ઐહિક સુખઘણુ, અધ્યાત્મિક, શ્રીમંત, દીર્ઘાયુ.
વસુમતી યોગ : આ દુર્લભયોગ કે લગ્ન કે ચંદ્રથી ૩, ૬, ૧૦, ૧૧ આ સ્થાને સર્વ શુભ ગ્રહ હોય ત્યારે આવો જાતક કરોડોપતિ હોય છે.
પુષ્કલયોગ : ચંદ્ર કે લગ્નના સ્વામી યુતીમાં કે કેંદ્ર અને મિત્રગૃહે હોય ત્યારે આ યોગ બને છે.
ઉચ્ચપુષ્કલયોગ : ઉપરના યોગ ઉપર ગુરૂ, શુક્રની દષ્ટિ હોય તો.
ફલિત : જાતક શ્રીમંત, રાજમાન્ય, લોકમાન્ય બને છે.
ચંદ્ર મંગળ યુતિ યોગ : બે નંબરનુ ધન ઘણું મેળવે પણ માતા સુખ ઓછું. આવો જાતક પ્રાયઃ નિતિમાન નથી હોતો. ચંદ્ર વર્ગોત્તમ કે બળવાન ગ્રહથી દષ્ટ હોય ત્યારે, રાજયોગ કરે છે. આ યોગ રાજગોપાલાચાર્યની કુંડલીમાં હતો. સોમવારે ચંદ્ર હોરા પ્રભાવી અથવા વૃષભ કર્કનો ચંદ્ર કે રોહિણી હસ્ત, શ્રવણ આ નક્ષત્રમાં ચંદ્ર હોય તો વધુ બળવાન બને છે.
ઉપયોગ : જમીનમાં પાક કરવો, કુવા ખોદવા, નેહરા કાઢવી, મોતી, રત્ન, અલંકારની ખરેદી કરવી, પ્રવાસ કરવો, નર્સની સર્વિસ મેળવવાં શુભ છે.

## મંગળ

સર્વ ગ્રહોના સ્તંભીપણામાં મંગળનું સ્તંભીપણું પ્રખ્યાત છે. એ અનિષ્ટ છે તેનાથી દેશમાં અરાજકતા, તોફાનો બને છે. મેષરાશિમાં ૧૨° અંશ સુધી મૂળત્રિકોણી પછી સ્વગૃહી બને છે. મકરમાં ૨૮° અંશે પરમોચ્ચ બને છે. દશમ ભાવમાં મંગળ અતિશય દિગ્બળી બને છે. મેષ, સિંહ, ધનુ આ અગ્નિતત્વના રાશિમાં મંગળ અનુકૂળ બને છે તેથી જાતક ધાડસી, નિશ્ચયી, ઉદાર, ક્રોધી અને ઉતાવળો બને છે. વૃષભ, કન્યા, મકર, આ રાશિમાં લોભી, પેટભરો, મત્સરી, બીજા ઉપર શ્રદ્ધાળુ, કલહપ્રિય અને સ્રીરત હોય છે. બૌદ્ધિક, મિથુન, તુલા અને કુંભનો હોય તો પ્રવાસશોખીન, અદલાબદલ કરનાર પણ કમનશીબી હોય છે. કર્ક વૃશ્ચિક મીન આ રાશિનો મંગળ જલ વિષયક ધંધો કરી શકે છે. અને ઉત્તમ ડૉક્ટર બને છે. મંગળ સેનાપતિ હોવાથી ધાડશી. કોઇનું ન માનનાર, સ્વતંત્ર વૃત્તિવાળો, જીદ્દી અને મહત્વાકાંક્ષી હોય છે. મંગળમાં ઇન્દ્રિયજન્ય ચૈતન્ય છે. મંગળ શુભ હોય તો ઉત્તમ ગુણ, દેશપ્રેમી, ધૈર્ય, સ્વાર્થત્યાગ, પરદુઃખ ભંજક, સ્વાર્થત્યાગી, મનોનિગ્રહી અને આત્મવિશ્વાસુ હોય છે. ઐહિક સુખની ઇચ્છા અભાવ, રાજકારણ અને સમાજમાં આગેવાન બને છે.

**અશુભ મંગળ :**

તોફાની, રાજદ્રોહી, ખુની, મારપીટ કરનાર, લુંટનાર, અત્યાચાર, ક્રૂર, બેશરમપણા કરનારો બને છે.

લગ્ને મંગળ હોય તો અત્યંત તાપટ સ્વભાવ, વિચારશક્તિ ઓછી અને એ જો દોષિત હોય તો પાશવીવૃત્તિ બને છે. મંગળનો પ્રભાવ રક્ત બહાર કાઢવાનો અને શનિનો પ્રભાવ રક્ત અંદર ખેંચવાનો છે તેથી ગુસ્સે થયેલ જાતક લાલ બને છે અને ડરેલ સફેદ બને છે.

મંગળ કાર્ય તુરત કરે છે. શનિ કાર્ય વિલંબથી કરે છે. મંગળની પ્રવૃત્તિ નાશ કરવાની છે. શનિની પ્રવૃત્તિ અપહરણ કરવાની છે.

મંગળ અવિચારી છે. શનિ વિચારી છે. તેથી મંગળ શનિની યુતિ જે સ્થાનમાં હોય તે સ્થાનનો નાશ કરે છે. જો સામ સામે હોય તો બન્ને સ્થાનનો નાશ કરે છે. મંગળ થી શનિ ૪ થો અને શનિ થી મંગળ ૧૦ મે આ પરસ્પર દષ્ટિ કે યુતિ યોગ સ્વકુલ દેવતાનો દોષ સૂચિત કરે છે. ચતુર્થમાં રહેલ મંગળ માતાથી મતભેદ સૂચવે છે. સપ્તમનો મંગળ વૈવાહિક સુખ ન આપે. દશમભાવમાં રહેલ મંગળ જાતકને યશ અપાર આપે, કુળદિપક બનાવે, સર્વ જનમાન્ય બનાવે પણ વડિલોપાર્જિત ધનનો અભાવ અને ત્રાસ થાય છે. પિતાસુખ અલ્પ.

મંગળ સાથે શુક્રનો સંબંધ કે યુતિ હોય તો વિવાહ વૈચિત્ર્ય બને છે. ધનસ્થાનિય મંગળ ધન સારૂ આપે છે પણ કરકસીયો બનાવે છે. પંચમ સ્થાનીય શુભ મંગળ આરોગ્ય સારૂ આપે છે. અષ્ટમસ્થાનીય અશુભ મંગળ અપઘાતાદિ સૂચવે છે. સ્રીઓનો અષ્ટમ મંગળ સ્વગૃહી ઉચ્ચસ્થાનીય કે અખંડ સૌભાગ્ય આપે છે. મંગળને ૬ ઠ્ઠુ સ્થાન ન ગમે તેથી ત્યાં હોય તો શત્રુ પરાજય કરે છે. તૃતીય સ્થાનીય મંગળ સાહસી પણ ભાઇ-બ્હેનનું સુખ ન મળે. કપાળ, સ્નાયુ, નાક, ડાબો કાન, જનનેંદ્રિય, મૂત્રાશય, રક્તવાહિની ઉપર મંગળની અસર છે.
મંગળથી થતા રોગ : સાથી રોગ, બળતુ, સૂજવું, જખમ, મેંદુવિકાર, રક્તસ્રાવ, ટાયફોડ, ન્યૂમોનીયા, પથરી, ગર્ભપાત, નાકનું હાડકુ વધવું ઝેરી ધૂમાડાથી મરણ અને તડકો લાગવો.

ધંધા : સૈનિક, ખલાસી, સર્જન, ડેન્ટીસ, અપઘાત શોધ, વકિલ, કૅમિસ્ટ, શસ્ત્રાગારાધિકારી, લુહાર, સુથાર, હજામ, ખાટીક આદિ હોય છે.

શુભ મંગળ ઉત્તમ મિત્ર બને છે. અશુભ મંગળ ખરાબ શત્રુ બને છે. મિથુન કે કન્યાનો મંગળ ઉત્તમ વકૃતત્વ આપે છે. વાદવિવાદમાં કયારેય હારે નહિ પણ જો શનિથી યુક્ત કે દષ્ટ હોય તો વિતંડવાદી બને છે. આવો જાતક અતિશયોક્તિ બહુ કરે છે.

મંગળનો બુધથી શુભ યોગ હોય તો બૌદ્ધિક મહેનત કરે, ઉત્સાહી હોય છે. સ્મરણશક્તિ સુંદર હોય છે. વ્યવહારિક દષ્ટિકોન સારો હોય છે. વિજ્ઞાન કુશળ બને છે. પત્ની ઉપર ખૂબ પ્રેમ કરે પણ પત્નીનું રમકડું ન બને. કુંડલીમાં દુર્બળ મંગળ હોય તો જાતક ડરપોક બને છે છતાં ગુન્હાવૃત્તિ હોય છે. મંગળ નીચે પ્રમાણે શુભ હોય છે.

મકર, મેષ, વૃશ્ચિક, સિંહ, ધનુ મીન, વૃષભ, તુલા, કુંભ, મિથુન, કન્યા અને કર્ક ક્રમશઃ શુભ ઓછું બને છે. ભાવપ્રતિ શુભતા : ૧૦, ૧૧, ૬, ૩, ૯, ૫, ૧, ૪, ૨, ૧૨, ૮, ૭ ક્રમશઃ ઘટે છે. પરમનીચ અંશનો અર્થાત કર્કનો ૨૮° અંશનો મંગળ કેમદ્રમુના ફળ આપે છે.

મંગળ અને શનિની યુતી કે પરસ્પર દષ્ટિ હાનીકારક છે. જો આ યોગ લગ્ન કે ૭ મે હોય તો તેને ક્ષારશેરિકર્ષણ યોગ કહેવાય છે. જાતકને દુઃખ અસત્ય અને માનહાની આપે છે.

લગ્નમાં શનિ, મંગળ, રાહુ સાથે હોય તો હાર્નિયા થાય છે અને દ્વિભાર્યા કે દ્વિપતિ યોગ કરે છે. ઉપાય તરીકે લગ્ન પહેલા ઘટલગ્ન કરાવવું પડે છે. દૂર્બળમંગળ દશમમાં હોય તો સ્વાર્થ માટે કોઈપણ કૃત્ય કરાવે છે. મંગળ ૧, ૪, ૭, ૮, ૧૨ આ સ્થાનમાં દાંપત્ય દોષ પેદા કરે છે. મંગળ, શનિ કે રાહુના નક્ષત્રનો અશુભ બને છે.

મંગળની મહાદશામાં શનિ, રાહુની અંતર્દશા અતિત્રાસદાયક હોય છે. તેમજ શનિ-રાહુની મહાદશામાં મંગળની અંતર્દશા અતિત્રાસદાયક હોય છે. કર્ક અને સિંહ લગ્નમાં મંગળ યોગ કારક બનવાથી અશુભ ફળ ન આપે. મંગળ પરાક્રમ કર્તૃત્વ, કૌશલ્ય, ભૂમિ, શસ્ત્ર, કામક્ષમતા, ચોરી, લઢાઈ, શત્રુ, ઉદારતા, ક્રોધ, નિશ્ચય, સાથીદાર, અગ્નિ, પિત્ત, ઉષ્ણતા, જવર રોગ, સૂવર્ણ, જીનેન્દ્રિયની આગ, બળેલી જગ્યા, તિરંદાજી, રક્ત, ઘર, સૈનિક, ભાઈ-બેન, ન્યાયાધીશ, રીંગ માસ્ટર, સ્વાતંત્ર અને ચિકાસપણાનો કારક છે.

મેષ, વૃશ્ચિક, મકરનો મંગળ કેંદ્રમાં હોતા, રુચક નામે પંચમહાપુરુષ યોગ થાય છે.

ફલિત : મજબુત બાંધો, સુપ્રસિદ્ધ પ્રાચિન વિદ્યામાં નિષ્ણાત બનાવે છે. વર્ણ લાલાસ, રૂઆબદાર, આકર્ષક, શ્રીમંત, દીર્ઘાયું, અને લઢાયક વૃત્તિ બનાવે છે. આ યોગ મંગળના સામર્થ્યાનુસાર જાણવું. શનિથી કે રાહુથી મંગળ દોષિત હોય તો આ યોગનું મહત્વ સામાન્ય હોય. હિટલરના કુંડળીમાં આ યોગ હતો પણ શનિથી દોષિત હોવાથી લઢાયક રાજકર્તા હતો. ગરીબીમાં જન્મ હોવા છતાં આ કક્ષાએ પોહચેલ હતો. પણ રાહુની મહાદશામાં તેનો નાશ થયો.

મંગળહોરા : મંગળવાર, મેષ, વૃશ્ચિક આ રાશિ કે મૃગ ચિત્રા ધનિષ્ઠા આ નક્ષત્રમાં ચંદ્ર હોય તો મંગળનો હોરા બળી બને છે. તેમાં યુદ્ધ તૈયારી, કોર્ટમાં દાવો માંડવો, જમીન ખરેદી, સૈન્યમા ભર્તિ થવું, છાપખાનો શરૂ કરવો, યંત્રસામગ્રી બેસાડવી, શસ્ત્ર તૈયાર કરવા સારો છે.

જે રાશિમાં મંગળ બળવાન હોય છે તે રાશિએ બતાવેલ ભાગ મજબુત હોય છે. દુર્બળ હોય તો ગુરુનુ ફળ ક્ષીણ બને. જે સ્થાનમાં આ યુતિ હોય કે પરસ્પર દષ્ટ હોય તો સારા નરસા બંન્ને ફળ મળે છે. ધનસ્થાનમાં આ યુતિ હોય તો ગુરૂ ભરપુર ધન આપે પણ મંગળ એ ધન ખર્ચાવી નાંખે છે.

ચતુર્થમાં મંગળ ગુરૂ યુતિ ઐહિક ઉપભોગ ફળ આપે છે પણ ઉપભોગમાટે જાતકને અપાત્ર બનાવે છે.
પંચમમાં મંગળ ગુરૂ યુતિ પુત્ર આપે છે પણ પુત્ર સુખ ન મળે.
ષષ્ટમાં મંગળ ગુરૂ યુતિ શત્રુ પરાજય કરે પણ એથી કોઈ લાભ ન થાય.
સપ્તમ સ્થાને મંગળ ગુરૂ યુતિ લગ્નનું સુખ ન મળે પણ પત્ની સારી મળે.
અષ્ટમ સ્થાને મંગળ ગુરુ યુતિ દીર્ઘ આયુ આપે પણ જીવન ત્રાસમય બને.
નવમ સ્થાને મંગળ ગુરુ યુતિ ધર્મમાં આગેવાન પણ આચરણ શૂન્ય બને.
દશમ સ્થાને મંગળ ગુરુ યુતિ સુંદર ફળ આપે.
૧૧ માં સ્થાને મંગળ ગુરુ યુતિ સારા નરસા બન્ને મિત્રો આપે છે.
૧૨ માં સ્થાને મંગળ ગુરુ યુતિ ગુન્હાઓ કરી પૈસા મેળવાની વૃત્તી આપે.
લગ્નના સ્થાને મંગળ ગુરુ યુતિ સ્વભાવ તાપટ પણ નુકસાન ન થાય...

શનિ મંગળ યુતિ કે દષ્ટિયોગ ધૃણાવૃત્તિ પણ મંગળ વિષયક જ્યોતિષ જોવાની ઈચ્છા અત્યંત સાવધગિરી આપે છે.

# બુધ

બુધ સર્વથી નાનો ગ્રહ છે. રવિથી નજીક છે. કન્યા રાશિનો બુધ ૧ થી ૧૫ અંશ સુધી ઉચ્ચ અંશી. આગળ ૨૦° અંશ સુધી મુલ ત્રિકોણી ૨૦° તી ૩૦° સુધી સ્વગૃહી હોય છે. બુધને પોષકરાશિ ૩, ૬, ૭, ૧૧ છે.

ફલિત : શાસ્ત્રજ્ઞાન, પાઠાંતર, સ્મરણશક્તિ વક્તૃત્વ, ગ્રંથકર્તૃત્વ આપે છે. મતિ સર્વ વિદ્યામાં ચાલે. તારતમ્યભાવ અધિક હોય. કોઈ પણ બાબત સહજ જાણી લે છે. કુંભનો બુધ ઓછું બોલનાર બનાવે છે. જે બોલે તે મુદ્દાસર બોલે. ઉપર્યુક્ત રાશિનો બુધ ઈજીનીઅર, ડૉક્ટર, તત્વજ્ઞાન અને ધર્મશાસ્ત્રી બનાવે છે. કોઈપણ પ્રશ્ન સહસા હલ કરે છે.

બુધ ચઢતા ક્રમે મીન, કર્ક, વૃશ્ચિક, મેષ, ધનુ, કુંભ, સિંહ, તુલા, વૃષભ, મિથુન અને કન્યામાં હોય તો શુભફળ વધુ આપે છે.

મેષ, સિંહ, ધનુ રાશિમાં બુધ હોય તો અત્યંત માર્મિક અને ચપળ છે. આ જાતકની પ્રતિભા, વિચારશક્તિ જલદ હોય છે તેથી ગુસ્સો જલ્દી આવે. ગણિત સારૂ, ધનુનો બુધ અવિચારી, ઉદ્ધત બનાવે છે. વૃષભ, મકરનો બુધ જલ્દી ગુસ્સો લાવી સ્વમનનું પ્રદર્શન કરનાર ખાઉધરો અને કપટી બનાવે છે. વૃશ્ચિકનો બુધ રોગકારક હોય છે. વૈદ્યક જાણકાર, નિર્ણય તરત કરાવે છે. કર્ક, મીન રાશિનો બુધ બોલ બોલ કરનાર, સ્વમન બદલનાર, જાતને વિશેષ સમજદાર માને. બીજી રાશિઓ બુધ માટે સારી છે.

**ભાવ :** ચઢતે ક્રમે ૭, ૮, ૧૨, ૬, ૨, ૯, ૫, ૪, ૩, ૧૦, ૧૧, ૧ માં વધુને વધુ સારૂ ફળ આપે.

**કારકત્વ :** શિક્ષણ, ગણિત, ચાતુર્ય, શાહણપણ, વકૃત્વ, લેખન, નવા વસ્ત્રો, ભવ્ય મકાન, લીલો વર્ણ, શીલ્પશાસ્ત્ર, જ્યોતિષ, ધાર્મિક સ્થળ, વ્યાપાર, મીઠુવચન, ધર્મશાસ્ત્ર, માતામહ, નપુંસકત્વ, ત્વચા, દીક્ષા, ડોક, ડર, હેમંત ઋતુ, ઈશ્વર ભક્તિ, વાયવ્યદિશા, નિ:પક્ષપાતી, વ્યાકરણતજ્ઞ, વિદ્વાન, રત્નપારખી, સ્મરણશક્તિ, ટાપટીપ, પદ્ધતિસર, ભૂલવિના કાર્યકરવાનો શોખીન.

બુધ આનંદી પણ અસ્થિર બુદ્ધિવાળો, બીજાપર અવલંબી રહેનાર પણ ચતુર છે. આના સર્વગુણ મંગળ અને રવિથી વિરૂદ્ધ છે. તે પારા જેવો છે. જોવામાં ચાંદી જેવો પણ ઝેરી છે. પારો જડ છે તેવો જ બુધનો ગુણધર્મ છે. પારાની જેમ બુધને પકડવા બુદ્ધિ જોઈએ તેથી બુધ પાસેથી કાર્ય કરવા યોગ્ય ગ્રહો જોઈએ. બુધનો ઉપયોગ બુદ્ધિ માટે પારાની જેમ કરાય છે. બુધ ઉપરથી સ્વભાવ ઓળખાય છે.

રવિ અને ચંદ્ર પછી આત્મા અને મન ઉપર બુધની સત્તા હોય છે. કારણ કે બુદ્ધિ ઉપર બુધનું પ્રભુત્વ છે. રવિ, ચંદ્રથી વ્યક્તિમત્વ અને મન સમજાય છે. બુધથી બુદ્ધિમત્તા જણાતી હોવાથી બુધનું મુલ્ય આંકવામાં મહત્વ છે. બદલતી પરિસ્થિતિ અનુસાર વર્તવાની કલા બુધમાં છે.

રાશિ અને સ્થાનબળી બુધ ઉત્તમ બુદ્ધિ આપે છે. ૬, ૮, ૧૨ નો બુધ બુદ્ધિ ઓછી આપે છે. બુધ અને ચંદ્ર બંન્ને જો બળહીન હોય તો જાતક પાગલ બને છે. બુધ એ દૂત હોવાથી રાજકારણમાં મહત્વ છે. બુધ પરાવલંબી હોવા છતાં ઘણી બાબતમાં તે સ્વતંત્ર છે. બુધ થી જ પ્રાણિ અને મનુષ્યમાં ફરક પડ્યો છે.

બુદ્ધિના પ્રભાવથી માનવે વાઘ, સિંહ ઉપર કાબુ મેળવ્યો છે.

અશ્લેષા, જ્યેષ્ઠા, રેવતી આ ત્રણેય બુધના જલરાશિના નક્ષત્ર છે અને કર્ક, વૃશ્ચિક, મીન આ ત્રણેય જલરાશિ છે. રેવતી નક્ષત્રમાં મીન રાશિમાં બુધ નીચ બને છે. બુધ આ યુવરાજ હોવાથી ક્રીડાપ્રીય છે. જબાબદારીના કામ બુધને ન સોંપાય, બુધ, ધૂર્ત છે તો મંગળ શૂર છે. શૂર અને ધૂર્તના એક સ્થાને જોવા ન મળવાથી મંગળ, બુધ અન્યોન્ય શત્રુ છે. મંગળ બુધ યુતિ કે સમ સપ્તકયોગ હોય તો જાતક ચાલક હોય પણ એનો દુરોપયોગ કરે છે. યુકિત શોધવામાં બુધ કુશળ છે. ચંદ્ર એ મન, એથી ચંદ્રાપત્ય બુધ છે. મનનો અપત્ય બુદ્ધિ છે. મન પાસે બુદ્ધિ નકામી બને છે.

બળવાન બુધ હોય તો નિરક્ષણ, પરીક્ષણ શક્તિ સુંદર હોય છે અને બળહીન બુધ હોય તો વિસ્મરણશીલ. બુધ, શનિની યુતી હોય તો પણ ભુલકણો બને છે.

ચંદ્ર અને બુધનો નવપંચમ યોગ હોય કે ચંદ્ર, બુધની યુતી હોય તો રાજકારણપટુ અને વિદ્વાન્ બને છે. આ યોગનો ચંદ્ર કે બુધના રાશિમાં હોય તો ઉત્તમ બને છે. આવા જાતકો કુશળતાથી પોતાના કાર્યો કરે છે.

મિથુન રાશિનો બુધ બૌદ્ધિક કક્ષા વધારે છે. કન્યા રાશિનો બુધ ઉત્પાદક શક્તિ વધારે છે. બુધ રવિનો ૪, ૮, ૧ માં સુંદર ફળ આપે છે. ૧, ૪, ૮ માં એકલો બુધ પણ સારૂ ફળ આપે છે. મોરાજી દેસાઈની કુંડળી મિથુન લગ્નની છે એ બુધ અષ્ટમમાં છે તેથી રાજયોગ થયો. બુધ ઉચ્ચ ગ્રહના યુતીમાં ઉચ્ચનાં ફળ આપે છે. ગુરૂ દૃષ્ટ બુધ ઉત્તમ બુદ્ધિ આપે છે. બુધ-શુક્ર યુતિ કલા કૌશલ્ય આપે છે. ગાયન, ચિત્રકાર બનાવે છે. અભિનય સુંદર કરે છે.

**અશુભ બુધ :** બીજાની નિંદા કરવી, ખોટી સહી, દસ્તાવેજ કરવાં, એક બીજાનો ઝગડો કરાવે છે.

**શુભ બુધ :** વિચારીને કામ કરનાર, વૈદ્યક તજ્ઞ, બુધને અસ્તંગત દોષ અલ્પ હોય છે. બુધ રવિથી આગળ હોતા બુદ્ધિ સારી હોય છે. તેથી બુધાદિત્ય યોગમાં રવિ થી બુધ આગળ હોતા સારો બને છે. કુંડલીમાં ગમે તેટલા રાજયોગ હોય પણ બુધ જો બગડેલો હોય તો રાજયોગનું ફળ ન મળે. વિપરિત ફળ પણ મળે. બુધ એ ગુરૂનો શત્રુ છે પણ ગુરૂને સમ માને છે. બુધ એ તાર્કિક અને વિદ્વાન છે એમાં શનિનું ડહાપણ નથી તેથી ગુરૂને બુધ ઉપર વિશ્વાસ નથી. બુધ કે શનિના શત્રુ રાશિમાં જો બુધ+શનિની યુતી હોય તો જીવન નિષ્ફળ જાય છે. ગુરૂ મહાદશામાં બુધની અંતર્દશા ખરાબ જાય છે. બુધ+શનિ યુતિ લગ્નમાં હોય તો લુચ્ચો બને છે. બુધ+શુક્ર યુતિ મિથુન, કન્યા લગ્નમાં સારા ફળ આપે છે. બુધ+રાહુ યુતિ જાતકને વક્રગામી બુદ્ધિ આપે છે. પંચમનો બુધ વિદ્યા સારી આપે છે.

**બુધના ધંધા :** વકૃત્વ, લેખન, છાપખાના, સ્ટેશનરી, ચિત્રકલા એકાન્ટન, કૅશીયર, પુસ્તક વિક્રેતા.

**બુધથી માંદગી :** ગાંડપણ, માનસિક વિકૃતિ, મૂકો, તોતડો, અસ્પષ્ટ વાણી, મજ્જાતંતુના વિકાર, નિદ્રાનાશ, શ્વાસો દોષ, દમ, વાત, પિત્ત, કફ આ ત્રણેય ઉપર સત્તા, વિટામિન સી નો પ્રતિક છે. નાક, મેંઢુ, બે હાત, જીભ, આંતરડા ઉપર બુધનો અમલ છે.

બુધ જો કેંદ્રનો સ્વામી હોય તો અર્થાત ૩, ૬, ૧૨ લગ્ન હોય અને તે જો કેંદ્રમાં ન હોયતો જાતકને કેંદ્રાધિપત્ય દોષ લાગે છે. મેષમાં દોષિત બુધ હોય તો જાતકને માનસિક ત્રાસ થાય. વૃશ્ચિકમાં દોષિત બુધ હોય તો જાતકને ગુપ્તેન્દ્રિયના રોગ કરે છે. મકર-કુંભનો બુધ જો શનિ દૃષ્ટ હોય તો વાણી દોષ થાય છે. ક્ષીણ ચંદ્ર સાથે બુધ શનિ દૃષ્ટ હોય તો પાગલ કરે છે. મંગળ-બુધ યુતિ આક્રમક વૃત્તિ આપે છે. કયારેક ગુન્હેગાર બનાવે છે. બુધ-શનિ યુતિ શત્રુરાશિમાં હોય તો ફસાવનાર બનાવે છે. બુધ-શનિ બંન્ને કુંડલીમાં અશુભ હોય તો જાતક નિરાશાવાદી બને છે. સપ્તમનો દોષિત બુધ વન્ધ્યા કે નપુંસક બનાવે છે. લગ્ન કે ૪ નો દોષિત બુધ સંતતી ચિંતા કરાવે છે. ષષ્ટનો દોષિત બુધ જીવનભર માંદો બનાવે છે. માનસિક વિકૃત બને.

**ભદ્રયોગ :** કેંદ્રમાં મિથુન કે કન્યાનો બુધ હોય તો આવો જાતક વિદ્વાન કે ધનવાન બને છે પણ યા યોગ દુષિત ન હોવા જોઈએ.

**હોરા :** બુધવાર, મિથુન-કન્યા, ચંદ્રની રાશી કે આશ્લેષા, જ્યેષ્ઠા અને રેવતિ એમાં ચંદ્ર હોય તો બુધહોરા બળવાન બને છે આમાં સ્કૂલ પ્રવેશ, અધ્યયન, પ્રવચન આપવું. શિક્ષકની જગા સ્વીકારવી. હિશાબ તપાસવા, પુસ્તક પ્રગટ કરવું, પુસ્તકને પ્રસિદ્ધિ આપવી, કાગળ ધંધો દલાલી કરવી, મધ્યસ્થી કરવી, મહત્વના પત્ર ઉપર સહિ કરવી.

## ગુરૂ

ગુરૂ ઉપગ્રહ ૪ છે. સ્વયંપ્રકાશી છે. ધનુરાશિનો ગુરૂ પ્રથમના ૨૦° અંશ મૂલ ત્રિકોણી ૨૦° થી ૩૦° સ્વગૃહી. શુક્રનો વિલાસ ગુરૂને ગમતો નથી. બુધનું ડહાપણ ગુરૂને ગમતું નથી તેથી ગુરૂ એ બુધ-શુક્રને શત્રુ માનેલ છે. શનિની વ્યવહારી સમજ ગુરૂને ગમે છે તેથી શનિને સમ માનેલ છે. ગુરૂનું પુનર્વસુ નક્ષત્ર દેવગુણી છે. વિશાખા રાક્ષસગુણી છે અને પૂર્વ ભા. નક્ષત્ર મનુષ્યગુણી છે. તેથી ગુરૂ પુનર્વસુ નક્ષત્રમાંજ સારો હોય છે. આ નક્ષત્રના ૪ થા ચરણનો ગુરૂ ખૂબ સારા ફળ આપે છે. ગુરૂનો રવિ-ચંદ્ર સાથે ષડ્ અષ્ટક હોતા જીવન નિષ્ફળ જાય છે. ગુરૂનો અસ્તંગત દોષ ખૂબ ખરાબ હોય છે. ગુરૂના સહવાસ કરતાં ગુરૂની દૃષ્ટિ અમૃતકારક હોય છે. ગુરૂ ગમે તેવો દોષિત હોય તો પણ એની દૃષ્ટિ અત્યંત શુભદા હોય છે. તો બળવાન ગુરૂની શીવાત કરવી ? ૩, ૬, ૯, ૧૨ માં લગ્નમાં ગુરૂ જો કેંદ્રમાં ન હોય તો કેંદ્રાધિપત્ય દોષ લાગે છે. આ દોષથી જાતક પ્રગતિ કરી શકતો નથી. ગુરૂ ૫, ૯ સ્થાને ખૂબ સારો. કર્ક લગ્નમાં ચંદ્ર શુભ હોય તો અને ચંદ્ર કેંદ્રમાં ન હોય તો પણ કેંદ્રાધિપત્ય દોષ લાગે છે.

સર્વ ગ્રહોમાં ગુરૂનો કેંદ્રાધિપત્ય દોષ સૌથી વધું છે. ગુરૂની દૃષ્ટિ માટીને સોનું બનાવે છે. સદ્ગુણ પ્રાપ્ત થાય. નૈતિકતા વધે. સુસંતતિ પ્રાપ્ત થાય તેથીજ બાળકો આજ્ઞાધારક, સદ્ગુણી અને માતાપિતાને સુખ આપે છે.

વ્યયસ્થાનમાં ગુરૂની દૃષ્ટિ પ્રવ્રજ્યા યોગ આપે છે. ગુરૂ બળવાન હોય તો સંતતિ પ્રેમાળ બને છે. શુક્ર બળવાન હોય તો પત્ની લાડકી મળે છે.

**કારકત્વ :** કર્તવ્ય, ધર્મશાસ્ત્ર, તત્વજ્ઞાન, મિમાંસા, દીર્ઘ દેહ, શૌર્ય, કીર્તિ, તર્કશાસ્ત્ર, જ્યોતિષ, વડિલબન્ધુ, થંડીઋતુ, સાથળ, કફ, ધાર્મિકવૃત્તિ, પરોપકાર, નિઃસ્પૃહતા, નિ:પક્ષપાતતા, રાજસન્માન, સુખ, શાંતિ, મંત્ર વિદ્યા, પવિત્ર સ્થળ, બુદ્ધિ, વિદ્યા, વાઙ્મય, ગળપણ, બીજાના મન જાણવા, સૂવર્ણ અલંકાર, બેંક એકાઉન્ટ, પુખરાજ રત્ન. ગુરુ વર્ચસ્વ વાળો જાતક ઉંચુ શરીર, સ્થૂલ દેહ, કફ પકૃતિ, હાડકા મજબૂત. ગહુંવર્ણી, મેદવૃદ્ધિકર, પેટ આંતરડા, લીવ્હર.

**સ્થળ :** વિદ્વાન સંમેલન, ભંડાર, સોનુચાંદી, સુવર્ણખાન, વિદ્યાલય, પાર્લામેન્ટ અધ્યાત્મિક, દવાખાનું, નાટક, સંસ્થા, ધર્મસ્થાન મંદિર ન્યાયાલય.

**રોગ :** મધુમેહ, જલોદર, શરીરમાં ગાંઠો, ગૅસ, ઝાડા, વિટામીન એ, પોતાના કારક જીવનમાં ૨, ૫, ૯, ૧૦, ૧૧ માં ઉત્તમ ફળ આપે છે. કુંડલીમાં ગુરૂ બળવાન હોય તો જાતક ભાવનાવશ હોય છે. ઉદારમતવાદી મહત્ત્વાકાંક્ષી, બધાની સહાનુભૂતિ મેળવે. મદત માટે સદા સજ્જ, ન્યાયપ્રિય, ગુરૂથી ભૂલો થાય પણ ભાવના વશથી કરે.

ગુરૂ કેન્દ્રમાં હોય તો ભાવનાવશથી વધુ ભૂલો કરે. સ્વનક્ષત્રમાં કે રવિ, બુધ, શુક્ર ચંદ્રના નક્ષત્રમાં હોય તો ગુરૂ સુંદર ફળ આપે છે. પાપગ્રહની દ્દષ્ટિ કે યુતિમાં સ્વશુભત્વ ઓછુ કરીને પાપગ્રહનું શુભત્વ વધારે છે. અને શુભગ્રહની યુતિ કે દ્દષ્ટિમાં અત્યંત શુભફળ આપે છે. ગુરૂ-શુક્ર, ચંદ્ર-ગુરૂ, ગુરૂ-બુધ આ યુતિ કે દ્દષ્ટિ અત્યંત સારા ફળ આપે છે. ગુરૂ જ્યારે દોષિત હોત તો જાતક અજ્ઞાની, બઢાઈખોર, દાંભિક, મેદાધિક્ય વધુ કામી, બહુગળ્યું ખાનાર.

શુભસ્થાનમાં ગુરૂ દુષિત હોય તો લાંચ આદિ લઈને બીજાને હાની પોહંચાડે, ઈચ્છાતૃપ્તિમાં લાગેલ, કોઈ પણ માર્ગે સ્વ ઈચ્છા તૃપ્ત કરનાર દોષિત ગુરૂ અભિમાની હોય છે.

**ગુરૂ અંતરંગ સ્વભાવ :** વિચાર, ભાવનાનું સંમિશ્રણ, પરોપકાર, સુસ્વભાવ, સામાજીક પ્રવૃત્તિ, આશાવાદી, સૌંદર્યપ્રિય, શરીર સ્વાસ્થ્ય, દયા, ક્ષમા, શાંતિ, ઈશ્વરભક્તિ, માન સન્માન, નૈતિક દર્જો, આત્મવિશ્વાસ, આનંદી સમાધાની, ન્યાયી, માનસિક વિપુલતા સારીબાબતમાં સામાન્યજ્ઞાન સારૂ, ઉત્તમ નિર્ણય શક્તિ, જુની બાબતોનો ચાહક, સુભાષચંદ્રના કુંડલીમાં ગુરૂ પાંચમે મંગળ ધનમાં, રવિ, બુધ, રાહુ દશમે, શુક્ર લાભમાં હતો તેથી શનિની દ્દષ્ટિ રવિ, બુધ, રાહુ ૭ મી દ્દષ્ટિ મંગળ અને ૧૦ મી દ્દષ્ટિ ગુરૂ પર હોવાથી રાજયોગ હોવા છતાંય રાજયોગ પ્રાપ્ત ન થયો, જ્યારે સ્વામી વિધ્યારણ્યના લગ્નમાં ધનનો ગુરૂ, ચતુર્થમાં ઉચ્ચનો શુક્ર પંચમમાં, મેષનો રવિ, સપ્તમમાં શનિ હોવાથી અષ્ટમમાં કર્કનો ચંદ્ર, રાહુ ષષ્ટમમાં ગુરૂ લગ્ન હોવાથી અષ્ટલક્ષ્મી યોગ. ગુરૂ લગ્નમાં સ્વગૃહી આ રાજયોગની કુંડળી છતાં શનિ સપ્તમમાં હોવાથી રાજ્યોગ ભોગની પ્રવૃત્તિ નથી તેથી સામ્રાજ્યની સ્થાપના કરી ફરીથી સંન્યાસી બન્યાં.

વિવાહ ઉપનયન દીક્ષાદિ સર્વ શુભકાર્યમાં ગુરૂ બળ હોવું જોઈએ. ગુરૂ જો અસ્તંગત હોય તો મંગળ કાર્ય ન થાય. ગુરૂ એ રવિ, ચંદ્ર જેટલો બળવાન નથી અને શીઘ્ર પરિણામ કારક નથી. મંગળ જેટલું સામર્થ્ય કે પરાક્રમ પણ નથી. બુધ એટલી ગુરૂમાં બૌદ્ધિકતા નથી. શુક્ર જેવું તેજ કાવ્યશક્તિ, નિશ્ચિંત પ્રેમ નથી. શનિ જેટલું મુત્સદી પણા, ગાઢજ્ઞાન, તપશ્ચર્યા કર્મઠતા, નિષ્ઠા, ઉચ્ચસ્થિતિ આપવાની શકિત ગુરૂમાં નથી. રાહુ જેટલો રાજકારણી નથી અને કેતુ જેટલી સંન્યાસી વૃત્તિ નથી. પણ આ સર્વગ્રહોના સદ્દગુણ ગુરૂમાં કાંઈક પ્રમાણમાં હોવાથી એ આકાશતત્વી છે. ગુરૂ સત્સ્વરુપ ચિત્શક્તિ અને તેજોરૂપી આનંદ આપનાર હોવાથી અને સત્ચિદાનંદ કહેવાય છે. ગુરૂનાં અધિષ્ઠમાં હોય તોજ શાંતતા, સૌખ્ય. સમાધી મળે તેથી પ્રત્યેક કાર્યમાં ગુરૂની સહાય લેવી પડે. ગુરુ જેવો માતા નથી, શનિ જેવો દાતા નથી, મંગળ જેવો મિત્ર નથી. ગુરૂ નામ પ્રમાણે વિદ્યા અને જ્ઞાન આપે છે. ગુરૂની ઉષ્ણતા રવિ જેવી પ્રખર નથી, મંગળ જેવી પીડાકારક નથી પોષક છે. તેથી ગુરૂ એ રક્ષકગ્રહ છે. ગુરૂને સૌથી વધુ કારકત્વ છે.

ગુરૂ એ મહાસાગર જેવો છે, શુક્ર એ નદી જેવો છે, બુધ એ નાળા જેવો છે. સર્વ શુભ ગ્રહોનો રાત્રી ગુરૂ છે, સર્વ પાપ ગ્રહોનો રાત્રી શનિ છે, શુક્ર ગુરૂ પાસે નિઃસ્તેજ બને છે. પૂર્ણ ચંદ્ર, શુક્ર કરતાં બળવાન છે. પૂર્ણ ચંદ્ર ગુરૂના નિચે શુભ છે. પણ ગુરૂમાં કેંદ્રાધિપત્ય દોષ છે. સપ્તમકે સપ્તમેશ ગુરૂએ બાધક હોય છે પણ તેથી ગુરૂની મહત્તા ઓછી થતી નથી.. ચંદ્ર ગુરૂ આ શ્રેષ્ઠ ગજકેશરી યોગ છે.

ચંદ્ર શુક્ર યુતિ શ્રેષ્ઠ યોગ બને છે પણ ગુરૂએ શોખીન પ્રવૃત્તિનો શત્રુ છે. તેથી ગુરૂ એ શુક્રને શત્રુ માને છે. ગુરુએ કર્કરાશિમાં ઉચ્ચ છે. કર્કએ ચંદ્રની રાશિ છે. ચંદ્ર ગુરૂની કિંમત સમજે છે તેથીજ તેને પોતાની રાશિ આપી છે. મકરએ ગુરૂની નીચ સેવકની રાશિ છે તેથી ગુરૂનું ડહાપણ આ રાશિમાં દબાએલ છે. મંગલની રાશિમાં ગુરૂને પોતાની રાશિ છે એમ લાગે છે કેમકે મંગળજો ક્રૂર હોય તોય સરળ પ્રવૃત્તિ કરે છે.

ગુરૂ દુષિત હોય ત્યારે જાતકને સારૂ કે નરસુ કોઈ ફળ ન આપે. તટસ્થ રહે છે. ગુરૂ જો કુંડલીમાં શુભ હોય તો તે મોટા સંકટોને સહજ પાર કરે છે.

૯ મું ભાગ્યસ્થાન એ ગુરૂનું ગમતુ સ્થાન હોવાથી ગુરૂનો ભાગ્યસ્થાન કે ભાગ્યેશ સાથે સારો સંબંધ જરૂરી છે. તેથી દૈવકારક બનાવો કરે છે. ગુરૂ પુરૂષ રાશિમાં હોય તો પુત્ર સંતતિ અધિક થાય. ગુરૂ કેંદ્ર ત્રિકોણમાં કે અષ્ટમમાં પૂર્ણ આયુષ્ય આપે છે.

**ગુરૂની ચઢતા ક્રમે રાશિ :** મકર, કન્યા, વૃષભ, મિથુન, તુલા, કુંભ, વૃશ્ચિક, મેષ, સિંહ, મીન ધનુ અને કર્ક.

ભાવ પરત્વે ૩, ૮, ૧૨, ૬, ૭, ૪, ૧૦, ૨, ૧૧, ૧, ૫ અને ૯ શુભત્વ જાણવું.

**રોગઃ** રક્તવિકાર, યકૃતવિકાર, કમળો, મેદવૃદ્ધિ માથામાં લોહી જામવું પેઢા ત્રાસ, નાકનું હડકું વધુવું, પેશાબ વિકાર, મધુમેહ, ત્વચારોગ.

**હંસયોગ :** કેંદ્રમાં ગુરુ સ્વગૃહી કે ઉચ્ચનો હોય ત્યારે.
**ફલિત :** સ્માર્ટ, લોકપ્રિય, ધાર્મિક, સરળહૃદયી આ યોગ દશમ કેંદ્રમાં મહત્વનો બને છે પણ તુળ લગ્નમાં મહત્વ ઘટે છે. મિથુન અને મીન લગ્નમાં આ યોગ સારો છે.
**ગજ કેશરી :** ગુરુ, ચંદ્ર યુતિ કે એક બીજાથી દૃષ્ટ બને છે ત્યારે આ રાજયોગ છે, ભાગ્યયોગ છે. આ જો કેન્દ્રમાં બને તો મહત્વનો. મકર લગ્નમાં ગુરૂ ૩, ૬ નો સ્વામી હોવાથી સગાઓ, મિત્ર સાથે સંબંધ સારા ન હોય. ગુરૂ જો ૩, ૮, ૧૨ કે ૩, ૮ ૧૨ નો સ્વામી હોય તો સંસાર સુખ ન મળે. એ અધ્યાત્મમાર્ગમાં પ્રગતિ કરે. પણ ૬, ૮, નો ગુરૂ આર્થિક સહાય ઘણી આપે છે.

કુંભ લગ્નમાં ગુરૂ કરતાં શનિની મહાદશા સુંદર ફળ આપે છે. ગુરૂની દૃષ્ટિએ અમૃત દૃષ્ટિ છે. શુભ, વક્રી બળ એ ગુરૂને સર્વાધિક હોવાથી ખરાબ કામ કરનારને પણ સફળતા મળે છે. સાધુઓની કુંડલીમાં ગુરૂ ઉચ્ચ કરતાં વક્રી હોય તો સારૂ કેમકે ઉચ્ચ ગુરૂ કરતાં વક્રી ગુરૂના ફળ સારા મળે છે,કુંડલીનો વિચાર કરતાં ગુરૂનો વિચાર ખાસ કરવો પડે. એનાથી કુંડલીની કિંમત ખ્યાલમાં આવે છે.

વક્રીરસ્તુ મહાવીર્યાઃ શુભગ્રહા ભાગ્યપ્રદાઃ

ઉચ્ચના ગ્રહ જે સ્થાને હોય તે સ્થાન કરતાં જે સ્થાનનાં તેઓ સ્વામી છે તે સ્થાનનું સુંદર ફળ આપે છે. (ડીસ્પોઝીટર) અદલાબદલી. ગુરૂનું મહત્વ કેન્દ્ર અને ત્રિકોણમાં વિશેષ છે. શક્યતઃ શુભગ્રહ ૬, ૮, ૧૨ માં ન હોવો જોઈએ. ગુરૂના અસ્તિત્વ કરતાં એના દૃષ્ટિને વધુ મહત્વ છે.

લગ્નસ્થ ગુરૂની દૃષ્ટિ ૫, ૭, ૯ ઉપર હોય છે. તેથી વિદ્યા, ભાર્યા, ભાગ્ય સુંદર પ્રાપ્ત થાય છે. અષ્ટમમાં હોય તો તીર્થક્ષેત્રે વાસ હોય છે. માનહાની થતી નથી. ઉદ્યોગ ધંધા સારા ચાલે, મોક્ષ પ્રાપ્તિ થાય છે.

ચતુર્થનો ગુરૂ ૮, ૧૦, ૧૨ સ્થાનને સુધારે છે. સપ્તમનો ગુરૂ બંધુસુખ સારૂ આપે છે. નવમનો ગુરૂ ૧, ૩, ૫ આ સ્થાનને સુધારે છે પણ ગુરૂના ફલિત વૃષભ, તુલ, મકર લગ્નમાટે સારૂ નથી. કેમકે વૃષભ લગ્નમાં ગુરૂ અષ્ટમેશ છે. તુલ લગ્નમાં ગુરૂ ષષ્ઠેશ અને મકર લગ્નમાં વ્યયેશ છે. મિથુન કન્યાલગ્નમાં ગુરૂ બાધકેશ હોય છે. ધનુ લગ્નમાં ગુરૂ ધન કે ષષ્ઠમાં સારો હોય છે. કુંભ લગ્નમાં ગુરૂ ૨, ૧૧ નો સ્વામી હોવાથી ધન માટે સારો પણ રાજયોગ નથી થતો. ગુરૂ ગમે ત્યાં કેવો પણ હોય તોય ઓછુ-વધતું સારૂ ફળ આપેજ છે. પણ બુધ માટે એમ નથી.

શનિ એ પાપગ્રહમાં શ્રેષ્ઠ છે. વૃષભ અને તુલ લગ્નમાં યોગ કારક છે તોપણ ઉપાસના, ખટપટ વિના તે યોગકારક બની શકે નહી. શનિ લગ્નેશ હોય તો પણ લગ્નેશના ઉત્તમ ફળ પ્રયત્ન વિના આપે. લગ્નેશને વિશેષ અધિકાર હોય છે. લગ્નેશ સદૈવ શુભગ્રહ હોય છે. શનિ કરતાં મંગળ ઓછો પાપગ્રહ છે; ગુરૂ વિપુલતા ધન્ય ધાન આપે છે. શુભશનિ પણ વિપુલતા ધન-ધાન્ય સુખ આપે છે. શનિના ઐહિક સુખ માનસિક પ્રસન્નતા આપતો નથી.

ગુરૂ મેષ અને વૃશ્ચિક રાશિમાં બળવાન બને છે. ગુરૂ, બુધ કરતાં શુક્રના રાશિમાં સારા ફળ આપે છે. પાપગ્રહ સાથેનો કે દૃષ્ટિનો ગુરૂ બળહીન બને છે. પણ પાપગ્રહને સુધારે છે. કુડલીમાં શનિ અશુભ હોય એ ઉપર ગુરૂની દૃષ્ટિ હોય તો શનિનો ત્રાસ ઓછો થાય છે. કોઈપણ ગ્રહ ઉચ્ચ કે સ્વગૃહે હોવા કરતાં જો ગુરૂ દૃષ્ટ હોય તો ઘણા સારા ફળો આપે છે. ગુરૂ જે ત્રિકોણમાં હોય તે ત્રિકોણ બળવાન કરે છે. ગુરૂની યુતિ કરતાં ગુરૂની દૃષ્ટિ વધુ શુભ ફળ આપે છે. પુનર્વસુ નક્ષત્રનો ગુરૂ બળવાન હોય છે. ગુરૂ વિપરિત ફળ ન આપે પણ નકારાત્મક ફળ આપે છે.

ગુરૂની ૧૨ માં સ્થાન ઉપરની દૃષ્ટિ મોક્ષકારક હોય છે. તેના ઉપરજો શનિની દૃષ્ટિ આવે તો શ્રેષ્ઠ પ્રવ્રજ્યા યોગ બને છે અને જાતક ઘણી તપશ્ચર્યા કરે. આ યોગ શંકરાચાર્યની કુંડલીમાં છે. કન્યા રાશિમાં દોષિત ગુરૂ હોય તો જાડા થાય. તે સ્વાર્થી હોય છે. મકરનો ગુરૂ દરિદ્રતા આપે છે. દુર્બળ ગુરૂ શનિ સાથે હોય તો આળશી બને છે. ખાવુ-પીવુ મોજ કરવી કષ્ટ કરવું ન ગમે. ગુરૂ શનિથી દૂષિત પંચમમાં હોય તો સંતતિ થવી મુશ્કેલ છે. ગુરૂ-રાહુ કે ગુરૂ-કેતુ યુતિ પંચમમાં હોય તો વંધ્યાયોગ બને છે. અષ્ટમમાં ગુરૂ દ્વિતીયેશ સાથે હોય તો મુકયોગ બને છે. ગુરૂના વ્યયમાં રહેલ ગ્રહ સુખનો અભાવ કરે છે. ગુરૂ-શુક્રનો ષડ્અષ્ટક યોગ સંસાર ભંગ કરે છે. બુધ-ગુરૂનો ષડ્અષ્ટક યોગ જાતકને મુંઝવણ પેદા કરે છે.
**હોરા :** પુનર્વસુ, વિશાખા, પૂ.ભાદ્રનો ચંદ્ર કે કર્ક, ધનુ, મીન, રાશિ હોય કે ગુરૂવારે ગુરૂનો હોરો ઉત્તમ હોય છે. ઈષ્ટ વ્યક્તિને મળવામાં આ હોરો શુભ છે. બૅન્કની મદદ, મોટા માણસને મળવું, ધર્મશાસ્ત્ર, જ્યોતિષ, અર્થશાસ્ત્રના પ્રારંભમાટે આ હોરો શુભ છે. પુસ્તક ખરેદી માટે પણ શુભ છે. વિદ્યાલય, ધર્મસ્થાન બાંધવામાં શુભ છે. પુત્રપ્રાપ્તિ માટે ગુરૂ હોરામાં સ્ત્રીસેવન કરવું. શનિના હોરામાં સંતતિ અભાવ, શુક્ર હોરામાં કન્યા પ્રાપ્ત થાય.

## શુક્ર

૨, ૩, ૭, ૧૧, ૧૨ આ રાશિમાં શુભ છે. ૧, ૬, ૮, ૧૦ એ અશુભ છે. કર્ક અને વૃશ્ચિકમાં જો શુક્ર હોય અને તે મંગળ કે શનિથી દૃષ્ટ હોય તો જાતક વ્યભિચારી બને છે. ૭, ૮, ૧૧ આ ભાવમાં કર્ક, વૃશ્ચિક મકર કે કન્યારાશિનો શુક્ર મંગળથી યુક્ત હોય તો સમાજ બાહ્ય વિવાહ કરે છે. મંગળ-શુક્ર યુતિના જાતક કપડામાં શુભ વાળરચના સારી પણ બીજા ભિન્ન લીંગીને આકર્ષણ કરવાની વૃત્તિ હોય છે.

લગ્નમાં એકલો શુક્ર હો તો વ્યકિતમત્વ સુંદર, સ્વભાવ સજ્જન ધનનો શુક્ર : વાણી મધુ, તૃતીયનો શુક્ર સગાસંબંધી બંધુઓ સાથે સારો વર્તાવ કરે; ચતુર્થનો શુક્ર માતા સુખ, વાહન સુખ સારૂ આપે ઐહિક સુખ મેળવે. પંચમનો શુક્ર વિદ્યા યોગ હોવા છતાં તે માટે આળસુ બને છે. ષષ્ઠનો શુક્ર મોશાળનું સુખ સારૂ મળે. સપ્તમનો શુક્ર : લગ્ન વહેલા થાય, પત્ની સુંદર મળે. અષ્ટમનો શુક્ર પૂર્ણ આયુષી બને; ભાગ્યમાં શુક્ર ભાગ્યવાન બને. પ્રવાસ ઘણો તેથી કમાવનાર; દશમમાં શુક્ર લગ્નપછી ભાગ્યોદય. લાભ (૧૧) તો શુક્ર અનેકવિધ લાભ, વ્યયમાં શુક્ર ગુપ્તતાથી વિષયભોગ.

**કારકત્વ :** સ્ત્રી, પતી, લગ્ન, બ્રાહ્મણ, ખટાસ, વિલાસગૃહ, રતિ સુખ, આગ્નેય દિશા, વાહન, કીર્તિ, કામુકતા, મોતી, સૌંદર્ય, પ્રેમવિવાહ, જલાશય, નૃત્ય, ગાયન, તારૂણ્ય, સુગંધ, પુષ્પો, અલંકાર, વીર્ય, સફેત વસ્ત્ર, દીનતા, સભ્યતા, ગુપ્તેન્દ્રિય અને કોમલ ભાવના.

શુક્ર ભાવનાપ્રધાન હોવાથી મંગળ સાથે એ બગડે છે. મંગળ-શુક્ર યુતિ ઐહિક ઉપભોગ તે જ સર્વસ્વ માને છે. આ ઘૃણા યુતી છે. પણ મંગળ કે શુક્રના રાશિમાં આ યુતી હોય તો જીવન સફળ બનાવે છે. જો આ બન્ને અશુભ હોય તો કુંડલી ખરાબ બને છે.

તુલા રાશીના જાતક જોવામાં સુંદર સભ્ય દેખાય. વર્તણુક સારી, શાંત, પરોપકારી, વિશ્વપ્રેમ ચાહક, દુષ્મન ઓછા આ જ વાત તુલા લગ્નને લાગુ પડે છે. તુલ લગ્નમાટે શનિ નિર્દોષ યોગ કારક બને છે તેથી શનિ જેવો ગ્રહ કુંડલીમા સહાયક બન્યાં પછી અપાર કીર્તિ પ્રાપ્ત કરે છે તેથી તુલા લગ્ન સર્વમાં શ્રેષ્ઠ લગ્ન છે.

મીન રાશિનો શુક્ર ઉંચનો બને છે. તેથી જો મીનનો શુક્ર વ્યયસ્થાને હોય તો શૈયા સુખ યોગ્ય માર્ગે આપે છે. પણ આ દ્વિસ્વભાવી રાશિ હોવાથી એની નજર બીજી સ્ત્રી ઉપર ફર્યાજ કરે છે.

વ્યય (૧૨) નો શુક્ર : ખાવુ, પીવુ, મજા કરવી. રાજકારણમાં બુધની બુદ્ધિ શનિની મુત્સદ્દીપણું જે કામ ન કરી શકે એ શુક્ર મીઠુ બોલીને કરી લે છે.

શુક્ર પ્રધાન જાતક સમાજપ્રિય હોય છે. ગુરૂથી દૃષ્ટ શુક્ર અત્યંત શુભ બને છે. વૃષભ કે તુલા રાશિ કેંદ્રે હોય તો શુક્રને કેન્દ્રાધિપત્ય દોષ લાગે છે. પણ ત્રિકોણેશ નો શુક્ર કેટલીક બાબતોમાં શુભ બને છે. મકર અને કુંભ લગ્નમાં શુક્ર યોગ કારક બને છે. મિથુન અને કન્યા લગ્નનો શુક્ર શુભ હોય છે.

### યોગ

**માલવ્ય :** સ્વગૃહી કે ઉંચનો શુક્ર કેંદ્રમાં હોય તો આ યોગ પંચ મહાપુરૂષ નામે બને છે.

**ફલિત :** જાતક દેખણો, સુંદર, શ્રીમંત, પુત્રવાન, સારા કુટુંબનો હોય છે. વાહનસુખ અને કીર્તિવાળો થાય છે. ઐહિક સુખ પ્રચૂર પણ અધ્યાત્મમાં ઓછાસ રહે છે.

**કાલનિધિ :** જ્યારે શુક્રનું સાહચ્ય ગુરૂને મળે ત્યારે આ યોગ બને છે. આ યોગ ૨, ૫, ૯ સ્થાનમાં જ બને છે. (૧) શુક્ર કેન્દ્રનો સ્વામી કે કન્યા રાશિનો કે ષષ્ઠમાં હોય તો, અથવા ૧, ૮, ૧૦ આ રાશિમાં હોય કે શનિ, મંગળના નક્ષત્રમાં કે એની યુતીમાં હોય તો નિરૂપયોગી બને છે. અસ્તંગત શુક્ર હોય તો આ યોગ બનતો નથી.

શુક્ર અસ્તંગત હોય તો લગ્ન જીવન નિષ્ફળ બને છે. શુક્ર-ચંદ્ર યુતી એ ઘૃણા યુતિ છે. આ યુતીથી નૈસિકપણું નાશ થવાની સંભાવના બને છે. માતૃસુખ અલ્પ; કુંડલીમાં બગડેલો શુક્ર એ ઐહિક સુખ નષ્ટ કરે છે. જનનિંદા સહન કરવી પડે. શુક્ર-શનિ યુતી એ મિત્ર યુતી છે પણ જો ગુરૂથી દૃષ્ટ ન હોય તો જાતક વામમાર્ગી બને છે.

ભાગ્ય (૯) નો શુક્ર : જાતકને વિના કષ્ટે મોટાઈ આપે છે. દશમનો શુક્ર જાતકને બીજાપાસેથી મોટાઈ આપે છે. પંચમનો શુક્ર જાતકને કન્યા સંતતિ અધિક આપે. શુક્રનો આંખ, ગુપ્તેન્દ્રિય, ગળુ, ગાલ, મુત્રપિંડ, વીર્ય ઉપર અધિકાર છે.

**રોગ :** કંઠમાળ, પેશાબના રોગ, મૂત્રપિંડ, ગર્ભાશયના વિકાર, ખાંસી, શરદી, કફ, રક્તક્ષય, ખાવાથી થતી બીમારી, ગુપ્તરોગ, નેત્રરોગ. ૨ અને ૧૨ સ્થાનમાં રવિ-શુક્ર જો અશુભ હોય તો નેત્રરોગ થાય. ચંદ્ર-શુક્ર મંગળ અશુભ હોય તો સ્ત્રીઓને માસિક વિકાર થાય. ચંદ્ર-શુક્ર બંન્ને શનિથી અશુભ થાય તો સંતતિ થવાની શક્યતા અલ્પ. રવિ, મંગળ શુક્રને શનિથી અશુભ થાય તો ગર્ભાશયનું ઑપરેશન થાય. બુધ, શુક્ર અનિષ્ઠ યોગ હોય તો કે શનિથી અશુભ થાય તો મજ્જાતંતુના રોગ થાય. શુક્ર-કેતુ યુતીથી ત્વચારોગ થાય.

**સ્થળ :** શયનગૃહ, નૃત્ય, ભોજનગૃહ, નાટક, સિનેમાગૃહ, ઉદ્યાન, ક્લબ, સુગંધી દ્રવ્યના સ્થાનો, રેશમના કારખાના અને કલાકૌશલ્યના સ્થાનો.

**ધંધા :** ગાયન, વાદન, નૃત્ય, નટ-નટી, દિગ્દર્શન, ચિત્રકાર, દરજી, સરાફ, શ્રૃંગાર દ્રવ્ય વેચનાર કે બનાવનાર.

બળવત્તા ઉતરતા ક્રમે : ૧૨, ૭, ૨, ૩, ૧૧, ૧૦, ૮, ૯, ૪, ૫, ૬

ભાવપ્રમાણે ઉતરતા ક્રમે : ૪, ૫, ૭, ૯, ૨, ૧, ૩, ૧૨, ૮, ૬

## હોરા

વૃષભ કે તુલા રાશિમાં ચંદ્ર કે ભરણી પૂર્વાષા, પૂ. ફા. આ નક્ષત્રમાં ચંદ્ર હોય કે શુક્રવારે શુક્રનો હોરા શ્રેષ્ઠ હોય છે. આ હોરામાં વિચિત્ર માણસને મળવું સંતાપેલ કે ઑફીસરને મળવું કેમ કે આ હોરામાં આ લોકો શાંત હોય છે.

લગ્ન નક્કી કરવા માટે શુદ્ર હોરા શ્રેષ્ઠ છે. લગ્ન વિચ્છેદ કરવા માટે શનિ હોરા શ્રેષ્ઠ છે. ખુશામન કરવામાં આ શુક્ર હોરા સારો છે. રેશમીવસ્ત્ર,સુગંધી દ્રવ્ય, વાહન આદિ ખરેદીમાટે સારો છે. ક્રિડાસ્થળોનું ઉદ્‌ઘાટન આ હોરામાં સારૂ.

## શનિ

વર્ષમાં ૪૧ દિવસ વક્રી બને છે. ૫ થી ૬ દિવસ સ્તંભી હોય છે. કુંભમાં ૧ થી ૨૦° મૂલ ત્રિકોણી હોય છે પછી સ્વગૃહી બને છે. ૯ માં ભાવમાં દિગ્બળી બને છે. શનિ ૧૨ મોં આવે એટલે સાડીસાતી શરૂ થાય છે. શનિ ૧૨, ૧, ૨ હોય તો સાડીસાતી હોય છે તેથી સામાન્યતઃ આ કાલ અશુભ હોય છે. પણ કુંડલીના શનિ, ચંદ્રના સંબંધ ઉપર સાડીસાતીની તિવ્રતા અવલંબીત હોય છે.

**શનિના ઉતરતા ક્રમે રાશિ : ૭, ૧૧, ૧૦, ૨, ૩, ૬, ૧૨, ૯, ૪, ૮, ૫ અને ૧.**

**શનિના ઉતરતા ક્રમે ભાવ : ૧૧, ૬, ૩, ૧૦, ૭, ૯, ૫, ૪, ૩, ૮, ૧૨, ૧**

ઉચ્ચનો શનિ હોય તો સ્વાભિપ્રાયો સ્પષ્ટ પણ કહે. અને ૧, ૫, ૯ રાશિનો શનિ કલહપ્રિય બનાવે છે. પણ પ્રામાણિક વૃત્તિ હોય છે. વૃષભરાશિનો શનિ વ્યસનપ્રિય બને. કન્યા રાશિનો શનિ ચિકિત્સક બને છે. મકર રાશિનો શનિ વાદવિવાદી, કરકસરી અને ધૂર્ત બને છે.

૪, ૮, ૧૨ રાશિમાં શનિ શુભ નથી. વૃશ્ચિકનો શનિ મત્સરી બનાવે છે. આવા વ્યક્તિપર વિશ્વાસ ન મૂકાય. શનિ માટે તૂળ, કુંભ, ધનુ અને મીન શુભ રાશિ છે. ધનુનો શનિ ગુરૂ દષ્ટ હોય તો કોદંડશનિ કહેવાય આવો જાતક ઉત્તમ કુળનો હોય છે. મીનનો લગ્નસ્થ શનિ ગુરૂ દષ્ટ હોય તો રાજયોગ બનાવે છે. મેષ, કર્ક, સિંહ, વૃશ્ચિક રાશિના શનિના ફળ જો વ્યવસ્થિત ન જુવે તો ફલાદેશ ખોટો ઠરે છે.

**શનિથી જાતક રૂપ :** શ્યામ વર્ણ, કડક વાળ, આગળ આવેલ દાંત, લાલ આંખ, આળસી અને પિત્તપ્રકૃતિ, થંડ પ્રકૃતિ, સંધિવાત, થંડી સહન ન કરનાર, ક્ષય, ખાંસી, દમાદિનો રોગી હોય છે. જેને શનિ સારો એવો જાતક હુશાર, તત્વજ્ઞાની, સહનશીલ, કરકસરી, દીર્ઘ ઉદ્યોગી, શાંત, ગુપ્તતા જાળવનાર, સ્થિરત્વ આણનાર, આત્મસંયમનકારી, શિસ્તપ્રિય, અત્યંત સાવધ, સત્યપ્રિય, એકાગ્ર વૃત્તિ, ચિંતન, ધ્યાનધ્યાતા, પ્રામાણિક, દીક્ષાવૃત્તિ, આત્મસમર્પણ કર્તા, જમણો કાન, શરીરસ્થ દ્રવ પદાર્થ, મણકા, હાડકા ઉપર અમલ હોય છે. શનિ દ્રેષ્કાણ કુંડલી નવમાંશકુડલી અને જન્મકુંડલીમાં મકર, કુંભ સ્વગૃહી બળવાન હોય છે. શનિવારે મકરના છેલ્લા અંશમાં કૃષ્ણ પક્ષમાં વક્રી હોય તો બળવાન હોય છે.

**ગુણ :** ન્યાયી, સ્વાર્થ ત્યાગી, વ્યવહારી, જબાબદારી વહનકર્તા, શીસ્તપ્રિય, વિરાગી, નમ્ર, ઇંદ્રયદમની, ઐહિક સુખનો વિરાગી, કષ્ટ ગમે, આયુષ્યદાતા, મરણ સારૂ આપે, ઉત્કર્ષકારી.

**અશુભ :** દુ:ખ, દરિદ્ર, આશાભંગ, મનોભંગ, વિલંબકારી, નકાર આપનાર.

ધીર, ગંભીર, ન્યાય નિષ્ઠૂર, નાની વાતોમાં લક્ષ્ય આપનાર, કડક શાસ્તા, કાર્ય પહેલા લાભાલાભ વિચારી, લોકશાહી વાદી, રાજકારણી, જનનેતા, આજ્ઞાધારક સેવક, ઉત્તમ સ્વામી, માનવતાવાદી, દયાળુ, કાર્યમાં અપ્રમાદી, નિશ્ચયી, ઈશ્વરનિષ્ઠ, રાજા, દેશ અને કર્તવ્યનિષ્ઠ આ સર્વ ગુણ શનિથી કહી શકાય.

**શુભશનિ :** સ્વચ્છમન, અંત:કરણ, મલીન વિચાર ન કરનાર, ઉચ્ચપદે લઈ જનાર, આ એકજ ગ્રહ છે. ગર્વ, અહંકાર, પૂર્વગ્રહનો નાશક, માનસાઈ શિખવનાર, ઉચ્ચ ગુણોની પ્રતીતિ કરાવનાર, મનુષ્ય પરીક્ષક, સત્યવાદી પણ નિષ્ઠૂર; શનિ એ ઉત્તમ શિક્ષક છે પણ પહેલા પરીક્ષા કરીને ભણાવે. પુસ્તકીય શિક્ષણના બદલે અનુભવીક શિક્ષણ આપે. દુ:ખથી દુ:ખ નાશ કરે છે. અત્યંત શીસ્તપ્રિય, જીવન મર્મજ્ઞાતા, કટુસત્ય પ્રગટ કરનાર, ગર્વિષ્ઠનો નાશ કરનાર. બેશીસ્ત લોકોને માર્ગે લાવનાર, ઉદ્ધત ને સરળ બનાવનાર, ધર્મવિરૂદ્ધ વર્તનારને કઠોર શિક્ષા કરનાર, શનિના તત્વ પ્રમાણે રહેનાને શનિ

ત્રાસ આવતો નથી. પણ વિરૂદ્ધ વર્તનારાના ગમે તેટલા ગ્રહ સારા હોય તો પણ એકલો શનિ એને ખરાબ કરે જ છે. મંગળ રાશિનો શનિ શારિરીક પરિસ્થિતી બનાવે છે. શુક્ર રાશિનો શનિ અલ્પયત્નમાં ઘણુ યશ સંપાદન કરાવે છે. ગુરૂ રાશિના શનિ અધિકારની જગા આપી બીજાપર સત્તા ચલાવે છે ને બીજા પાસેથી માન સન્માન મેળવે છે. બુધ રાશિના શનિ વ્યાપાર, વાહતુક, છાયા, વનપસ્તિશાસ્ત્રમાં પ્રગતિ કરે છે. રવિ રાશિના શનિ સરકારસંબંધી ઉદ્યોગ બનાવે છે એ તો ગુરૂ દષ્ટ હોયતો રાજકારણમાં માન્ય બને છે. ચંદ્ર રાશીના શનિ દ્રવપાદાર્થ સાથે સંબંધ ધરાવે ચે. બલવાન શુક્ર શનિના દ્વિતીયમાં હોય તો લગ્નપછી ઉત્કર્ષ થાય છે. બલવાન ગુરૂ શનિના દ્વિતીયમાં હોય તો ઉચ્ચપદથી ધંધો શરૂ કરે છે. ગુરૂ અને શનિના વચમાં કોઈ ગ્રહ ન હોય તો જાતક સરળમાર્ગી હોય છે શનિના દ્વિતીયમાં બલવાન રાહુ હોય તો નીચી કક્ષાના ધંધા કરીને આગળ વધે છે. શનિના દ્વિતીયમાં કેતુ હોય તો પ્રવ્રજ્યા યોગ બને છે. દશમું સ્થાન ગમે તેવું સારૂ હોય પણ શનિ જો અશુભ હોય તો ઉદ્યોગમા યશ ન મળે, પણ શનિ જો સારો હોય તો દશમ સ્થાનની વિચાર કરવાની જરૂર નથી.

શનિ મંગળ કે શનિ રાહુ ૧, ૨, ૭ માં સ્થાને હોય તો પૂર્વાવસ્થામાં કષ્ટ ભોગવે. નોકરીમાં યશ ન મળે આવા જાતકોએ સ્વમનનો નિશ્ચય જો ન કરે તો યશ ન મળે. નિરાશા વધે અને કજીયાની વૃત્તિ થાય. શનિ સારો હોય એટલે શ્રેષ્ઠ કોટીની મનોવૃત્તિ પ્રાપ્ત થાય. શીસ્તબદ્ધતા હોય, શીસ્તબદ્ધ મન અને બુદ્ધિ બીજાના મદદની અપેક્ષા ન કરે પણ સામેથી મદદ મળી જાય છે તેથી શુભ શનિ સ્વાવલંબી હોય છે. તાત્પર્ય શનિ માનસ્નમાન આપીને ઉચ્ચ સ્થાને પોહંચાડે છે જ્યારે દુર્બળ શનિ અપયશ અને દુ:ખ આપે છે.

**શનિની બ્લેક સાઈડ :** અક્ષમાશીલ, ખુનશી, ઉદ્ધત, ક્રૂર, નિર્દય માણસને દરિદ્રતા, દુ:ખ અને સંકટ આપે. આળસી, નિરૂદ્યોગી માણસને ઘડપણમાં ખાવાની ચિંતા કરાવે છે. અસત્યવાદીને પગલે પગલે અપમાન કરી પતન કરાવે છે. સ્થિરતા આપતો નથી. કામી માણસને યમસદન પોહંચાડે છે. અશુદ્ધ, ગલીચ્છને લાચાર કરે છે. શનિને ત્રયોદશી પ્રિય છે. શનિપ્રધાન માણસને ત્રયોદશીએ કાર્ય સફળ કરે છે.

**અમલ :** દાત, નખ, વાળ, પાંસળી.

રોગ : સાથીના રોગ, સંધિવાત, લકવા, ક્ષય, ખાંસી, કબજીયાત, પથરી, પેટમાં ગાંઠ, મલેરીયા, શનિ, કબજીયાત, ગુરૂ, અપચન રોગ કરે છે. શનિ આ શુદ્ધિકરણ કરીને મોક્ષ પ્રાપ્તિ કરાવે છે.

કુંડલીમાં શનિ અને ગુરૂ બંન્ને સારા, શુભ હોવા જોઈએ. ગુરૂનો અશુભ કે દુર્બળ હોય તો હજી ચાલે પણ શનિ જો સારો ન હોય તો કુંડલીને ૦ કરતા પણ નુકસાન કારક બનાવ છે.

કોઈપણ સ્થાને જો શનિ શુભ હોય તો તે સ્થાનને સ્થિરતા આપે છે. સપ્તમ ભાવનો શુભ શનિ લગ્ન વિલંબ કરાવે પણ પત્ની સુખ સારૂ મળે. ગુરૂના ઘરનો શનિ કે ગુરૂથી દષ્ટ શનિ કુંડલીના ઘણે અંશે દોષ દૂર કરે છે. વિલંબ કરવો એ શનિનો પ્રધાન ગુણ છે. શનિ એ ૮, ૧૨ સ્થાનનો કારક હોવાથી ત્યાં શુભ શનિ સારા ફળ આપે છે. શનિ સ્વગૃહી, ઉચ્ચગૃહી, ગુરૂ ગૃહી કે ગુરૂથી દષ્ટ હોય તોજ શુભ, સારો બીજા સ્થાને તે તે પ્રમાણમાં અશુભ જાણવો અર્થાત્ ધનુ, મકર, કુંભ, મીન અને તુળ રાશિમાં શુભ હોય છે. બીજી રાશિમાં અશુભ હોય છે. આ રાશિમાં શનિ જો પાપ ગ્રહ સંબંધિત હોય તો પણ જાતકને એકદમ નુકસાન કરતો નથી પણ તારવાનું કામ કરે છે. સ્તંભી શનિમાં જો જાતકનો જન્મ હોય તો કોઈ કાર્ય બદલવામાં એ નકાર કરે છે.

જ્યારે શનિ વક્રી હોય ત્યારે અસુરક્ષિતા નિર્માણ બને છે. જેની કુંડલીમાં શનિ અશુભ કે અથવા જાતકથી ૪, ૮, ૧૨ માં હોય ત્યારે અનિષ્ઠ ફળ આપે છે એના પરિણામ દીર્ઘકાલીન હોય છે.

શનિ અને શુક્ર અસ્તંગત હોય તો પણ નિર્બળી બનતાં નથી જ્યારે શનિ નિર્બળ હોય ત્યારે એને સમાજમાં કીંમત હોતી નથી. શ્રેષ્ઠ શનિ ઉત્તર આયુષ્યમાં ફળ આપે છે. શ્રેષ્ઠ ગરૂ પૂર્વ આયુષ્યમાં ફળ આપે છે. બંન્ને શ્રેષ્ઠ હોય તો સંપૂર્ણ આયુષ્ય સારૂ જાય છે. જેનો શનિ સારો એ જાતક તીવ્ર તપ, નૈષ્ઠિક બ્રહ્મચર્ય સહજ કરી શકે છે. જે જાતક નમ્ર છે એનો શનિ સારો હોય એમ સમજવું. નમ્રતા એક ગુણથી જ શનિ જાતકને મહાન બનાવે છે. શનિ એ લોકશાહી છે. સમતાવાદી અને પ્રયત્નવૃત્તિ ઉપર વિશ્વાસ કરાવે છે. લગ્નનો શનિ ૭, ૧૦, ૧૧, ૯, ૧૨ આ રાશિમાં શ્રેષ્ઠ.ફળ આપે છે. આવો જાતક સદા એક વિચારમાં દઢ રહી ખૂબ પ્રગતિ કરે છે.

ધનનો શનિ મંગળથી દષ્ટ : શિક્ષણ ખંડિત થાય અને કૌટુંબિક સુખ ન મળે.

તૃતીયનો દુષિત શનિ : બંધુ સુખ અભાવ અને નિરાશાવાદી કરે પણ,

તૃતીયનો શુભ શનિ : જાતક મુત્સદી અને દીર્ઘદષ્ટિ બને છે.

ચતુર્થનો દુષિત શનિ : માતૃ સુખ નમળે (શનિ ચંદ્ર સાથેનો સૌથી વધુ દુષિત બને છે) શનિ એ રાહુ કે મંગળ સાથે

હોય તો કુંડલીની અસર ખરાબ થાય છે.
**પંચમ સ્થાનનો અશુભ શનિ :** દુ:ખ, દરિદ્રતા, સંતતિ, વિદ્યાહીન, અપ્રામાણિક, નાસ્તિક, કુસંતતિકારક છે.
**ષષ્ટસ્થાનનો અશુભ શનિ :** ઑપરેશન, બહેરો, લાંબી માંદગી.
સપ્તમનો શનિ : લગ્ન વિલંબે થાય, લગ્ન થાય તો તેમાં નિષ્ફળતા. કુંડલીસ્થ નિર્બળ શનિ લગ્ન કે ચંદ્રના સપ્તમમાં રાહુ, કેતુ, મંગળથી સંબંધિત હોય તો વૈધવ્ય, દ્વિભાર્યાયોગ કરે છે. તુલા લગ્નનો શનિ ક્યારે પણ અશુભ થતો નથી.
અષ્ટમ કે વ્યયનો દુષિત શનિ : મંગળ દૃષ્ટ હોય તો દારિદ્રયોગ અને અપઘાત મરણ સૂચવે છે.

સ્ત્રી જાતક માટે આ વૈધવ્ય યોગ છે. મંગળથી આવેલુ વૈધવ્ય પતી મરણબાદ દરિદ્ર ન આપે પણ શનિથી પ્રાપ્ત વૈધવ્ય પતી–ધન બન્નેથી વંચિત રાખે છે. વ્યયનો મંગળથી દૃષ્ટ શનિ કર્મ દરિદ્રી બનાવે છે. બંધક યોગ આપે છે.
દશમનો શનિ : દુષિત હોય તો કાયમ બેકારી સૂચવે છે. નોકરી માટે પણ અયોગ બતાવે છે.
જનરલ : શનિ એ વિનાશી તત્વ છે. તે યમબંધુ છે. કેન્દ્રમાં સ્વગૃહી કે ઉચ્ચનો હોય તો શશ નામનો રાજયોગ થાય છે. આવા જાતકને ઘણુ ધન મળે પણ આડા રસ્તે; એની નજર બીજાના ધન ઉપર હોય છે.

કુંડલીમાં શનિ અને શુક્ર બંન્ને જ્યારે બળવાન હોય છે ત્યારે તે એક બીજાના મિત્ર હોવા છતાં એક બીજાની મહાદશામાં આવે છે ત્યારે અંતર્દશા અશુભ ફળ આપે છે. મેષ લગ્ન માટે શનિ અશુભ છે. વૃષભ લગ્ન માટે શનિ યોગકારક છતાં બાધક, સુખનો રાજયોગ ન આપે. મિથુન લગ્નમાટે શનિ પાપગ્રહ, કર્કના લગ્નમાટે શનિ અર્ધશુભ, હોય છે. સિંહ, કન્યા, વૃશ્ચિક માટે શનિ પાપગ્રહ બને છે, ધનુ લગ્ન માટે સામાન્ય સારો. તુલા લગ્ન માટે અત્યંત શ્રેષ્ઠ બને છે.

અશુભ કે દુષિત શનિ કુંડલીસ્થ ભાવના નાશ કરે છે: શનિનું મંગળ ઉપરથી ભ્રમણ ખરાબ હોય છે. જ્યારે ગુરૂ અને શનિ બંન્ને ખરાબ હોય ત્યારે ગંડાંતર યોગ બને છે. ભ્રમણ દ્વારા શનિ જે ગ્રહ ઉપરથી પસાર થાય છે તે ગ્રહનું કાર્ય ખંડીત કરે છે આવા સમયે સારા શુભ કાર્ય ન કરવા. શનિ જે સારા ફળ આપે છે તે કાયમી આપે છે. શનિ મંગળ યુતી કે અન્યોન્ય દૃષ્ટ યોગને અંગારક દોષ કહેવાય છે. મંગળપ્રધાન કુંડલી હોવા કરતાઅંગારક દોષની કુંડળી વધુ ખરાબ છે. ૧૨, ૧, ૪, ૭, ૮ આ સ્થાનમાં મંગળ હોય તેને મંગળીકુંડલી કહેવાય છે.

## સાડેસાતી

સાડેસાતી ત્રણ હોય છે.
૧) લગ્નને સાડીસાતી : જેવા લગ્નમાં રવિ, ચંદ્ર એને સાડીસાતી ખરાબ જાય. શારીરિક પીડા.
૨) રવિને સાડીસાતી : રવિના સાડીસાતીમાં નોકરી, ધંધામાં પીડા.
૩) ચંદ્રને સાડીસાતી : ચંદ્ર સાડીસાતીમાં સર્વ પીડા થાય છે.

ચંદ્રથી ૧૨ મોં જો શનિ આવે તો સાડીસાતી શરૂ થાય છે અને ચંદ્રથી શનિ ૧૨, ૧, ૨ આ સ્થાનમાં હોય ત્યારે ૭॥ વર્ષ સાડીસાતી હોય છે. જે જાતકને જન્મ થીજ સાડીસાતી હોય એને બીજી સાડીસાતી પુરી થાય ત્યાં સુધી કષ્ટ સહન કરવા પડે છે. બીજી સાડીસાતીમાં પ્રાય: પિતા મરણ થાય અને ત્રીજી સાડીસાતીમાં સ્વમરણની શક્યતા હોય છે પણ ત્રીજી સાડીસાતી પસાર થયાં બાદ શનિ ત્રાસ આપતો નથી રાજયોગ આપે છે. સાડીસાતીમાં સતત ત્રાસ ન પામે. જીવાત્માએ પૂર્વે કરેલા પાપ શનિ એને કષ્ટ આપી ભોગાવે જ.

ચંદ્ર, રવિ કે લગ્ન એ નીચના કે દૂષિત હોય તો શનિનો ત્રાસ વધુ થાય. શનિનું જે સ્થાન ઉપરથી ભ્રમણ થાય તે સ્થાનને ત્રાસદાયક કરે છે. શનિ માતૃસ્થાનમાં આવે ત્યારે પ્રાય: માતા મરણ થાય છે. શનિનું ભ્રમણ જો ગુરૂ ઉપરથી હોય તો ગુરૂને નુકસાન કરતું નથી. ગોચરથી અષ્ટમનો શનિ માંદગી આપે છે પણ મરણ ન આપે. જે જાતકના કુંડલીમાં શનિ સારો હોય એને સાડીસાતીમાં અભ્યુદય કરે. મકર, કુંભ તુળા આ લગ્ન કે રાશિને શનિનો સાડીસાતીમાં ત્રાસ અલ્પ હોય. મેષ રાશિ કે લગ્નમાં સૌથી વધુ ત્રાસ શનિનો સાડીસાતીમાં થાય છે. કુંડલીમાં જો શનિ અશુભ હોય અને શનિની મહાદશા ચાલુ હોય તો સાડીસાતીમાં અધિક ત્રાસ થાય છે.

ગુરૂની મહાદશામાં આવેલી સાડીસાતી ઓછી ત્રાસદાયક બને છે. ગોચરની આવનાર અનિષ્ઠ શનિનો કુંડલીમાં ગુરૂદૃષ્ટ હોય તો સાડીસાતીની તિવ્રતા ઓછી થાય છે.
**ફળ :** સાડીસાતી, રાશિપરત્વે
મેષરાશિ : આ મંગળની રાશિ છે અને શનિની નીચ રાશિ છે તેથી આ રાશિમાં ત્રાસ વધુ થાય છે.
વૃષભ : પ્રથમ ૨॥ વર્ષ ત્રાસ થાય છે.
મિથુન : છેલ્લા ૨॥ વર્ષ ત્રાસ થાય છે.
કર્ક : છેલ્લા ૫ વર્ષ ત્રાસ થાય છે.

સિંહ : પ્રથમ ૫ વર્ષ ત્રાસ થાય છે.
કન્યા : પ્રથમ ૨॥ વર્ષ ત્રાસ થાય છે.
તુળા : પ્રથમ ૫ વર્ષ અલ્પ ત્રાસ છેલ્લા ૨॥ વર્ષ વધુ ત્રાસ થાય છે.
વૃશ્ચિક : છેલ્લા ૫ વર્ષ અત્યંત ત્રાસદાયક
ધનુ : સામાન્યતાં સર્વ સાડીસાતી ત્રાસ આપે છે.
મકર : છેલ્લા ૨॥ વર્ષ લાભ કારક
કુંભ : પ્રથમ ૨॥ વર્ષ ત્રાસ આપે.
મીન : છેલ્લા ૨॥ વર્ષ ત્રાસ આપે.
વૃશ્ચિક લગ્નમાં સાડીસાતી અત્યંત ખરાબ જાય છે. જન્મકાલિન જે ગ્રહ દોષિત હોય તેના ઉપરથી શનિનુ ભ્રમણ એ અત્યંત ખરાબ ફળ આપે છે. કુંડલીસ્થ જો શનિ શુભ હોય તો સાડીસાતીનો ત્રાસ અલ્પ થાય છે.
**શનિનું આંદોલન :** શનિ જે અંશ કલાથી મુકત બને છે ત્યાંથીસંપૂર્ણ વક્રી બની એજ અંશ કલા ઉપર માર્ગી થઈને આવ એ કાળને શનિનું આંદોલન કહેવાય છે. આ આંદોલનકાળ સાડીસાતીવાળા માટે અત્યંત ખરાબ ત્રાસદાયક હોય છે. આયુષ્ય યોગ પૂરો થવામાં જો સાડીસાતી આવે તો મરણ આપે છે. રવિ, ચંદ્ર, લગ્ન કે લગ્નેશ ઉપરથી શનિનું ભ્રમણ ગંડાંતર આપે છે. શનિ આ વાયુતત્વનો ગ્રહ હોવાથી જાતકના શ્વોસો. ઉપર એની સત્તા છે. પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન, સમાન આ પાંચેય પ્રાણ ઉપર એની સત્તા છે. નાગ, કૂર્મ, કુર્કમ, દેવદત્ત, ધનંજય આ પાંચેય ઉપપ્રાણ ઉપર એમ ૧૦ પ્રાણ છે તેથી શનિની જગ ઉપર ઘણી મોટી સત્તા છે એની સુપ્ત શક્તિ અફાટ છે.

**હોરા**

**શનિવાર, મકર, કુંભનો ચંદ્ર કે ચંદ્ર પુષ્ય, અનુ., ઉ. ભા., માં હોય ત્યારે કે લગ્ન મકર, કુંભનું હોય તો શનિની હોરા શભુ હોય છે.**
**ઉપયોગ :** જપ, તપ, ધ્યાન તોફાની માણસને કાબુમાં લાવવાં માટે, ખાણોનું ઉદ્દઘાટન કરવાં, પેટ્રોલ, તેલ, કોળસા, જનાવરની ખાલ, હાડકા અને ખરાબ કામ કરવાં શનિનો હોરા શુભ છે. પ્રશ્ન કુંડલીમાં શનિનું મહત્ત્વ ઘણું છે.
**શનિનું ભ્રમણ :** ૭, ૯, ૧૦, ૧૧ અને ૧૨ આ રાશી શિવાયના રાશિને શનિ ખરાબ ફળ આપે છે.
રાહુ કેતુ, રવિ, મંગળ આના ઉપરથી શનિનું ભ્રમણ ખરાબ હોય છે. જો શનિ યોગકારક ન હોય તો ખૂબ ત્રાસ આપે છે.
**અધ્યાત્મિક યોગ :** શનિ ગુરૂને અધ્યાત્મિક ગુરૂ માને છે તેથી ગુરૂની દષ્ટિથી શનિ સુધરે છે. ૧૨ માં સ્થાને શનિ કે એની દષ્ટિ હોય તો અધ્યાત્મમાં એની પ્રગતિ થાય છે.
**ધંધા : સર્વ કષ્ટના ધંધા માટે, મહેનતના ધંધા, સતત ઉધોગ એના અમલ નીચે આવે છે. શનિ ભાગ્ય કરતાં મહેનતથી વધુ ધન આપે છે.**

## રાહુ - કેતુ

**રાહુની ઉચ્ચ રાશિ મિથુન છે. સ્વરાશિ કન્યા છે. કેતુની ધન રાશિ ઉચ્ચ રાશિ છે. સ્વરાશિ મીન છે. રાહુને મિથનુ, વૃષભ, કર્ક અને કન્યા રાશિ સારી છે. કેતુને - વૃશ્ચિક ધનુ, મકર, અને મીન રાશી સારી છે.**

**ઉપચય સ્થાનમાં ૩, ૬, ૯, ૧૦ આ સ્થાને રાહુ-કેતુ બળવાન હોય છે. ભ્રમણકાળ સામાન્યતઃ ૧૯ વર્ષ દૈનિક ગતિ. ૩'-૧૧ વિકલા છે. રાહુ અને કેતુ જો શુભગ્રહસાથે હોય તો શુભ ફળ આપે છે. રાહુ અને કેતુ કેંદ્ર અને ત્રિકોણમાં** પાપગ્રહયુક્ત હોય તો ખૂબ ખરાબ ફળ આપે છે. અને કેંદ્રમા હોય અને ત્રિકોણસાથે યુતી કે દષ્ટિ હોતા કે ત્રિકોણમાં હોય કેન્દ્રેશ સાથે યુતિ કે દષ્ટિ હોય તો રાજયોગ થાય છે. રાહુ-કેતુ કેંદ્રમાં કે કેન્દ્રેશ સાથે યુક્ત કે દષ્ટ હોય અથવા તો રાહુ-કેતુ ત્રિકોણમાં હોય અને ત્રિકોણેશ થી યુકત કે દષ્ટ હોય તો શુભ યોગ કરે છે.

રાહુ-મંગળની યુતી હોય તો મંગળ કરતાં રાહુ ખરાબ ફળ વધુ આપે. દ્વિતીય કે સપ્તમનો રાહુ કેન્દ્ર અને ત્રિકોણેશથી યુકત હોય તો સારા ફળ આપે છે અને ત્રિકોણમાં હોય દ્વિતીયેશ કે સપ્તમેશ થી યુકત કે દષ્ટ હોય તો અશુભ ફળ આપે છે. ૨ અને ૭ સ્થાનમાં રાહુ દ્વિતીયેશ કે સપ્તમેશ થી યુકત હોય તો આયુષ્ય યોગ અલ્પ કરે છે.

૬, ૮, ૧૨ સ્થાનમાં તેમના સ્વામીથી યુકત કે દષ્ટ હોય તો રાહુની મહાદશા અશુભ બને છે. ઉચ્ચરાહુ રાજકારણી બનાવે છે. ગુરૂ-રાહુ અને ગુરૂ-કેતુ યુતી હોય તો ચાંડાળ યોગ બને છે. રાહુના મહાદશામાં જાતક વિપરિત સ્વભાવી બને છે.

રાહુ-ચંદ્ર યુતી માનસિક વિકાર પેદા કરે છે. રાહુ-મંગળ યુતી જાતક મહાક્રોધી બને છે. ખુનરી બને છે. ૨, ૧૦, ૧૧ સ્થાને રાહુ મંગળ યુતી ખૂબ ઉચ્ચે ચઢાવી નીચે પટકે છે. રાહુ-બુધ યુતી ખ્યાલમાં ન આવે એવા રોગ ગ્રસ્ત બને છે. ચાંડાળ યોગથી જાતક પાખંડી, ધર્મદ્વેષી નૈતિકતાનો હ્રાસ કરે છે. રાહુ-શુક્ર યુતી, વિપરીત વિષયી બને છે. રાહુ-શનિ, કેતુ-શનિ યુતી પ્રવ્રજ્યા યોગ કરે છે કે દરિદ્રી બને છે.

**કાળસર્પ યોગ :** રાહુ-કેતુની વચમાં બધા ગ્રહ આવે ત્યારે...

**ફળ :** કંજુસ, અતિઅસ્થિર, એમાં નિર્બળ કે નીચ ગ્રહ હોય તો તે ગ્રહોનું ફળ અત્યંત ખરાબ હોય. સદૈવ ચિંતાગ્રસ્ત અનેક અડચણો પેદા થાય. કુંડલીનુ મૂલ્ય અલ્પ બને છે. ષષ્ટમાં રહેલો રાહુ અને કેન્દ્રમાં ગુરૂ હોય તો અષ્ટલક્ષ્મી યોગ બને છે; અષ્ટમાં રાહુ અને ત્રિકોણમાં ગુરૂ હોય તો હલકા કક્ષાનો અષ્ટલક્ષ્મી યોગ કરે છે. ષષ્ટમાં ગુરૂ હોય અને કેંદ્ર કે ત્રિકોણમાં રાહુ હોય તો શુભ ફળ મળે છે. ષષ્ટમાં મંગળ અને સપ્તમમાં રાહુ અને અષ્ટમમાં શનિ હોય તો દ્વિભાર્યા યોગ કરે છે. **સ્ત્રી જાતકને સપ્તમનો રાહુ લગ્નમાં વિઘ્ન આવે.**

**રાહુ સ્વભાવ :** સભા-સંમેલન, લોકોને ભ્રમ પેદા કરવો, કટાક્ષે બોલવુ, પાખંડી, જુગારી, ગુપ્ત કાર્ય કરનાર, જેલવાસ આપનાર, નીચકામ માટે સ્થલાંતર કે પરદેશ જનાર, અપવિત્ર, અશુદ્ધ પેટ વિકાર, બીજાને મુંઝવનાર, સંશયી, અરણ્યવાસી, ખરાબ ઘેર રહેનાર અને વાત, કફકારક, મેલી વિદ્યા જાદુગાર, ભૂત પિશાચને દેવ માનનાર, વાત વિકારી, ડરપોક, દુઃખી, આંખમાં ફુલુ પડે, ગાંડો, અનાપત્ય, ભાડેના મકાનમાં રહેનાર, **બીજાના પૈસાથી મજા કરનાર.**

**કેતુ સ્વભાવ : અધ્યાત્મિક, આસ્તિક, સાત્ત્વિક મંત્ર જપનાર, અલ્પભાષી, તોચ્છડાઈથી વર્તનાર.**

**અશુભ કેતુ : ફોડકીયો થાય, ખરાબલોકોની દોસ્તી, ભૂતબાધા થવાની શક્યતા.**

**રાહુ શિક્ષણ : ચતુર્થ વ્યય કે અષ્ટમમાં રાહુ હોય તો શિક્ષણમાં બાધા આવે, જો રાહુ દુષિત હોય તો શિક્ષણ ન થાય.**

**પંચમમાં રાહુ :** મંગળ કે શનિથી યુક્ત કે દૃષ્ટ હોય તો અનાપત્ય યોગ કરે છે. સ્ત્રી જાતકને એકલો રાહુ પણ અનાપત્ય યોગ કરે છે. સંસાર સુખ ન મળે. પંચમ ભાવ એ અન્નપાચનનો કારક છે તેથી ત્યાનો રાહુ અલ્સર પેદા કરે છે.

**રાહુ અને લગ્ન જીવન :**

સપ્તમભાવ કે લગ્ને રાહુ હોય તો લગ્ન વિલંબે થાય. લગ્ન સુખ અલ્પ. જોડીદાર સદૈવ બીમાર હોય છે. રાહુ-કેતુ એ મંગળ શનિ કે ગુરૂથી યુક્ત હોય તો લગ્નજીવન કષ્ટકારી બને છે. રાહુ-શુક્ર, મંગળ-શુક્ર સપ્તમ હોય તો શરીર સુખની ઈચ્છા પણ પ્રેમ ન હોય. આ યોગ જલરાશિમાં અત્યંત ખરાબ જાણવો.

ચંદ્ર-રાહુ યુતિ માનસિક વિકૃતિ કરે છે. વર્તણુંક વિલક્ષણ યોગ છે. વિકૃતિની સમજ છતાં મુક્ત બની શકતો નથી. ગત જન્મના સંસ્કાર પ્રભાવે. કુળરીતિનો નાશ કરે, ખાનદાની ભૂલી જાય. બૌદ્ધિક અલ્પતા વારંવાર એજ ક્ષતી કરે. બોલવામાં તિરસ્કાર, નિરાશા અને સૂડબુદ્ધિ. આ યુતીથી રક્ત વિકાર પ્રાપ્ત થાય છે. **આ યુતિ ૧, ૪, ૫, ૭ માં; ૬, ૮, ૧૨ નો સ્વામી જો ચંદ્ર હોય તો ચોક્કસ જોવા મળે.**

**શનિ-રાહુ અને શનિ-કેતુ યુતિ ઉપર્યુક્ત જ ફળ આપે છે, જાતક વિશ્વાસઘાતી હોય છે. સત્ય બોલે નહિ, ચોરી વ્યવહાર, બીજાને ફસાવનાર હોય છે. ચંદ્ર-રાહુ યુતીવાળા જીવનમાં પ્રગતિ કરી શકતા નથી. રાહુના પાછળનો ગ્રહ ૫° અંશે ફરકે હોય તો તેને રાહુમુખી કહેવાય અને ૫° અધિક હોય તો રાહુ પીડિત કહેવાય.**

**રાહુ-ચંદ્ર યુતીવાન જાતક - અવિશ્વાસી, બોલવામાં, કરવામાં ભિન્નતા હોય છે. રાહુ-ચંદ્ર યુતિ શનિ-મંગળના યુતીમાં હોય તો જાતક ઘાતકી બને છે અને મંગળથી દૃષ્ટ હોય તો સામેથી ઘા કરે છે. શનિથી દૃષ્ટ હોય તો ગુપ્તપણે કાંટો કાઢે છે.**

**રાહુ અને કેતુ બુદ્ધિદાયક નથી.** એ જો શુભ બુધ-ગુરૂ સાથે સંબંધ હોય તો બુદ્ધિ સારી હોય છે. પંચમનો કેતુ જાતકને અંતર્જ્ઞાન આપે છે. ચંદ્રના પંચમનો કેતુ આ ગુણ કરે જ છે. રાહુ-કેતુ, શનિ-મંગળના યુતિ સાથે હોય તો અસાધ્યરોગ થાય છે. રાહુ ઐહિક સૌખ્યનો કારક છે. સંસાર સુખનો આસક્ત બને છે. કેતુ મોક્ષ સૌખ્યનો કારક છે. સંસાર સુખનો નાશ કરે છે. રાહુ કે કેતુના મહાદશામાં આયુષ્ય યોગ તે કાળ સુધી હોય તો મરણ થાય અને ૩, ૫, ૭ હોય તો મૃત્યુયોગ થવાની શક્યતા હોય છે.

**ગ્રહણ યોગ :** જો ચર રાશિમાં આવે તો એનુ પરિણામ અલ્પકાલીન હોય છે. જો સ્થિર રાશિમાં આવે તો એનુ પરિણામ દીર્ઘકાલીન હોય છે. જો દ્વિસ્વભાવમાં આવે તો એનુ પરિણામ મધ્યમકાલીન આવે છે.

મેષ કે વૃશ્ચિક રાશિમાં લગ્ન હોય તો અને મંગળ અષ્ટમાં હોય તો મૃત્યુનું પ્રમાણ અને ષષ્ટમાં હોય રોગોનું, તૃતીયમાં હોય તો અપઘાતનું પ્રમાણ વધે છે. પાપગ્રહ જતાં જતાં ખરાબ ફળ આપે છે. સ્વકુંડળીમાં જો ગ્રહણ પાપગ્રહી ઉપર હોય તો ગંડાંતર યોગ થાય છે.

## લાહેરી અનુસાર લગ્ન કાઢવાની રીત

૧) ભારત, લંકા, નેપાળ અને ભૂતાન આ સૌનો સ્ટેન્ડર્ડ સમય એક જ છે. પાનું નં. ૧૦૦ થી ૧૦૭ સુધી ભારતના બધા મુખ્ય શહેરો A, B, C, D ના અનુક્રમ પ્રમાણે આપેલા છે. તે નગરની સામે પ્રાંતના નામ આપેલા છે. અક્ષાંશ રેખાંશ રેખાન્તર અને રેખાંતર ઉપરના સંસ્કાર આ ચાર ખાના છે.

**પ્રથમ :** ગામનું નામ લખી અક્ષાંશ, રેખાંશ, રેખાંતર અને રેખાંતર સંસ્કાર આ ચાર બાબતો લખવી.

ઉદા. નાસિક (મહારાષ્ટ્ર) અક્ષાંશ ૨૦, ૨, રેખાંશ ૭૩, ૫૦, રેખાંતર ૩૪ મિ - ૪૦ સે અને રેખાંતર સંસ્કાર ૦, ૧૦ સે છે પછી ઈષ્ટ તારિખ લખવી. પાનું નં ૨ અને ૩ ઉપર ઈષ્ટ મહિનાના ઈષ્ટ તારિખનો સાંપત્તિક સમય આપવામાં આવેલ એ પાનું નં ૪ ઉપર ઈષ્ટ વરસનો સાંપત્તિક સમય આપવામાં આવેલ છે.

ઉદા. ૩/૧૦/૯૩ બપોર ૧ ક - ૧૫ મિ. પાનુ નં ૨ પ્રમાણે ૩/૧૦ નો સાંપત્તિક સમય ૧૨/૪૬/૦૧ છે અને પાનું નં. ૪ પ્રમાણે ૯૩ સાલનો સાંપત્તિક સમય ૦/૦૧/૫૨ છે આ બન્ને ની બેરીજ કરતા ૧૨/૪૭/૫૩ આ ઈષ્ટ તારિખનો **સાંપત્તિક સમય થયો હવે લાહીર રીતિ પ્રમાણે ૧૨ કલાક પછી અને બપોરે ૧૨ કલાકની અંદર એમ બે પ્રકારે ગણિત** કરવું પડે છે. આપનો ઈષ્ટ સમય ૧ ક - ૧૫ મિ. બપોરે ૧૨ કલાક પછીનો હોવાથી નીચે પ્રમાણે ગણિત કરવું.

| | | |
|---|---|---|
| ૧/૧૫/૦૦ | | હવે પાન નં. ૫ ઉપર કલાક ઉપર સંસ્કાર છે. |
| /૩૪/૪૦ | રેખાંતર | ત્યાં ૪૨ મિ. ઉપર + ૭ સેકન્ડ છે તે ઉમેરવા. |
| ૦/૪૦/૨૦ | | |
| + ૭ | | **પછી સાંપત્તિક સમયમાં ઈષ્ટ સમય આવેલો ઉમેરવો** |
| ૦/૪૦/૨૭ | | |
| ૧૨/૪૭/૫૩ | | |
| ૧૩/૨૮/૨૦ | | **હવે આવેલી સાંપત્તિક સમય ઈષ્ટ અક્ષાંક્ષ ઉપર લેવા** |
| + ૬ | રેખાંતર સંસ્કાર | પાન નં. ૩૧ અનુસાર |
| ૧૩/૨૮/૨૬ | | |

તદનુસાર :

| | |
|---|---|
| ૮/૧૯/૬ | |
| + ૭ | કલા (૨૫ સેકન્ડની) |
| ૮/૧૯/૧૩ | |
| - ૪૬ | પાનું નં ૬ પ્રમાણે આવેલ અયનાંશ |
| ૮/૧૮/૨૭ | સ્પષ્ટ લગ્ન આવ્યું |

**જો ઈષ્ટ સમય બપોરે ૧૨° કલાક પહેલા હોય તો સ્ટાન્ડર્ડ ટાઈમ રેખાંતર. જે સમય આવે તો ૧૨° કલાકમાંથી બાદ કરવો પછી જે સમય આવે એની ઉપર સમય સંસ્કાર પાનુ નં. ૫ પ્રમાણે કરવો. આવેલ સમય સાંપત્તિક સમયમાંથી બાદ કરવો. હવે જો સાંપત્તિક સમય ઓછો હોય તો તેમાં ૨૪ કલાક ઉમેરી જે સમય આવે તે ઈષ્ટ અક્ષાંશ ઉપર જોવું બાકી બધુ પૂર્વવત જાણવું.**

**(૧) બપોરે ૧૨ થી રાત્રે ૧૨ ક = + કરવું**
**રાત્રે ૧૨ થી બપોરે ૧૨ ક = - કરવું**